પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 14 NOVEMBER, 2025 Vol. 23, No. 44 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



આતંકીઓનો 26 જાન્યુ.એ લાલ કિલ્લો ઉડાડવાનો 'મનસૂબો'

PAGE NO. 14



પેરુમાં વાનને ટક્કર વાગતાં બસ 200 મીટર ઊંડી ખીણમાં ખાબકી, 37 મુસાફરોના મોત

PAGE NO. 16

### 43 દિવસના શટડાઉનથી $14 બિલિયનના નુકસાનનો અંદાજ, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ફંડિંગ બિલ પસાર કર્યું

# યુએસના ઇતિહાસના સૌથી લાંબા શટડાઉનનો અંત

## બિલના પક્ષમાં 222 અને વિરોધમાં 209 મત પડ્યા, રજા પર ઉતારી દેવાયેલા 6,70,000 સરકારી કર્મચારીઓ કામ પર પરત ફરશે

**વોશિંગ્ટન**

યુનાઈટેડ સ્ટેટ્સના ઈતિહાસમાં સૌથી લાંબા ગવર્મેન્ટ શટડાઉનને અંત આવવા જઈ રહ્યો છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે બુધવારે એક કામચલાઉ ફંડિંગ બિલ પસાર કર્યું હતું. બિલના પક્ષમાં 222 અને વિરોધમાં 209 મત પડ્યા હતાં, આ બીલને હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર માટે મોકલી આપવામાં આવ્યું છે. ટ્રમ્પ ટૂંક સમયમાં આ બિલ પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે. આ બિલથી લશ્કરી બાંધકામ, નિવૃત્ત સૈનિકોની બાબતો, કૃષિ વિભાગ અને કોંગ્રેસ માટે આ નાણાકીય વર્ષ સુધી ફંડ મળી, જ્યારે બાકીના સરકારી વિભાગને જાન્યુઆરીના અંત સુધી ભંડોળ મળશે.



43 દિવસથી સુધી ચાલી રહેલા શટડાઉનને કારણે થયેલા નાણાકીય નુકશાનનો અંદાજ હજુ લગાવવામાં આવી રહ્યો છે, પરંતુ અહેવાલ મુજબ કોંગ્રેસનલ બજેટ ઓફિસે આર્થિક વૃદ્ધિમાં લગભગ $14 બિલિયનના નુકસાનનો અંદાજ લગાવ્યો છે. નોંધનીય છે કે શટડાઉન લાગુ થયા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રએ હજારો ફેડરલ કર્મચારીઓની છટણી કરી હતી. આ બિલ પસાર થતા જાન્યુઆરી સુધી ફેડરલ કર્મચારીઓને છટણી કરવામાં નહીં આવે છે અને કર્મચારીઓને પગારની ચુકવણી કરવામાં આવશે. રજા પર ઉતારી દેવામાં આવેલા લગભગ 6,70,000 સરકારી કર્મચારીઓ કામ પર પરત ફરશે. આ ઉપરાંત પગાર વિના કામ કરી રહેલા એટલા જ કર્મચારીઓને વળતર મળશે. કૃષિ વિભાગ માટે ભંડોળ મળતા કે મુખ્ય ખાદ્ય સહાય યોજના પર આધાર રાખતા લોકોને બાકીના નાણાકીય વર્ષ દરમિયાન કોઈ અવરોધ વિના લાભ મળતા રહેશે.

યુએસ સેનેટમાં આ બીલ સોમવારે પસાર કર્યું હતું, કેટલાક ડેમોક્રેટ્સે તેને સમર્થન આપ્યું હતું. બીલમાં ડેમોક્રેટિક પાર્ટી દ્વારા માંગ કરવામાં આવેલી મુખ્ય હેલ્થ કેર ખર્ચ જોગવાઈને બાદ કરવામાં આવી છે.

# પુણે પાસે ટ્રકે 25 વાહનોને ટક્કર મારતાં લાગી આગ, 8 લોકોના દાઝી જતા મોત

**પુણે**

મહારાષ્ટ્રના પુણેના નવલે બ્રિજ પર ગુરુવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં આઠ લોકોના મોત થયા હતો, જ્યારે 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ દુર્ઘટના સતારા-મુંબઈ લેન પર સેલ્ફી પોઈન્ટ પાસે થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, બે મોટા કન્ટેનર ટ્રક એકબીજા સાથે ધડાકાભેર અથડાયા અને તેમની વચ્ચે એક કાર ફસાઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારમાં બેઠેલા લોકો બહાર નીકળી શક્યા નહોતા. ટક્કર બાદ બંને ટ્રકોમાં તુરંત આગ લાગી ગઈ, જેના કારણે આખી કાર પણ બળીને રાખ થઈ ગઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ફસાયેલા પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ પર કાબૂ મેળવ્યા બાદ બચાવ અભિયાન શરૂ કરાયું છે. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પુણે પોલીસે જણાવ્યું કે, આ અકસ્માતમાં આશરે આઠ જેટલા વાહનો અથડાયા છે.

ઘટનાને નજરે જોનારાઓએ અકસ્માતને ભયાનક ગણાવ્યો છે. ટક્કરના કારણે વાહનોના ફુરચા ઉડી ગયા હતા અને બ્રિજ પર લગભગ ચાર જગ્યાએ વાહનો એકબીજાને અથડાયા હતા. પોલીસે જણાવ્યું કે, અકસ્માતના કારણોની તપાસ ચાલી રહી છે. જોકે, પ્રાથમિક તપાસમાં સંકેત મળ્યો છે કે, એક ટ્રકના બ્રેક ફેઈલ થવાને કારણે 25 જેટલા વાહનોને ટક્કર માર હતી.



**ટક્કર એટલી જોરદાર હતી કે કારમાં બેઠેલા લોકો બહાર નીકળી શક્યા નહોતા અને કારમાં જ ભડથુ થઇ ગયા હતા**





# શેખ હસીના સામેના આરોપોના ચુકાદા પહેલાં વ્યાપક રમખાણો

### ઢાકા ગાઝીપુર, બ્રહ્મન બારિયા શહેરોમાં સંપૂર્ણ હડતાળ

**ઢાકા**


ભારતમાં રાજ્યાશ્રય લઈ રહેલાં બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ વડાપ્રધાન સામે બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસનાં નેતૃત્વ નીચે સરકારે તઓ ઉપર મનઘડંત આક્ષેપો મુકી ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલમાં અનેકાનેક કેસો દાખલ કર્યા છે. જેમાં માનવ હત્યાઓ અને દેશ વિરૂદ્ધ ષડયંત્રો કરવાના સૌથી વધુ ગંભીર આરોપો સમાવિષ્ટ છે. તે અંગે તા. ૧૭મી નવેમ્બરે ચુકાદો આવવાના છે. પરંતુ બાંગ્લાદેશની જનતા પણ જાણે છે કે આ આક્ષેપો ઊભા કરાયેલા છે. શેખ હસીના તેઓનાં પિતાશ્રી બંગ બંધુ શેખ મુજબ ઉર રહેવાની સ્થાયેલી આવામી લીગનાં નેતા છે. તેઓએ ઢાકા ઉપરાંત, ગાઝીપુર, બ્રહ્મમન બારિયા જેવાં શહેરોમાં વ્યાપક રમખાણો શરૂ કરી દીધાં છે. તેમાં જનતા પણ જોડાણી છે. કારણ કે તેઓને ખાતરી છે કે ત્યાં કોર્ટો પણ સરકારની કઠ પુતળી છે. રમખાણોએ ક્રૂડ બોમ્બ તેમજ મોલોટોપ કોકટેઈલ સાથે પોલીસ તથા બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડઝનો સામનો કરી રહ્યા છે. ટીયર ગેસના ટોટા સામે ભીનો કપડાંથી પોતાને બચાવી રહ્યા છે. બ્રાહ્મન બારિયામાં રમખાણકારો મોહમ્મદ યુનુસે શરૂ કરેલી ગ્રામીણ બેજુની શાખામાં ઘૂસી ગયા હતા અને તેનાં ફર્નીચર તથા લેજર્સ વગેરેને આગ ચાંપી દીધી હતી.

ઢાકામાં રમખાણકારોએ કેટલીયે બસો અટકાવી તેમાં રહેલા કોમ્પ્યુટર્સ (પેસેન્જર્સ)ને ઉતારી બસોને આગ ચાંપી દીધી હતી. ઢાકા મૈમાન સિંઘ હાઈવે ઉપર પણ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટની બસોને અટકાવી પેસેન્જર્સને ઉતારી બસોને આગ ચાંપી દીધી હતી.









# કેનેડામાં સરદાર પટેલની 150મી જન્મજયંતીની રંગેચંગે ઉજવણી

## મહાનુભાવોએ સરદાર પટેલનું જીવન, રાષ્ટ્રના એકીકરણમાં તેમના યોગદાન અને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના સંદેશ પર પ્રકાશ પાડ્યો









**માર્ખહામ**

સનાતન મંદિર માર્ખહામ (ટોરોન્ટો ) કેનેડા ખાતે ભારતના સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે એક સુંદર મજાનો ઉત્સાહસભર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોમ્યુનિટીના લોકો તથા જાણીતા કાઉન્સિલર્સ, MPP, MP, CGI જાણીતા ઉદ્યોગપતિઓ , મીડિયાના લોકો અને સમાજના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને બંને દેશોના રાષ્ટ્રગીતોથી થઈ હતી. ત્યારબાદ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને સ્મરાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મુખ્ય કાર્યક્રમમાં વક્તાઓએ સરદાર પટેલનું જીવન, રાષ્ટ્રના એકીકરણમાં તેમના યોગદાન અને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના સંદેશ પર પ્રકાશ પાડ્યો હતો. શરૂઆતમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંત સંતોષમુનીદાસના આશીર્વચન અને પેરણાદાયક માર્ગદર્શન અને કાર્યક્રમ દરમિયાન કલાકારો દ્વારા દેશભક્તિ ગીતો, સંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. જેમાં મોટાભાગના રાજ્યોના વિવિધ નૃત્યની પ્રસ્તુતિ સાથે લોકોમાં રાષ્ટ્રીય એકતાની ભાવનાને ઉજાગર કરવા પ્રયાસ કરાયો હતો. વિવિધતામાં એકતાનો સંદેશ આપતા વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. સરદાર પટેલની ડોક્યુમેન્ટ્રી દર્શાવી દેશની આઝાદીમાં તેમને આપેલા યોગદાનને લોકો સમક્ષ રજુ કરીને બિરદાવવામાં આવ્યું હતુ.

### કલાકારો દ્વારા દેશભક્તિ ગીતો, સંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા, સરદારના આદર્શોનું અનુસરણ કરવાનો સંકલ્પ

સવૃમંગલસ્વામી, ડો. જગદીશભાઈ ત્રિવેદી, સંજયભાઈ જોષીના વિડીયો સંદેશ રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, સરદાર પટેલ ટ્રસ્ટના અધ્યક્ષ દિનશા પટેલ, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન વગેરે મહાનુભાવોએ મોકલાવેલા શુભેચ્છાઓનો ઉલ્લેખ કરાયો હતો. સમાપન પ્રસંગે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતા પ્રતિજ્ઞા લીધી અને સરદાર પટેલના આદર્શોનું અનુસરણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમના સફળ આયોજન બદલ તમામ સહયોગી સંસ્થાઓ, મીડિયા, સ્પોન્સોરસ, સાયોના ફૂડસ, ટીમ કાર્તિક અને સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ 24 ગામ પાટીદાર સમાજ, IFA તેમજ સનાતન મંદિરના સહયોગથી યોજવામાં આવ્યો હતો.


# માર્ખહામમાં વાહનો સામસામે અથડાતાં થયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત

## અન્ય એકને ગંભીર ઈજા : ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી

**માર્ખહામ**

યોર્ક રિજનલ પોલીસ કહે છે કે, સોમવારે સાંજે માર્ખહામમાં થયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થવા ઉપરાંત અન્ય એકને ગંભીર ઈજા પહોંચી હતી. પોલીસે સોમવારે X ઉપર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે ફોક્સવેગન અને હોન્ડા વચ્ચેનો અકસ્માત રીસર રોડ અને 16મા એવન્યુ પર થયો હતો. ઘટનાની જાણ થતાં સાંજે સાડા પાંચ વાગ્યે પોલીસ સ્થળ પર પહોંચી હતી.

જે બાદ પેરામેડિક્સ બંને ડ્રાઈવરોને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં 61 વર્ષીય વ્યક્તિને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. જો કે, બીજો, 50 વર્ષીય વ્યક્તિ હજુ પણ હોસ્પિટલમાં છે. યોર્ક રિજનલ પોલીસ કહે છે કે, સોમવારે સાંજે થયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે અને બીજો એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ હોવાથી સારવાર હેઠળ છે.



SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news


# ભજન સંધ્યા કલચરલ ગ્રુપ દ્વારા દિવાળીનું સ્નેહ મિલન

## વિવિધ ભાવસભર ગીત, સંગીત, નૃત્ય, હાસ્ય સંવાદ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોએ રંગત જમાવી










સ્કારબોરો : દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે ભજનસંધ્યા કલચરલ ગ્રુપ ઓફ કેનેડા [BCGC] દ્વારા શનિવાર તારીખ ૨૫ ઓક્ટોબર 2025ના રોજ સ્નેહ મિલનનું આયોજન શ્રી દુર્ગા મંદિર, સ્કારબોરો ખાતે કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના અને કેનેડા તથા ભારતના રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભજનસંધ્યા ગ્રુપના કેનેડાવાસી ગુજરાતી સભ્યોના બાળકો અને પરિવારજનો દ્વારા દિવાળી તથા વિવિધ પ્રકારના ભાવસભર ગીત, સંગીત, નૃત્ય, હાસ્ય સંવાદ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોનું ખુબજ સુંદર રજુઆત કરવામાં આવી હતી. પારંપરિક વેશભૂષામાં સજ્જ થઈ બાળકોથી માંડી મોટેરાઓ દ્વારા દિવાળીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. અવનવી સ્ટાઈલમાં ફોટા અને સેલ્ફી પડાવતા અને હસી મજાક, મોજ મસ્તીનો માહોલ છેલ્લે સુધી છવાઈ રહ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભજનસંધ્યા ગ્રુપના સભ્યો તથા કલાકૃતિ ડાન્સ એકેડમીના કલાકારોએ પરંપરાગત તેમજ આધુનિક રંગોથી ભરપૂર રજૂઆતો દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ એકબીજાને દિવાળી/નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી પ્રીતિભોજનમાં ભાગ લીધો હતો. જે બાદ રાસ ગરબા રમી આનંદમય માહોલમાં કાર્યક્રમનું સમાપન કરાયું હતુ. આ પ્રોગ્રામ સંચાલન રચના દવે તથા વિપુલ ઠક્કર, સાઉન્ડ અને મ્યુઝિક વ્યવસ્થા દિનેશ પટેલ, તૃષિત પટેલ અને કૌશિક શાહ, ફોટો બૂથ તથા ઈવેન્ટ ફોટોગ્રાફી મેહુલ શાહ અને વીડિયોગ્રાફી અનંગ દવે, સ્ટેજ સેટઅપ અને ફોટોબૂથ ડેકોરેશન Pink Magnolia Eventsના હર્ષ ઠક્કર દ્વારા કરવામાં આવ્યુ હતું.

ભજનસંધ્યા કલ્ચરલ ગ્રુપ ઓફ કેનેડા તરફથી સૌ ભારતીયોને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવાઈ હતી. “જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત” આ કવિતામાં ગુજરાતીઓ માટે કહેવામાં આવેલો એક એક શબ્દ સાચો સાબિત કરતા હોય તેમ, દરેક તહેવારને ધામધૂમથી ઉજવતા ભજન સંધ્યા કલચરલ ગ્રુપ ઓફ કેનેડાના પરિવારજનો દર મહિને ટોરોન્ટોમાં ભેગા મળી ભજન, મહાશિવરાત્રી, હોળી-ધૂળેટી, હનુમાન જયંતિ, જન્માષ્ટમી, ગણેશોત્સવ, દિવાળી, કેમ્પિંગ, પિકનિક, નવરાત્રી તથા વિવિધ ઉત્સવોની ઉજવણી કરે છે.

### દિવાળી જેવો ઉત્સવ આખા વર્ષ માટે આપણને જોમ અને ઉત્સાહનું ભાથુ બાંધી આપે છે : વિપુલ ઠક્કર

તમામ સભ્યો, મહેમાનો, કલાકરો તથા મિત્રો નો આભાર વ્યક્ત કરતા વિપુલ ઠક્કરે જણાવ્યું હતું કે, તહેવારો સાંસ્કૃતિક સુમેળનું વાતાવરણ બનાવે છે અને ઉત્સવો ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. આપણી સંસ્કૃતિ આપણે સાચવવી જોઈએ. તહેવારો આપણા જીવનમાં આનંદ લાવે છે. તેઓ આપણને આપણા સંસ્કૃતિ અને પરંપરાઓને યાદ અપાવે છે અને આપણને અન્ય લોકો સાથે જોડવામાં મદદ કરે છે. દિવાળી એ એવો ઉત્સવ છે કે, જેની ઉજવણી માણસને આખા વર્ષના જોમ અને ઉત્સાહનું ભાથું બાંધી આપે છે. આપણે આગામી વર્ષો માં વધુ સારા સાંસ્કૃતિક પ્રોગ્રામો કરીશું.

# રજાઓ નજીક આવતાં જ કેનેડિયનો ખર્ચ કરવામાં ‘સાવધ’ બન્યા : બેંક ઓફ કેનેડા

**ટોરોન્ટો**

બેંક ઓફ કેનેડાને અપેક્ષા છે કે કેનેડિયનો વર્ષના બીજા ભાગમાં પૈસા ખર્ચવા અંગે ‘સાવધ’ રહેશે, આ આગાહી અન્ય લોકોએ ચેતવણી આપ્યા પછી આવી છે. આ દસ્તાવેજ બેંક ઓફ કેનેડાના ગવર્નરો વચ્ચેની વાટાઘાટોનો સારાંશ આપે છે જેના કારણે વ્યાજ દરમાં ફરીથી ઘટાડો કરવાનો સૌથી તાજેતરનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઓક્ટોબરમાં, બેંકે વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો બીજો ઘટાડો કર્યો હતો. જેના કારણે તેનો રાતોરાત દર 2.25 ટકા થયો હતો. આ વર્ષે કેનેડામાં ગ્રાહક ખર્ચ મોટાભાગે સ્થિતિસ્થાપક હતો અને વસંતથી હાઉસિંગ શરૂ થવા અને પુનર્વેચાણ બંનેમાં વધારો થયો હતો. જ્યારે નાણાકીય પરિસ્થિતિઓ ખર્ચ માટે અનુકૂળ છે, ત્યારે કેનેડિયનો તેમની નોકરી ગુમાવવા અંગે ચિંતિત છે, યુએસ ટેરિફ દ્વારા સીધા લક્ષ્યાંકિત અર્થતંત્રના ક્ષેત્રો, જેમ કે ઓટોમોબાઈલ્સ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને લાકડા, સૌથી વધુ અસર પામ્યા છે.

ગયા મહિને પ્રકાશિત થયેલા PwC દ્વારા એક અહેવાલમાં દર્શાવવામાં આવ્યું હતું કે, સરેરાશ, કેનેડિયનોએ કહ્યું હતું કે, તેઓ એક વર્ષ પહેલા કરતા 10 ટકા ઓછા ખર્ચ કરવાની યોજના બનાવી રહ્યા છે, જેમાં 81 ટકા ઉત્તરદાતાઓએ ઓછા ખર્ચની તરફેણ કરી હતી. કેટલાક રિટેલર્સે નોંધ્યું છે કે ગ્રાહકો મૂલ્ય, ડિસ્કાઉન્ટ અને એકંદરે નીચા ભાવ શોધી રહ્યા છે.






તંત્રી સ્થાનેથી

# રાજધાની દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટ ભારતમાં હવે વ્હાઈટ કોલર ટેરર



તંત્રી - સ્વદેશ

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કાર વિસ્ફોટની ઘટનામાં 13 લોકોના મોત અને 20થી વધુને ગંભીર ઈજાની ઘટનાથી આખા દેશમાં ખળભળાટ મચી ગયો છે. દિલ્હીમાં સોમવારે સાંજે થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, આસપાસના વિસ્તારોમાં પણ તેની વ્યાપક અસર થઈ હતી. દુકાનો, મકાનો અને ઈમારતો ધ્રુજી ગયા હતા. ઘણા કિ.મી દૂર સુધી આ વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. જુલાઈમાં પહેલગામની ઘટના બાદ 6 મહિનામાં જ થયેલા આ આતંકવાદી હુમલાએ કેન્દ્ર સરકારને સીધો જ પડકાર ફેંક્યો છે. ધડાકાને કારણે મોતને ભેટેલા અને ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં હિંદુ મુસ્લિમો સામેલ હતા. આ બ્લાસ્ટ પાછળ જૈશ-એ-મોહંમદ (જેઈએમ) ના એક નવા વાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલનો હાથ છે. આ મોડ્યુલમાં પાકિસ્તાની હેન્ડલર્સના સીધા સંપર્કમાં હતા એવા ડોકટરો, પ્રોફેસરો અને મહિલા સભ્યો સામેલ હતી. મુખ્ય આરોપી ડોક્ટર ઉમર મોહમ્મદ એક કટ્ટરપંથી ડોક્ટરોના ગુપ્ત નેટવર્ક સાથે સંકળાયેલો છે. ફરિદાબાદમાં જમ્મુ-કાશ્મીર તથા ફરિદાબાદ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ૨૯૦૦ કિલો વિસ્ફોટકો જપ્ત થતાં ડોક્ટર ઉમર ગભરાઈ ગયો અને આ ડરમાં તેની પાસેના વિસ્ફોટકો સાથે ભાગવા જતા લાલ કિલ્લા નજીક વિસ્ફોટ થયો હોવાની શક્યતા છે.

દિલ્હીમાં થયેલા વિસ્ફોટ બાદ કાશ્મીર ઘાટીમાં સુરક્ષાદળો દ્વારા તપાસ અભિયાન વધુ આક્રમક બનાવી ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરાઈ છે. પોલીસે જે સ્થળોએ દરોડા પડાયા તે પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલા છે. બીજી તરફ 10મી નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે, હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે 100 ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો. ફરિદાબાદમાં થયેલી કાર્યવાહીમાં છ ડોક્ટરોને ઝડપી લેવાયા છે. જેમાં ડો. ઉમલ ગુલ નબી ડાર, ડો. આદિલ અહેમદ, ડો. મુઝમ્મિલ ગનઈ, મહિલા ડોક્ટર શાહીન શાહીદનો સમાવેશ થાય છે. જ્યારે ડો. ઉમરના મિત્ર ડો. સજ્જાદ અહમદ માલાની પુલવામાથી અટકાયત કરાઈ હતી. આ બધા જ ડોક્ટર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામમાં 'રેડિકલ ડોક્ટર ગ્રુપ' નામની ચેનલ સાથે જોડાયેલા હતા. આતંકી ગેંગનો મનસુબો માત્ર દિલ્હીમાં વિસ્ફોટ કરવાનો જ નહીં, પરંતુ 26 જાન્યુ.એ લાલ કિલ્લો ઉડાડવો તથા અન્ય 4 મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો. લાલ કિલ્લા ઉપરાંત ઈન્ડિયા ગેટ, કોન્સ્ટિટયૂશન ક્લબ અને ગૌરીશંકર મંદિર પણ તેમના નિશાના પર હતા. દેશના અનેક શહેરોમાં વિસ્ફોટ કરવાનું કાવતરું હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આતંકીઓ ૨૦૦થી વધારે આઈઈડી સહિતના બોમ્બ બનાવી રહ્યા હતા. યોજના માટે લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓને યોજના સાથે જોડવામાં આવ્યા હતા. આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં 32થી પણ વધુ કારનો ઉપયોગ કરી હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રુપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાની હતી. પરંતુ તેઓની આ મોટી યોજના નિષ્ફળ ગઈ છે. .

આ કેસમાં જમ્મુ-કાશ્મીર પોલીસે બ્લાસ્ટ કેસના આરોપી ડૉ. મુજમ્મિલ શકીલ ગનીની બહેન ડૉ. અસમત શકીલની પણ ધરપકડ કરી છે. 30 વર્ષિય અસમત શકીલે જાન્યુઆરી-2025માં બાંગ્લાદેશમાં MBBSનો અભ્યાસ પૂરો કર્યો હતો. તેમના પિતાનું નામ શકીલ અહ ગનઈ છે, જે પુલવામાનો રહેવાસી છે. ડૉ.મુજમ્મિલની પહેલા જ ધરપકડ કરી લેવામાં આવી છે, તે જૈશ-એ-મોહમ્મદ અને એજીયુએચ નામના આતંકવાદી સંગઠનોના મોડ્યુલ સાથે સંબંધ ધરાવતો હતો. પોલીસે દિલ્હી કાર બ્લાસ્ટની તપાસ હેઠળ ડૉ.મુજમ્મિલ શકીલ ગનીના મોબાઈલ ફોનના ડેટાની તપાસ કરતા ખુલાસો થયો કે, મુજમ્મિલે જાન્યુઆરીમાં લાલ કિલ્લા વિસ્તારની અનેક વખત રેકી કરી હતી. પોલીસને આશંકા છે કે, તેણે અગાઉ 26 જાન્યુઆરીએ લાલ કિલ્લાને ટાર્ગેટ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. જો કે, તે વખતે લાલ કિલ્લા પાસે ભારે પેટ્રોલિંગ હોવાના કારણે તેનું કાવત્રું નિષ્ફળ ગયું હતું.

પોલીસના મતે ફરીદાબાદ ખાતે અલ-ફલાહ યુનિવર્સિટીથી જોડાયેલા ત્રણ ડોક્ટરોએ આ ષડયંત્રમાં ભાગ લીધો હતો અને તેઓ સ્વિસ એપ 'થ્રીમા'ના માધ્યમથી એકબીજા સાથે સંપર્કમાં હતા. આરોપી ડોક્ટરોએ સુરક્ષિત વાતચીત અને પોતાની ઓળખ છુપાવી રાખવાના ઉદ્દેશ્યથી એક ખાનગી 'થ્રીમા' સર્વર તૈયાર કર્યું હતું. આ સર્વરનો ઉપયોગ કથિત રીતે દિલ્હી બ્લાસ્ટના ષડયંત્રથી જોડાયેલા ગુપ્ત દસ્તાવેજો અને નકશાઓને શેર કરવા માટે થયો હતો. આ કેસમાં ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીનું નામ સામે આવતા એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝે (AIU)યુનિવર્સિટીની સદસ્યતા તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે

મામલાની ગંભીરતાને જોતા વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS)ની મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં બ્લાસ્ટને આતંકવાદી ઘટના ગણાવી હતી. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, આ ઘટના જઘન્ય અપરાધ છે. કેન્દ્ર સરકારે કહ્યું કે, દોષિતોની જલ્દી ઓળખ કરાશે. મોડું કર્યા વગર દોષિતો વિરૂદ્ધ કાર્યવાહી કરાશે. મહત્વની બાબત એ છે કે, પહેલગામના હુમલા સમયે ધર્મ પુછીને 27 લોકોની નિર્મમ હત્યા કરાઈ હતી. જે પછી ભારે ઓપરેશન સિંદુર કરીને ભારતે પાકિસ્તાનમાં રહેતા કેટલાક આતંકીઓનો સફાયો કરી નાંખ્યો હતો. જ્યારે આ દિલ્હીમાં પીડિતોમાં દરેક કોમના લોકો છે. એટલે કે વખતે આતંકીઓનો ઈરાદો ધડાકો કરીને લોહીની નદી વહેવડાવવાનો હતો. જો કે, ભારતીયોના સદનસીબે આતંકીઓ તેના મોટા મિશનમાં સફળ થઈ શક્યા નથી. અગાઉ ખુદ વડાપ્રધાન મોદીએ સિઝફાયર સાથે પાક. અને આતંકીઓને ચેતવણી પણ આપી હતી કે, હવે પછી ભારતમાં ફરી આતંકવાદી હુમલો થયો તો તેનો જવાબ આ રીતે જ લશ્કરી ભાષામાં પાકિસ્તાન પર આક્રમણ કરીને આપવામાં આવશે. મોદીના હુંકારને બરાબર છ મહિના થયા છે. ત્યાં દિલ્હીમાં આતંકવાદી હુમલાની ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે, ભારત ગમે તે કરે અને ગમે તે બોલે પણ અમે સુધરવાના નથી, અમે ભારતમાં આતંકવાદ ફેલાવવાનું ચાલુ રાખીશું. ભારતના નિર્દોષ નાગરિકોની હત્યાઓ કરવાનું ચાલુ રાખીશું. હવે દિલ્હીની ઘટના બાદ ભારત સરકાર કેવું વલણ અપનાવે છે તે તરફ દેશવાસીઓની મીટ મંડાઈ છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# સુરતમાં મહિલા RFO પર સોપારી આપી કરાવાયું ફાયરિંગ

## કૌટુંબિક વિખવાદને કારણે આરટીઓ ઈન્સ્પેક્ટર એવા પતિએ જ યોજના ઘડી, આરોપીને શોધવા 1000 સીસીટીવી ફુટેજ તપાસાયા

સુરત : શહેરમાં ફરજ બજાવતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) સોનલ સોલંકી પર ફાયરિંગ કરવાના સનસનાટીપૂર્ણ કેસમાં પોલીસે 2 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસથી બચવા માટે મુખ્ય આરોપી અને તેના સાગરીતે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 2500 કિલોમીટર સુધીનો પ્રવાસ કર્યો હતો.

સુરત શહેર વન ભવન ખાતે ફરજ બજાવતા RFO સોનલ સોલંકી સવારે પોતાના બાળકને કારમાં લઈને શાળાએ મૂકવા જઈ રહ્યા હતા. આ દરમિયાન કામરેજ તાલુકાના વાવ-જોખા રોડ પર એક અજાણ્યા ઈસમે તેમની કાર ઉભી રખાવી હતી. કોઈ પણ જાતની વાતચીત વગર, તેણે નજીકથી સોનલબેનના કાન અને નાકની વચ્ચે



ગોળી ધરબી દીધી હતી અને તુરંત સ્થળ પરથી ભાગી ગયો હતો.

લોહીલુહાણ અને બેભાન હાલતમાં સોનલબેનને સ્થાનિકો દ્વારા પ્રથમ કામરેજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, પરંતુ તબિયત નાજુક જણાતા તેમને સુરત શહેરની મોટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તપાસમાં ગોળી હોવાનું સામે આવતાં સમગ્ર સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી.

પોલીસની ઝીણવટભરી તપાસમાં સામે આવ્યું કે, RFO સોનલ સોલંકી અને તેમના પતિ નિકુંજ ગૌસ્વામી વચ્ચે છેલ્લા લાંબા સમયથી કૌટુંબિક વિખવાદ ચાલી રહ્યો હતો અને બંનેએ એકબીજા વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. ઘટના બાદ નિકુંજ ગૌસ્વામીનો સંપર્ક ન થતાં તે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. સોનલ સોલંકીના પરિવારે નિકુંજ ગૌસ્વામી પર જ હુમલાનો અંજામ આપ્યાની શંકા વ્યક્ત કરી હતી. નિકુંજને ઝડપવા માટે પોલીસે 7 જેટલી ટીમો બનાવી હતી. આરોપીને ટ્રેક કરવા માટે જોખાથી નાસિક અને સુરતથી સાપુતારા સુધીના 1000થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. આ ફૂટેજમાં નિકુંજ ગુજરાત રાજ્યની બહાર ભાગી ગયો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ પકડાઈ જશે અને સખત કાર્યવાહી થશે તેવા ડરથી નિકુંજ ગૌસ્વામી ઘટનાના 6 દિવસ બાદ સુરતની કઠોર કોર્ટમાં સરેન્ડર કરવા પહોંચ્યો. જોકે કોર્ટે અરજી નકારતા તે બહાર નીકળ્યો કે તરત જ પોલીસે તેને દબોચી લીધો હતો. ગણતરીની મિનિટોમાં જ ગોળી મારનાર અન્ય ઈસમને પણ પોલીસે ઝડપી પાડ્યો હતો. કડક પૂછપરછમાં બંને આરોપીઓએ ગુનો કબૂલ્યો હતો. નિકુંજ ગૌસ્વામીએ કબૂલ્યું કે કૌટુંબિક વિખવાદને કારણે તેણે પોતાના મિત્ર ઈશ્વરપૂરી માગુપીરી ગૌસ્વામીને સોનલ સોલંકીની હત્યાની સોપારી આપી હતી અને ફૂલ પ્રૂફ પ્લાન ઘડ્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી 15મીએ સુરત આવશે અંત્રોલીમાં બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેશે

**સુરત**

ભારત દેશના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અમદાવાદથી મુંબઈની બુલેટ ટ્રેનનો પ્રારંભ પ્રાથમિક ધોરણે સુરતથી બીલીમોરા સુધીનો કરવામાં આવશે. આ માટે તમામ તૈયારીઓને ઓપ આપવામાં આવી રહ્યો છે. સુરતમાં અંત્રોલી ખાતે બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવાની હાલમાં કામગીરી ચાલી રહી છે. જ્યારે સમગ્ર પ્રોજેક્ટમાં હાલમાં ટ્રેક તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે.

બુલેટ ટ્રેનની કામગીરી ઝડપી થાય તે માટે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રથમ વખત બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લેવામાં આવશે. જેમાં સુરત ખાતે તેઓ અંત્રોલીના બુલેટ ટ્રેન સ્ટેશન સાથે બુલેટ ટ્રેનની ચાલી રહેલી કામગીરીનું તા.15મી નવેમ્બરના રોજ નિરીક્ષણ કરશે. નરેન્દ્ર મોદી સુરત એરપોર્ટ પર ઉતરશે, જ્યારે અંત્રોલીનું બુલેટ ટ્રેનનું સ્ટેશન એરપોર્ટથી 24 કિ.મી. દૂર છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના અંત્રોલી ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાતે આગામી તા. 15 નવેમ્બરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના છે.

# સાયખા GIDCમાં વિકરાળ આગ લાગી : કંપનીમાં બોઈલર બ્લાસ્ટ થતાં 3 શ્રમિકોના મોત, 24 ઈજાગ્રસ્ત

## આગને કારણે આસપાસની 4 કંપનીઓ સુધી અસર, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

**ભરૂચ**

ભરૂચ જિલ્લાના સાયખા જીઆઈડીસી ખાતે આવેલી વિશાલ્યકરની ફાર્માકેમ કંપનીમાં મંગળવારે રાત્રે લગભગ 2.30 વાગ્યાની આસપાસ એક ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. કંપનીના બોઈલરમાં અચાનક પ્રચંડ બ્લાસ્ટ થતાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં 3 શ્રમિકોના મૃત્યુ નીપજ્યા છે, જ્યારે આસપાસની કંપનીઓના કામદારો સહિત 24 લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાત્રિના સમયે થયેલો આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો, જેના કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. બ્લાસ્ટની તીવ્રતા એટલી હતી કે તેની અસર આસપાસ આવેલી 4 થી 5 અન્ય કંપનીઓ પર પણ પડી હતી અને તેમના સ્ટ્રક્ચરને પણ નુકસાન થયું હતું.

આગની આ વિકરાળ ઘટનામાં આસપાસની કંપનીઓના કામદારો અને સિક્યુરિટી સ્ટાફ મળી કુલ 24 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

# નવસારીમાં SMCની ટીમ ઉપર ગોળીબાર હોટલમાં રેડ દરમિયાન ઘર્ષણ; 4ની ધરપકડ

## એકને પગમાં ગોળી વાગી, આરોપીઓ કુખ્યાત ગેંગ સાથે સંકળાયેલા હોવાનો દાવો

**નવસારી**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, શાર્પશૂટર ગેંગના સભ્યો હથિયારોની આપ-લે કરવા માટે બીલીમોરાની એક હોટેલમાં રોકાયા છે. SMCની ટીમ અને અન્ય એજન્સીઓ આ ઈસમોને ઝડપવા માટે હોટલ પર પહોંચી હતી. પોલીસે ઘેરાબંધી કરતા જ ગેંગના ઈસમોએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો. જોકે, પોલીસે પણ પરિસ્થિતિને કાબૂમાં લેવા અને સ્વ-બચાવ માટે વળતો ફાયરિંગ કર્યો હતો. પોલીસ દ્વારા કરાયેલા ફાયરિંગમાં હથિયારો આપવા આવેલા પાંચ ઈસમો પૈકીના એક શખસને પગના ભાગે ગોળી વાગી હતી. ઈજાગ્રસ્ત આરોપીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે અન્ય ચાર આરોપીઓને પોલીસ ટીમે ઘટનાસ્થળેથી જ ઝડપી પાડ્યા હતા. આરોપીની ઓળખ હરિયાણાનો યશ સિંહ, મધ્ય પ્રદેશનો રિષભ શર્મા, રાજસ્થાનનો મનિષ અને મદાન કુંવાત તરીકે થઈ છે. ઘટનાની ગંભીરતાને જોતા સ્ટેટ મોનિટરિંગ સેલ ઉપરાંત નવસારી જિલ્લાની અન્ય પોલીસ એજન્સીઓ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક તારણ મુજબ, ઝડપાયેલા આ ઈસમો કુખ્યાત ગેંગ સાથે સંકળાયેલા છે. બાબરા પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અધિકારીઓ જણાવ્યું કે, ઝડપાયેલા ઈસમો પાસેથી ત્રણ દેશી બનાવટની પિસ્તોલ અને 27 જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત આરોપીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# અંકલેશ્વરમાં ડુપ્લીકેટ માર્કશીટ બનાવવાના દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ, 1 પકડાયો

**અંકલેશ્વર**

કોમ્પ્યુટર ક્લાસીસની આડમાં ચાલતા ડુપ્લીકેટ માર્કશીટ સર્ટીફિકેટ બનાવવાના દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ થયો છે.

ભરુચ એસ.ઓ.જી. પોલીસે અંક્લેશ્વરમાંથી કોમ્પ્યુટર, ડુપ્લીકેટ માર્કશીટો સહિત રૂ.45 હજારના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે દિલ્હીના અન્ય એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરુચ એસ.ઓ.જી.ટીમ ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર વિસ્તારમા પેટ્રોલીંગમાં હતી, દરમ્યાન બાતમી મળી કે, જયેશભાઇ પ્રજાપતિ નામનો ઈસમ અંકલેશ્વર હેપ્પી કોમ્પ્લેક્ષમાં રોયલ એકેડમી કોમ્પ્યુટર ક્લાસિસ ખાતે ક્લાસીસની આડમાં ગેરકાયદેસર રીતે ધોરણ-૧૦,૧૨ તથા આઈ.ટી.આઈ. ના ડુપ્લીકેટ માર્કશીટ/સર્ટીફીકેટ બનાવી આપે છે. જે માહિતીના આધારે રેડ કરતા પકડાયેલા આરોપી જયેશ પ્રજાપતિના ક્લાસિસમાંથી દિલ્હી બોર્ડ ઓફ સિનિયર સેકેન્ડરી એજ્યુકેશન ક્લાસિસ દિલ્હી સહિત વિવિધ ઈન્સ્ટિટયૂટ તથા એકેડેમીના અલગ અલગ 21 જેટલા ડુપ્લીકેટ માર્કશીટ/સર્ટીફિકેટો મળી આવ્યા હતા.

# નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન ગુમ બારડોલીના પર્વતારોહક પિતા-પુત્રીના મૃતદેહ મળી આવ્યા

**બારડોલી**

બારડોલી તાલુકાના કડોદના રહેવાસી જિગ્નેશ પટેલ અને તેમની પુત્રી પ્રિયદર્શિનીએ 14મી ઓક્ટોબરે કડોદથી પોતાનો પ્રવાસ શરૂ કર્યો હતો. 17મી ઓક્ટોબરે સુનોલી સરહદ પાર કરીને કાઠમંડુ પહોંચ્યા હતા. 18મી ઓક્ટોબરે બસ મારફતે બસીશેર થઈને તેઓ મનાંગ ગયા હતા.



બે દિવસ હોટલમાં રોકાયા પછી તેઓ 21મી ઓક્ટોબરના રોજ સવારે 6 વાગ્યે અન્નપૂર્ણા પર્વત-3 માટેનો તેમનો ટ્રેક શરૂ કર્યો હતો. આ દરમિયાન જિગ્નેશ પટેલે તેમની પત્ની જાગૃતિબેનને જાણ કરી હતી કે, તેઓ 10 દિવસમાં એટલે કે 30મી અથવા 31મી ઓક્ટોબરે પાછા ફરશે. 26મી ઓક્ટોબરથી બીજી નવેમ્બર દરમિયાન મનાંગ અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલી ભારે હિમવર્ષા આ પિતા-પુત્રી માટે અવરોધરૂપ બની. હિમવર્ષાને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા, જેના કારણે તેમનું પરત ફરવું અશક્ય બન્યું હતું અને પરિવાર સાથેનો તેમનો સંપર્ક પણ તૂટી ગયો હતો. પિતા-પુત્રી બરફમાં દટાઈ જતા મોતને ભેટ્યા હતા. બે દિવસ બાદ મૃતદેહ મળતાં ભારત મોકલી અપાયા હતા.

MATRIMONIAL
BRIDE WANTED

» Karan, 30 yrs, 5’7”, IT Graduate, working in Toronto with reputable IT company (Work Permit, Apply for PR in March 2026).
» Modh Vanik Vaishnav Vania, vegetarian, non-smoker, family-oriented.
» Seeks educated, smart Gujarati Hindu girl, age 26–32, with good values.

: Contact :
Uncle – 416-846-8002

વરકન્યા જોઈએ છે

» ટોરોન્ટો ખાતે વસવાટ કરનાર કરણ, ઉંમર ૩૦ વર્ષ, ઉંચાઈ ૫’૭’’, આઈ.ટી. ગ્રેજ્યુએટ, પ્રતિષ્ઠિત આઈ.ટી. કંપનીમાં નોકરી (માર્ચ ૨૦૨૬ના PR કાર્ડ માટે અરજી કરેલ છે).
» જાતિ - મોઢ વાણિક વૈષ્ણવ વાણિયા, શુદ્ધ શાકાહારી, ધુમ્રપાન મુક્ત, કુટુંબપ્રેમી.
» શિક્ષિત અને સંસ્કારી ગુજરાતી હિન્દુ કન્યા (ઉંમર ૨૬ થી ૩૨) જોઈશે.

: સંપર્ક :
કાકા - 416-846-8002

# ‘હું સસ્તો રાજકારણી નથી, કોણ ખાડા પાડે છે બધી ખબર છે’ : નીતિન પટેલના નિવેદનથી ગરમાવો

## કડી ખાતે આયોજિત ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં નીતિન કાકાના ચાબખા

કડી

ભાજપ દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું એક નિવેદન ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. કડી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મંચ પરથી જ નીતિન પટેલે પોતાની આગવી શૈલીમાં પક્ષના જ ધારાસભ્ય, મંત્રીમંડળ અને વ્યવસ્થા પર આડકતરા ચાબખા માર્યા હતા, જેનાથી રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. નીતિન પટેલે સ્પષ્ટ શબ્દોમાં કડીના સ્થાનિક રાજકારણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ‘ધારાસભ્ય બહાર ગામના છે, હું બહાર ગામનો નથી. હું કડીને 50 વર્ષથી ઓળખું છું.’

નીતિન પટેલે એક પછી એક એવા નિવેદનો કર્યા જે સીધા જ વર્તમાન વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા હતા. સ્થાનિક નેતૃત્વ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે ‘કડીને 50 વર્ષથી ઓળખું છું, કોણ ખાડા પાડે છે, કોણ પૂરે છે, તેની બધી ખબર છે.’ તેમણે કાર્યકરોને ચેતવણી આપતાં કહ્યું, ‘મને છેતરતા નહીં, એમને છેતરજો.’

તેમણે ગ્રાન્ટ અને ભ્રષ્ટાચારનો ઈશારો કરતાં કહ્યું હતું કે ‘અત્યારે તો એટલી બધી ગ્રાન્ટો આવે છે કે સભ્યોને ક્યાં વાપરવી. સાચું કામ કરો તો ઠીક... બાકી ક્યાં જતું રહે તે તો ભગવાન જાણે. હોદાથી કશું નથી થતું, વ્યક્તિથી થાય છે, કહીને તેમણે પોતાનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ‘હું સસ્તો કે મફતિયો રાજકારણી નથી.’

# ગાંધીનગરમાં IT ત્રાટકી, નેતા સંજય ગજેરાના ઘર સહિત 3 ઠેકાણે દરોડા

ગાંધીનગર

દેશના ટોપ-10 કમાણી કરતા પક્ષોમાં ગુજરાતના પાંચ પક્ષોનો સમાવેશ થાય છે, જે પૈકી ભારતીય નેશનલ જનતા દળ રૂ. 957 કરોડની આવક સાથે ટોચ પર છે. આ જ પક્ષના સ્થાપક સંજય વિઠ્ઠલભાઈ ગજેરાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને બુધવારે વહેલી સવારે ઈન્કમ ટેક્સની ટીમે દરોડા પાડ્યા છે.

જે પક્ષોને ચૂંટણીમાં ખૂબ ઓછા મત મળે છે, તેમને ‘રજિસ્ટર્ડ અમાન્ય’ પક્ષો કહેવાય છે. આ પક્ષો ચૂંટણી પંચમાં રજિસ્ટર્ડ હોય છે, પરંતુ ઓછા મતોને કારણે માન્યતા પ્રાપ્ત ગણાતા નથી. છેલ્લા પાંચ વર્ષમાં યોજાયેલી બે લોકસભા અને એક વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના આવા પાંચ પક્ષોને કુલ 17 ઉમેદવાર ઊભા રાખવા છતાં માત્ર 22 હજાર મત મળ્યા હતા.

ADRના રિપોર્ટ મુજબ, 2019-20 થી 2023-24 દરમિયાન આ 5 પક્ષોની કુલ આવક રૂ. 2316 કરોડ છે, જ્યારે એક વર્ષની સરેરાશ આવક રૂ. 1158 કરોડ છે. સૌથી વધુ કમાણી કરનાર ‘ભારતીય નેશનલ જનતા દળ’ના સ્થાપક સંજય વિઠ્ઠલભાઈ ગજેરા ગાંધીનગરના નિવાસ સ્થાને બુધવારે વહેલી સવારે ઈન્કમ ટેક્સના અધિકારીઓની પાંચ ગાડીઓ સાથેની ટીમે દરોડો પાડ્યો હતો.

# કપડવંજ પાસે પીકઅપ વાન પલટી જતાં 2 મજૂરોના મોત, 15 ઈજાગ્રસ્ત

ખેડા

ખેડા જિલ્લાના કપડવંજ નજીક આલમપુરા પાસે આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મજૂરોને લઈ જતી એક પીકઅપ વાનના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે પીકઅપ વાન રસ્તા પર પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં વાનમાં સવાર 2 મજૂરોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત, અન્ય 15 વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને 108 એમ્બ્યુલન્સનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે કપડવંજની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. હજુ સુધી મૃતકોની ચોક્કસ ઓળખ થઈ શકી નથી, જે અંગે પોલીસ તપાસ કરી રહી છે. કપડવંજ પોલીસે આ મામલે ગુનો નોંધીને અકસ્માત કેવી રીતે થયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ બતાવીને નિવૃત્ત સિનિયર સિટીઝન સાથે રૂ.30 લાખની ઠગાઈ

## વેબસાઈટની લિંક મોકલી દરરોજ 10 થી 15 ટકા નફો મળવાની લાલચ આપી હતી

વડોદરા

માંજલપુરમાં રહેતા 61 વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝન એક બોગસ રોકાણ યોજનાનો ભોગ બન્યા છે. સાયબર ઠગોએ તેમને નકલી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં ફસાવીને રૂ. 30 લાખની છેતરપિંડી કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, 16 મે, 2025ના રોજ પીડિતને વોટ્સએપ પર “કંગના શર્મા” નામની વ્યક્તિનો મેસેજ મળ્યો હતો. આ વ્યક્તિએ પોતાને ‘નુવામા વેલ્થ’ કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટ તરીકે ઓળખાવી હતી અને યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ સ્કીમ્સમાં રૂ. 5 લાખના રોકાણ પર દરરોજ 10 થી 15 ટકા નફો મળવાની લાલચ આપવામાં આવી હતી. ત્યારબાદ પીડિતને એક વેબસાઈટની લિંક મોકલી તેમાં રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. ઠગોએ બોગસ SEBI સર્ટિફિકેટ મોકલી પીડિતનો વિશ્વાસ જીત્યો અને પોતાના બેંક ખાતા નંબર આપી પૈસા ટ્રાન્સફર કરવા જણાવ્યું. 18 મેના રોજ પીડિતે કુલ રૂ. 30 લાખ RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. વેબસાઈટ પર પીડિતનું બેલેન્સ દર્શાવવામાં આવ્યું હતું અને ઠગોએ ‘વરુણ બેવરેજિસ’ના શેરમાં ટ્રેડ દર્શાવી, પોર્ટફોલિયો રૂ. 36.96 લાખ સુધી પહોંચ્યાનું જણાવ્યું હતું.

# BCAની સભામાં ભારે હોબાળો : સત્યમેવ જયતે ટીમ દ્વારા સત્તાપક્ષ સામે ગેરરીતિના આક્ષેપ

## સવાલોના જવાબ ન મળતાં અને ચર્ચા વગર કામો મંજૂર કરી દેવાતા નારાજગી

વડોદરા

બરોડા ક્રિકેટ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં ચર્ચા વગર એજન્ડાને બહુમતીના જોરે મંજૂર કરાતા સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા વહીવટમાં ગેરરીતિના આક્ષેપ સાથે ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. બરોડા ક્રિકેટ એસોસિએશનની એજીએમમાં સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. એજીએમમાં સવાલોના જવાબ ન મળતાં અને એજન્ડા પર ચર્ચા




કર્યા વગર મંજૂર કરી દેવાતા ભારે નારાજગી દર્શાવતી હતી. એજીએમ બાદ બીસીએ પ્રમુખ પ્રણવ અમીન અમીને નિવેદનમાં કહ્યું હતું કે, બહુમતીથી તમામ એજન્ડા આજે મંજૂર કરાયા છે. કોટંબી ક્રિકેટ મેદાનમાં 342 કરોડનો ખર્ચ નથી કર્યો, માત્ર 204 કરોડનો ખર્ચ કર્યો છે. તેની સામે સત્યમેવ જયતે ગ્રુપના દર્શન બેંકર અને જતીન વકીલનું કહેવું હતું કે, આજની એજીએમ ગેરબંધારણીય, ચૂંટણી જાહેર નથી કરી. 3/4 મેજોરિટી ના હોવા છતાં બંધારણમાં બદલાવ કર્યો જેને અમે પડકારીશું. 39 પ્રશ્નોમાંથી માત્ર 4 ના જવાબ આપ્યા છે. 10 લાખથી વધુના ખર્ચ આજદિન સુધી વેબસાઈટ પર મૂક્યા નથી.

# બનાસકાંઠાના બે ભાઈઓ દ્વારા ગરીબ ખેડૂતોના નામે 247 કરોડનો ફ્રોડ કરાયું

બનાસકાંઠા

જિલ્લામાં એક ચોંકાવનારો સાયબર ફ્રોડ કેસ સામે આવ્યો છે, જેમાં ગરીબ અને ઓછા ભણેલા ખેડૂત તેમજ મજૂરોના નામે 24 બેંક ખાતા ખોલાવીને માત્ર બે વર્ષમાં 247 કરોડ રૂપિયા દુબઈ મોકલવાની વાત સામે આવી છે.

સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે આ 24 ખાતા પર નજર રાખી અને તેમાં દરેકમાં 10થી 15 કરોડના વ્યવહારો જોઈને તપાસ શરૂ કરી હતી. જે બાદ દિલીપ અને શૈલેષ નામના આ બે ભાઈઓને પકડવામાં આવ્યા છે. શંકાસ્પદ ખાતા સામે દેશભરમાંથી લગભગ 542 ફરિયાદો નોંધાઈ છે. બંને ભાઈ પોતાનું 1 થી 3 ટકા કમિશન લઈને પૈસા ટ્રાન્સફર કરતા હતા. બંને ભાઈઓ પૈસાની લાલચ આપીને ખેડૂતોને બેંક ખાતું ખોલાવવા તૈયાર કરતા, પછી નવા સિમ કાર્ડ ખરીદીને પોતાની પાસે રાખતા. ખાતું ખુલ્યા પછી ચેકબુક, ડેબિટ કાર્ડ અને પાસબુક પોતાની પાસે રાખી લેતા. થર્ડ પાર્ટી એસએમએસ ફોરવર્ડિંગ એપનો ઉપયોગ કરીને ઓટીપી અને મેસેજ સીધા દુબઈમાં બેઠેલા ઠગને મોકલાતા, જેથી ખાતાધારકને કંઈ ખબર ન પડે. આ કૌભાંડમાં દુબઈમાં બેઠેલા સાગર નામના વ્યક્તિનું નામ સામે આવ્યું છે, જે મુખ્ય સૂત્રધાર છે.

# વડોદરામાં ભાજપને ફટકો: પૂર્વ કરજણ શહેર ઉપપ્રમુખ AAPમાં જોડાયા

પટના

શહેરમાં ભાજપને મોટો ફટકો પડ્યો હતો. પૂર્વ કરજણ શહેર ઉપપ્રમુખ હિરેનસિંહ સિંઘા આમ આદમી પાર્ટીમાં સામેલ થયા હતા. તેમની આપમાં વડોદરા જિલ્લા પ્રમુખ તરીકે નિમણૂક કરાઈ હતી. આ ઉપરાંત તેમણે કહ્યું, ભાજપના જુના કાર્યકરોની અવગણના કરવામાં આવી રહી છે અને પાર્ટીની વિચારધારા બદલાઈ રહી છે. જેથી ભાજપ છોડીને આપમાં સામેલ થયો છું. આ ઉપરાંત હિરેનસિંહ સિંઘાએ કહ્યું, જુના કાર્યકરોની દરેક વખતે અવગણના કરવામાં આવે છે. આગળ વધવાનો કોઈ ચાન્સ આપવામાં આવતો નથી. પ્રજાનું કોઈ કામ થતું નથી. હું 2005થી ભાજપનો કાર્યકરો હતો. 2007માં કોર્પોરેશનની ચૂંટણી લડ્યો હતો.

# વડોદરા : 20 વર્ષથી માતા શોધતી હતી તે પુત્ર મળ્યો તો ખરો, પણ મૃત હાલતમાં

## મંદિર પાસેથી મળેલી લાશના ખિસ્સામાંથી ડાયરી મળતાં ઓળખ થઈ

વડોદરા

ગોરવા વિસ્તારમાં બે દિવસ પહેલાં મળેલા પૌઢના મૃતદેહને ઓળખવામાં પોલીસને સફળતા મળી છે.જેને ઓળખનાર માતાની કરુણ કથની કઠણ કાળજાને કંપાવી મૂકે તેવી છે. ગોરવાના દશામા મંદિર પાસે ગઈ તા.૮મીએ મોડી સાંજે પોલીસને એક પૌઢનો મૃતદેહ મળ્યો હતો. જેથી તેનું પોસ્ટમોર્ટમ કરાવતાં ખિસ્સામાંથી ડાયરી મળી હતી અને તેના પરથી પોલીસને મરનારનું નામ શૈલેન્દ્ર રમેશભાઇ પંચાલ (અણમોલ નગર, ગોરવા) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ તેના પરિવારજનોની તપાસ માટે પહોંચી ત્યારે મૃતકની માતા ધર્મિષ્ઠાબેન પંચાલે પુત્રને ઓળખી બતાવ્યો હતો. મરનાર શૈલેન્દ્ર ૨૦ વર્ષ પહેલાં એપોલો કંપનીમાં નોકરી પર ગયા બાદ પરત ફર્યો નહતો.જેથી માતા અને ભાઈ ઉપેન્દ્ર લાંબા સમયથી તપાસ કરતા હતા. દરમિયાનમાં કોવિડ દરમિયાન ઉપેન્દ્રનું પણ મોત નીપજ્યું હતું. બીજો પુત્ર લાંબા સમયે મળ્યો અને તે પણ મૃત અવસ્થામાં મળતાં માતા પર આભ તૂટી પડયું હતું.

# વડોદરામાં 11 મહિના બાદ વેપારીના બીજા પુત્રએ પણ દીક્ષા લઈ લીધી

વડોદરા

ડેરા પોળમાં રહેતા અને અગરબત્તીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીના બીજા પુત્રએ પણ દીક્ષા લીધી લીધી છે. ૧૧ મહિના પહેલા મોટા પુત્રએ દીક્ષા લીધા બાદ બીજા પુત્રએ દીક્ષા લેતા અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડોદરાથી મોટી સંખ્યામાં જૈનો સામેલ થયા હતા. રાજમહેલ રોડ સ્થિત ડેરાપોળમાં રહેતા ચિરાગભાઇના પત્ની નૂતનબહેન મરાઠી છે અને દંપતીએ નાનપણ થી બંન્ને સંતાનોને સારા સંસ્કાર આપ્યા હતા. તેમને સંતાન માં બે દીકરા જ છે, જે પૈકી મોટો દીકરો શ્રીરાજે ૧૧ મહિના પહેલા પાલીતાણામાં દીક્ષા લીધી હતી અને હવે આજે નાનો દીકરો અનુજ પણ મોટાભાઈના પગલે અમદાવાદ પાલડી ખાતે ભાગવતી પ્રવજ્યા ગ્રહણ કરી છે.

# અમરેલીમાં સાળાએ મિત્રો સાથે મળી કુહાડીથી બનેવીના પગ કાપતાં મોત

## બંને પગને કોથળામાં ભરીને હોસ્પિટલ લાવવામાં આવ્યા

**અમરેલી**

જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. સાળાએ 12 મિત્રો સાથે મળી કુહાડીના ઘા મારી બનેવીના પગ કાપી નાંખ્યા હતા. યુવકના શરીરથી અલગ થયેલા બંને પગને કોથળામાં ભરીને હોસ્પિટલ સુધી લાવવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન યુવકનું મોત થયું હતું. બનાવના પગલે ચકચાર મચી ગઈ હતી.

અમરેલીના અરજણસુખ ગામમાં રહેતાં ભરતભાઇ નામના સગાને ત્યાં ગોંડલના દિશેનભાઈ સોલંકી નામનો યુવક આવ્યો હતો. જ્યાં તેમના સાળા સહિત કેટલાક લોકોએ અંગત અદાવતમાં જીવલેણ હુમલો કરી કુહાડીથી પગ કાપી નાખતા દિનેશભાઇને સારવાર અર્થે અમરેલી બાદ રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન દિનેશભાઇનું મોત થયું હતું.

હુમલાખોરોએ દિનેશભાઈ સોલંકી પર કુહાડી જેવા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો, જેના કારણે તેના બંને પગ શરીરથી કપાઈને અલગ થઈ ગયા હતા. પીડિત યુવકને ગંભીર અને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવકના શરીરથી અલગ થયેલા બંને પગને કોથળામાં ભરીને હોસ્પિટલ સુધી લાવવામાં આવ્યા હતા.

આ ગંભીર બનાવની જાણ થતાં જ ડીવાયએસપી ચીરાગ દેસાઈ સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. આ જીવલેણ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. જોકે, પ્રાથમિક તપાસમાં આ હુમલો કૌટુંબિક કારણોસર થયો હોવાનું મનાઈ રહ્યું છે. હાલ પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને હુમલાખોરોને પકડવા અને હુમલા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી હતી.

# પાટડીના ખારાઘોડામાં પ્રેમસંબંધના મનદુઃખમાં યુવક પર ફાયરિંગ

**સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના ખારાઘોડા ગામમાં ફાયરિંગની ગંભીર ઘટના બની છે. ખારાઘોડા સ્ટેશન નજીક દવાખાના પાસે થયેલા આ ફાયરિંગમાં ગામના એક યુવકને ગંભીર ઈજા પહોંચી છે. પોલીસના પ્રાથમિક અહેવાલ મુજબ આ ફાયરિંગની ઘટના પાછળ પ્રેમસંબંધના મનદુઃખનું કારણ છે. ખારાઘોડા ગામના સિરાજખાન જતમલેક નામના શખ્સે તેની પ્રેમિકા સાથેના ઝઘડાના મનદુઃખના કારણે, ગામના સલાભાઈ નામના યુવક પર બાર બોરની બંદૂક વડે ફાયરિંગ કર્યું હતું.ફાયરિંગ થતાં જ સલાભાઈ ઘટનાસ્થળે ઢળી પડ્યા હતા. બંદૂકથી થયેલા ફાયરિંગને કારણે યુવક સલાભાઈને પેટ અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. યુવકને પ્રાથમિક સારવાર માટે પાટડીની સરકારી હોસ્પિટલ લઈ જવાયા બાદ, વધુ સારવાર અર્થે વિરમગામની શિવ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

# એક દિકરીનું મોત, માતા હોસ્પિટલમાં, પરિવારે બીજી દીકરીના લગ્ન કરાવ્યા

## માતાની ઈચ્છા અનુસાર પ્રસંગ સાથે ભાવવિભોર દ્રશ્યો

**રાજકોટ**

રાજકોટમાં એક અકસ્માતે એક સમૃદ્ધ દંપતીનું એકનું એક સંતાન છીનવી લીધું હતું. આ અકસ્માતમાં કોટેચા દંપતીનું એકનું એક સંતાન ધ્રુવી મૃત્યુ પામી હતી જ્યારે માતા દર્શનાબહેન હજુ આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. જોકે તેમની જ ઈચ્છાના પગલે પતિ દેવાંગ કોટેચા અને પરિવારે ધ્રુવીને દુલ્હનની જેમ શણગારી અંતિમ વિદાય આપી હતી, ત્યારે ખૂબ જ ભાવુક દશ્યો સર્જાયા હતા.

રોજ સ્કૂલ વેનમાં જતી ધ્રુવીને સાતમી નવેમ્બરે અમુક કારણોસર માતા દર્શના પોતાના ટુ-વ્હીલરમાં સ્કૂલેથી લેવા ગયા હતાં. હજુ સ્કૂલેથી થોડે જ દૂર આમ્રપાલી સુધી પહોંચ્યા ત્યાં એક પુરપાટ આવતી કારે બન્નેને જોરદાર ટક્કર આપી હતી અને તેઓ ખૂબ જ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સારવાર દરમિયાન જ રવિવારે ધ્રુવીનું મોત નિપજ્યું હતું જ્યારે માતા હજુ પણ આઈસીયુમાં છે અને તેમણે



ઘણી સર્જરીમાંથી પસાર થવું પડશે, તેવી માહિતી ડોકટરો પાસેથી મળી હતી.

માતા તો દીકરીને અંતિમ વિદાય આપવા આવી શકી ન હતી, પરંતુ તેની ઈચ્છા અનુસાર ધ્રુવીના હાથ અને પગના કંકુછાપા લેવામાં આવ્યા હતા અને દીકરીને શણગારીને વિદાય કરી હતી. આ તમામનું વીડિયો રેકોર્ડિંગ દીકરીની યાદ તરીકે કરવામાં આવ્યું હતું. તેમના નિવાસ્સથાને આવેલા તમામ માટે આ અસહ્ય એવા દશ્યો હતા. આ ઘટના બાદ કારચાલક કૃતિકા શેઠ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૬૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જામનગરમાં જરૂર ન હોવા છતાં 53 દર્દીઓની કાર્ડિયાક પ્રોસીજર

### કુલ 105 કેસમાં ગેરરીતિ; ડૉક્ટર સસ્પેન્ડ, 6 લાખનો દંડ, રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને પારદર્શક બનાવવા પ્રયત્નશીલ છે : આરોગ્ય મંત્રી

**જામનગર**

ગુજરાતના આરોગ્ય વિભાગે સરકારી યોજનાઓમાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત કડક કાર્યવાહી હાથ ધરી છે. આ જ શ્રેણીમાં જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટને 'પી.એમ.જે.એ.વાય.-મા' યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન કરવા બદલ અને ગેરરીતિ આચરવા બદલ તાત્કાલિક અસરથી યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવી છે.



રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, 'જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા કરવામાં આવેલા કુલ 105 કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ જણાઈ આવતા હોસ્પિટલને 6 લાખ રૂપિયાથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. હોસ્પિટલ દ્વારા PMJAYના બે કેસમાં લેબોરેટરી રિપોર્ટમાં અને ચાર કેસમાં ECG રિપોર્ટમાં છેડછાડ કરી લાભાર્થીઓને કાર્ડિયાક પ્રોસીજરની જરૂરિયાત હોવાનું ખોટી રીતે દર્શાવવામાં આવ્યું હતું.'

રાજ્યકક્ષાએથી આ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલા કુલ 262 કેસની તપાસ કરાવતા તેમાંથી 53 કેસમાં વિસંગતા જોવા મળી હતી, જેમાં જરૂર ન હોય તેવા કેસમાં પણ કાર્ડિયાક પ્રોસીજર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ ગેરરીતિમાં સામેલ હોવાના કારણે ડૉક્ટર સામે પણ કડક પગલાં લેવાયા છે. આરોગ્ય મંત્રી પાનશેરિયાએ જણાવ્યું હતું કે, 'JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટના ડો. પાર્શ્વ વ્હોરા (G-28538) દ્વારા કાર્ડિયોલોજી અને કાર્ડિઓવાસ્ક્યુલર થોરાસિક સર્જરીમાં કરવામાં આવતી ક્ષતિના કારણે તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.'

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સ્પષ્ટતા કરી હતી કે, 'રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. પી.એમ.જે.એ.વાય.-મા યોજના એ ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે.'

## ભારતી આશ્રમના મહાદેવગીરી બાપુ સાણથલીથી ઘર છોડીને ચાલ્યા ગયા

**જુનાગઢ**

ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવગીરી બાપુ ફરી એકવાર અચાનક ગુમ થઈ જતાં ચકચાર મચી ગઈ છે. જસદણના સાણથલી ગામે પોતાના પરિવાર સાથે રહેતા મહાદેવ ભારતી વહેલી સવારે કોઈને પણ જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગયા હતા, જેના પગલે પરિવારજનોમાં ફરી ચિંતાના વાદળો છવાયા છે.

ઉલ્લેખનીય છે કે મહાદેવગીરી બાપુએ થોડા દિવસો પહેલાં જ એક સ્યુસાઈડ નોટ લખી હતી, જેમાં તેમણે આશ્રમના આંતરિક ડખા અને વિવાદો અંગે ચોંકાવનારા આક્ષેપ કર્યા હતા. આ નોટ લખીને તેઓ ગુમ થઈ ગયા હતા.

આ ઘટના બાદ પોલીસે સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને તેઓ ઈટાવા ઘોડી વિસ્તારમાંથી અશક્ત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તુરંત તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં સારવાર લીધા બાદ તેમને રજા આપવામાં આવી હતી.

આ સમગ્ર વિવાદ દરમિયાન ભારતી આશ્રમના ગુરુ હરિહરાનંદબાપુએ મહાદેવગીરી બાપુ સામે કડક પગલાં લેતા તેમને તમામ હોદ્દા પરથી હટાવી દીધા હતા.

## શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં તેજીનો આશાવાદ ઓક્ટોબર માસમાં અલંગમાં 16 શિપ બીચ થયાં

### મે-2025 માં માત્ર 4 શિપ આવ્યા બાદ 5 મહિનામાં શિપની સંખ્યા ચાર ગણી વધી

**ભાવનગર**

અલંગના શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં ધીમી ગતિએ વૃદ્ધિ જોવા મળી રહી છે. મંદીના માહોલની સ્થિતિ વચ્ચે ચાલુ વર્ષે મે મહિનામાં શિપની સંખ્યા નિરાશાજનક હતી. પરંતુ તે બાદથી શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં ધીમી ગતિએ વૃદ્ધિ જોવા મળી તે પછીના પાંચ માસમાં શિપની સંખ્યા ચાર ગણી વધીને આ સંખ્યા ઓક્ટોબરમાં ૧૬ થઈ છે. છેલ્લા ૧૦ મહિનામાં અલંગમાં આવેલા



શિપની સંખ્યા ૧૦૬ થઈ છે.

ચાલુ વર્ષે મે મહિના અલંગમાં સૌથી ઓછા માત્ર ૪ શિપ આવ્યા હતા. પરંતુ તે બાદથી અલંગ શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં ધીમી ગતિએ વૃદ્ધિ જોવા મળી અને તે પછીના પાંચ માસમાં શિપની સંખ્યા ચાર ગણી વધી અને ઓક્ટોબર માસમાં અલંગમાં ૧૬ શિપ બીચ થયાં અને આ સાથે વર્ષ-૨૦૨૫માં અલંગમાં આવેલા શિપની સંખ્યા ૧૦૦ને પાર થઈ છે. ગત વર્ષ-૨૦૨૪માં અલંગમાં ૧૧૦ શિપ આવ્યા હતા. જેની સરખામણીએ ચાલુ વર્ષ-૨૦૨૫ના છેલ્લા ૧૦ માસમાં કુલ ૧૦૬ શિપ આવ્યા છે.

## 52.59 લાખની ગેરરીતિ બદલ ગોંડલના પૂર્વ ધારાસભ્યના પુત્ર સામે કાર્યવાહીનો આદેશ

### મંડપ-સાઉન્ડ સિસ્ટમના બિલ પેટે રૂ. 15,800નું ડબલ ચૂકવણું કરી ગેરરીતિ આચરી

**કોટડા સાંગાણી**

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલી ગહન તપાસ બાદ કોટડા સાંગાણી ગ્રામ પંચાયતના તત્કાલિન ઉપસરપંચ અને ઈન્ચાર્જ સરપંચ અને ગોંડલના પૂર્વ ધારાસભ્યના પુત્ર ધવલભાઈ ચંદુભાઈ વઘાસિયા સામે રૂ. 52,59,200ની જંગી નાણાકીય ગેરરીતિ આચરવા બદલ ફોજદારી કાર્યવાહી કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીના આદેશ બાદ થયેલી તપાસમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની ગેરરીતિઓ સામે આવી છે. પ્રથમ, ગ્રામ પંચાયત દ્વારા 08/03/2022ના રોજ કરવામાં આવેલો 'ફરતો ઠરાવ' મિનિટ્સ બુકમાં નોંધાયેલો ન હોવાથી અને તેમાં સભાસદોની સહીઓ જુદી જણાતા તેને નિયમ વિરુદ્ધ ઠેરવવામાં આવ્યો છે.

બીજું, 15/08/2020 અને 26/01/2021 ની રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં મામલતદાર કચેરી દ્વારા ખર્ચ ચૂકવાયો હોવા છતાં, પંચાયત દ્વારા મંડપ અને સાઉન્ડ સિસ્ટમના બિલ પેટે રૂ. 15,800નું ડબલ ચૂકવણું કરીને નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હતી. સૌથી ગંભીર ગેરરીતિઓમાં વિકાસના કામોમાં મોટું કૌભાંડ જણાયું હતું. 14મા નાણાપંચના વિકાસના 11 કામોમાં કુલ રૂ. 47,43,400 ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર દ્વારા અપાયા ન હોય તેવા નકલી પ્રમાણપત્રો રજૂ કરીને ખોટા સરકારી રેકોર્ડના આધારે નાણાં ઉપાડી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સીસી રોડના કામની રકમની ગેરરીતિ કરવામાં આવી હતી.

## કચ્છના આડેસરમાં પાણીની ટાંકીમાં ડૂબી જવાથી માતા - બે પુત્રીના મોત

**રાપર**

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર ગામે રહેતા રવાભાઈ મકવાણા (આહીર)ના પત્ની રૈયાબેન (ઉ.વ. 28) આજે સવારે 6 વાગ્યાની આસપાસ ઘરકામ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમની 5 વર્ષની દીકરી આરતીબેન અચાનક ઘરના પાણીના ટાંકામાં પડી ગઈ હતી.

પોતાની નજર સામે દીકરીને ડૂબતી જોઈને માતા રૈયાબેન તેને બચાવવા માટે દોડ્યાં હતાં. કમનસીબે તે સમયે તેમના હાથમાં તેમની 3 માસની દીકરી આયુષી પણ હતી. દીકરી આરતીને બચાવવાની પ્રયાસમાં માતા રૈયાબેન 3 માસની આયુષીને લઈને ટાંકીમાં ઉતર્યા હતા, પરંતુ પાણી ઊંડું હોવાથી ત્રણેય તેમાંથી બહાર ન આવી શક્યા અને ડૂબી જવાથી ત્રણેયના કમકમાટીભર્યા મોત થયા હતા. આ ઘટના સમયે રૈયાબેનના પતિ રવાભાઈ એક ખાનગી કંપનીમાં નાઈટ શિફ્ટમાં નોકરીએ હોવાથી ઘરે હાજર ન હતા. મૃતક રૈયાબેનને સંતાનમાં ત્રણ દીકરી હતી. સદનસીબે, તેમની અન્ય એક દીકરી તે સમયે ઘરમાં સૂઈ રહી હોવાથી તેનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

## જામનગરમાં ખેડૂતોને બદલે કૉંગ્રેસ કાર્યકર્તાઓમાં જ આક્રોશ : ફરી જૂથવાદ દેખાયો

**જામનગર**

કૉંગ્રેસ ખેડૂતોની માગણીઓ લઈને ઠેર ઠેર આક્રોશ યાત્રા કાઢી રહી છે, પંરતુ જામનગરમાં પક્ષમાં આંતરિક આક્રોશ જ ફેલાયેલો જોવા મળ્યો હતો. સમર્પણ સર્કલ નજીક યોજાયેલી સભામાં કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના દિગ્ગજ નેતાઓ હાજર હતા. જોકે ત્યાં જ પક્ષોનો આંતરિક વિખવાદ બહાર આવ્યો હતો. સભા ચાલી રહી હતી ત્યારે જ અમુક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સભા છોડી નાસવા લાગ્યા હતા, તેમને સ્થાનિકો દોડી દોડી મનાવી રહ્યા હતા. સભા પૂરી થયા બાદ અમિત ચાવડા પણ કાર્યકરોને મળ્યા હતા. પક્ષમાં આવી નાની-મોટી વાતો બનતી રહેતી હોય છે અને અમે તેને નિવારતા જતા હોઈએ છીએ, તેમ તેમણે જણાવ્યું હતું.

## અમરેલીમાં ગૌવંશ હત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો, 3 આરોપીને આજીવન કેદની સજા

**ગાંધીનગર**


ગૌવંશ હત્યા કેસમાં ગુના માટે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં. આ કેસમાં અદાલતે મંગળવારે 3 આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.

આ ચુકાદા અંગે પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી પોલીસે બાતમીના આધારે ગૌવંશનું કતલ કરીને તેનું વેચાણ કરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ જઘન્ય ગુના બદલ પોલીસે ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ મંગળવારે અમરેલીની નામદાર કોર્ટે ત્રણેય આરોપીઓને ગુનેગાર ઠેરવીને ઐતિહાસિક સજા આજીવન કેદ અને રૂપિયા પાંચ લાખના દંડની સજા ફટકારી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજયમાં વર્ષ 2011માં સૌપ્રથમવાર ગૌવંશના કતલ સામે આ કડક કાયદો અમલમાં આવ્યો હતો. ત્યારબાદ તેને વધુ કડક બનાવવામાં આવ્યો.જેમાં આજીવન કારાવાસની જોગવાઈ ઉમેરાઈ હતી. આ કાયદો ગૌવંશ હત્યા કરનારાઓને સૌથી કડક સજા આપવાની જોગવાઈ સાથે દેશમાં અગ્રેસર છે. જયારે આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે ગૌમાતા સાથે અન્યાય કરનારાઓને રાજ્ય સરકાર સખત હાથે કાયદાકીય પાઠ ભણાવશે.

## જુનાગઢ જિલ્લાના વંથલી ગામે સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે અથડામણ, 2 ઈજાગ્રસ્ત

**જૂનાગઢ**

વંથલી તાલુકાના ટીનમસ ગામે નજીવી બાબતને લઈને બે જૂથો વચ્ચે અથડામણની ઘટના બની છે. રિક્ષા રોકવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં મહિલાઓ પણ સામસામે આવી ગઈ હતી. મળતી માહિતી અનુસાર, ટીનમસ ગામે રિક્ષા રોકવા જેવી સામાન્ય વાત પર એક જ કોમના બે પક્ષના લોકો આમને-સામને આવી ગયા હતા. આ ઝઘડાએ જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. અથડામણ દરમિયાન બંને જૂથના લોકોએ છૂટા હાથે મારામારી કરી હતી, જેમાં મહિલાઓ પણ સામેલ હતી. આ જૂથ અથડામણમાં કુલ બે વ્યક્તિઓને ઈજા થવા પામી છે, જેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.




## હવે પુષ્પાના બે ભાગની સિંગલ ફિલ્મ બનશે

મુંબઇ: 'બાહુબલી' ફિલ્મના બંને ભાગને જોડીને એક સિંગલ ફિલ્મ તરીકે 'બાહુબલી ધી એપિક' ફિલ્મ રીલિઝ કરવામાં આવી છે. હવે આ જ ટ્રેન્ડને આગળ વધારી 'પુષ્પા'ના પણ બે ભાગની એક સિંગલ ફિલ્મ બનાવવાની હિલચાલ શરુ કરાઈ છે. 'બાહુબલી'ની સિંગલ ફિલ્મમાં બંને ભાગના કેટલાંય ગીતો તથા દ્રશ્યોને કાપી નાખવામાં આવ્યાં હતાં. જ્યારે 'પુષ્પા' ફિલ્મ બાબતમાં એવો દાવો તઈ રહ્યો છે કે તેમાં એવું કેટલુંક નવું ફૂટેજ ઉમેરાશે જે બેમાંથી કોઈપણ ભાગમાં સામેલ કરાયું ન હતું. જોકે, 'બાહુબલી ધી એપિક'ની કમાણી વિશ્વભરમાં ૫૦ કરોડ રુપિયા માંડ થઈ છે. તે અપેક્ષા કરતાં ઓછી ગણાય છે.

સ્વદેશ



FRIDAY, 14 NOVEMBER 2025

# અનીતે હોરર કોમેડીમાં કિઆરાની જગ્યા લીધી



મુંબઈ : જયારથી અનીત પડ્ડા અને અહાન પાંડેની 'સૈયારા' આવી ત્યારથી અનીત પડ્ડા જેન ઝીનો નવો ચહેરો બની ગઈ છે. વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ આપ્યા પછી હાલ તે તેની કોલેજની ફાઈનલ એક્ઝામની તૈયારીઓ કરી રહી છે. તેની પરીક્ષાઓ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પુરી થશે. પછી તે મેડોકની 'શક્તિ શાલિની'નું શૂટ શરૂ કરશે.આ અંગે સુત્રોના જણાવ્યા અનુસાર, "આટલી નાની ઉંમરે અનીત આટલી મોટી સફળતા બની ગઈ છે, તે બહુ મોટી વાત છે. તે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં તેની કોલેજની ફાઈનલ પરીક્ષાઓ આપશે. તેના પછી તે દિનેશ વિજાનની શક્તિ શાલિની માટે કામ શરૂ કરશે. તે હાલ પોલિટિકલ સાયન્સમાં બી.એનો અભ્યાસ કરી રહી છે. તે કામ અને અભ્યાસ બંને એકસાથે સારી રીતે મેનેજ કરી રહી છે."અનીત મેડોકની કોઈ ફિલ્મમાં લીડ રોલ કરનારી સૌથી નાની ઉંમરની એક્ટ્રેસ છે, કે માત્ર ૨૨ વર્ષની છે. તેની ફિલ્મ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આ સાથે જ અનીતે આ ફિલ્મમાં કિઆરાને રિપ્લેસ કરી હોવાની વાત પર ફિલ્મના ડિરેક્ટર અમર કૌશિકે સ્પષ્ટતા પણ કરી છે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સની સ્ત્રીથી શરૂઆત કરનાર અમર કૌશિકે જણાવ્યું, "કિઆરા સુંદર કલાકાર છે. કશું જ નક્કી થયું નહોતું, તેથી મને પણ ખબર નથી કે આ બધું કઈ રીતે બહાર આવ્યું. હું તો હંમેશા કિઆરા સાથે કામ કરવા માગું છું. તમે જયારે સ્ટોરી લખો ત્યારે તમારા મનમાં વિચાર હોય છે અને તમે જેમ આગળ વધો તેમ તમને ખ્યાલ આવે છે કે આ પાત્રમાં કોણ ફિટ બેસે છે. જયારે સૈયારા આવી ત્યારે અમે હજુ શક્તિ શાલિની લખી રહ્યા હતા."જયારે કિઆરા આ ફિલ્મ ક્યારેય કરવાની હતી કે નહીં, તે અંગે અમર કૌશિકે કહ્યું, "કોઈ નક્કી થયું નહોતું. એવું કશું જ હતું નહીં.

# દિલ્હી બ્લાસ્ટ : બોલીવૂડ કલાકારો પણ દુ:ખી, પીડિતો માટે વ્યક્ત કરી સંવેદના

દિલ્હીમાં આતંકી ષડયંત્રની ગંભીર આશંકા વચ્ચે એક ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી હતી. 10 નવેમ્બરની સાંજે લાલ કિલ્લાથી માત્ર 300 મીટર દૂર મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં શરૂઆતમાં 8 લોકોના મોત થયા હતા અને જેનો મૃત્યુઆંક આજે વધીને 13 પર પહોંચી ગયો છે. આ દુ:ખદ ઘટના પર સિનેમા જગતના અનેક સ્ટાર્સે દુ:ખ વ્યક્ત કર્યું છે. સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુને દિલ્હી બ્લાસ્ટની ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે. પોતાના X એકાઉન્ટ પર એક્ટરે લખ્યું કે, 'દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલી દુ:ખદ ઘટનાથી હું ખૂબ જ દુ:ખી છું. મારી સંવેદના પીડિતો અને તેમના પરિવાર સાથે છે.' અભિનેતા આમિર ખાનના પ્રોડક્શન હાઉસે પણ દિલ્હી બ્લાસ્ટની ઘટના પર પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું છે. જેમાં 'દિલ્હી બ્લાસ્ટમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે અમે ઊંડી સંવેદના વ્યક્ત કરવામાં આવી છે. એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ ઘટનાથી પ્રભાવિત થયેલા લોકો પ્રત્યે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું છે. અભિનેતા રાજકુમાર રાવે આ ઘટનામાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે દુ:ખ અને સંવેદના વ્યક્ત કરી છે. આ ઉપરાંત અભિનેતાએ વધુ એક સ્ટોરી શેર કરી છે, જેમાં તેમણે તૂટેલા દિલ વાળું ઈમોજી બનાવ્યું છે. ફિલ્મ મેકર અને ફિલ્મ પ્રોડ્યૂસર કરણ જૌહરે તથા અભિનેત્રી હુમા કુરૈશીએ પણ આ ઘટના સાથે સબંધિત એક પોસ્ટને શેર કરતા તૂટેલા દિલ વાળું ઈમોજી બનાવ્યું છે. આ ઉપરાંત દિલ્હી બ્લાસ્ટની ઘટના પર અભિનેત્રી રવિના ટંડન, તમિલ સુપરસ્ટાર થલાપતિ વિજય અને તેમની પાર્ટી ટીવીકે, રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર અને વિનીત કુમાર સહિત અનેક સેલિબ્રિટીઓએ ગઈકાલે જ પોતાની પ્રતિક્રિયા આપી હતી. અભિનેતા સોનુ સૂદ, ઈશાન ખટ્ટર અને નિમરત કૌરે પણ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અને અસરગ્રસ્ત લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## દિલ્હી વિસ્ફોટોને પગલે કોકટેલ ટુ ફિલ્મનું શૂટિંગ રદ કરી દેવામાં આવ્યું

મુંબઈ : દિલ્હી વિસ્ફોટોને પગલે શાહિદ કપૂર, રશ્મિકા મંદાના અને



ક્રિતી સેનની ફિલ્મ 'કોકટેલ ટુ'નું શૂટિંગ રદ કરી દેવાયું છે. ક્રિતી સહિતના કલાકારો દિલ્હીથી મુંબઈ પાછા આવી ગયા હતા. દિલ્હીનાં વિવિધ લોકેશન્સ પર સાત દિવસ સુધી શૂટિંગ ચાલવાનું હતું. દિલ્હીનાં પ્રદૂષણને ધ્યાને રાખી કલાકારોની વાનમાં એર પ્યોરિફાયર તથા તમામ ક્રૂ માટે હાઈ ગ્રેડ માસ્ક સહિતની તૈયારીઓ કરી દેવામાં આવી હતી. પરંતુ, હવે વિસ્ફોટો બાદ હાલ શૂટિંગ મુલત્વી કરી દેવાયું છે. હવે આ શૂટિંગ આગામી ડિસેમ્બરમાં આગળ ધપાવાય તેવી સંભાવના છે. બીજી તરફ રણવીર સિંહની 'ધૂરંધર'નું ટ્રેલર લોન્ચ પણ તા. ૧૨મી નવેમ્બરે યોજાવાનું હતું. તે પણ દિલ્હી વિસ્ફોટોને પગલે રદ કરાયું છે. હવે લોન્ચની નવી તારીખ જાહેર કરાશે.

## વધુ પડતી કસરતને કારણે ગોવિંદા બેભાન થયા સારવાર બાદ હોસ્પિટલમાં ચેકઅપ કરાવી પરત

મુંબઈ : અભિનેતા ગોવિંદા ગઈ મોડી રાતે તેના ઘરમાં જ બેહોશ થઈ ગયો હતો. તેને હોસ્પિટલમાં ખસેડાયા બાદ ચેકઅપ પછી આજે બપોર સુધીમાં તે ઘરે પાછો આવ્યો હતો. ૬૧ વર્ષીય ગોંવિંદાના દાવા મુજબ બહુ હેવી વર્ક આઉટના કારણે તેને આ અસર થઈ હતી. તેને મગળવારે રાતના માથાનો સખત દુખાવો, માથું ભારી લાગવું અને ચક્કર આવવા જેવી તકલીફ થઈ હતી.તે ઘરમાં અચાનક જ બેહોશ થઈ ગયો હતો. એ પછી તેના ફેમિલી ડોકટરે ફોન પર



દવા જણાવી હતી જે તેણે લીધી હતી. પરંતુ સાથેસાથે તેના તબીબે તેને ન્યુરોલોજિસ્ટને મળવાની સલાહ આપી હતી.જેથી તેને મંગળવારે રાતના દાખલ કરવામાં આવ્યો હતો. તેની તબીબી ટેસ્ટ અને સારવાર પછી તેને બુધવારે ઘરે જવાની રજા આપવામાં આવી હતી.

## શેખર કપૂર એઆઈની મદદથી પાની ફિલ્મ પ્રોજેક્ટ રિવાઈવ કરશે

મુંબઈ: શેખર કપૂર આશરે એક દાયકા બાદ 'પાની' ફિલ્મના તેના



પ્રોજેક્ટને રિવાઈવ કરશે. આ ફિલ્મ તે એઆઈની મદદથી બનાવશે એવી તેણે જાહેરાત કરી છે. અગાઉ પણ શેખર કપૂર જાહેર કરી ચૂક્યો છે કે એઆઈના કારણે તેનું સ્કિપ્ટ રાઈટિંગનું કામ વધારે સરળ અને ઝડપી બન્યું છે. શેખર કપૂર મૂળ આ ફિલ્મ સુશાંત સિંહ રાજપૂતને લઈને બનાવવાનો હતો. પરંતુ, છેલ્લી ઘડીએ પ્રોડયૂસર યશરાજ ફિલ્મ્સ દ્વારા હાથ અદ્ધર કરી દેવાતાં આ પ્રોજેક્ટ અટકી પડયો હતો. તેના કારણે સુશાંત ડિપ્રશનમાં જતો રહ્યો હોવાનું કહેવાય છે. બીજી તરફ શેખર કપૂર 'માસૂમ ટુ ' પણ બનાવવાની જાહેરાત કરી ચૂક્યો છે. હવે તે બે ફિલ્મો પર એકસાથે ફોકસ કરી શકે છે કે કેમ તે એક સવાલ છે.



# ધર્મેન્દ્રની તબિયત સુધરી : નિધનની અફવાઓથી દેઓલ પરિવાર નારાજ

### સની દેઓલ મીડિયા પર ભડક્યો : એશા દેઓલે અફવાઓ ફેલાવવા અપીલ કરી

બોલિવૂડ અભિનેતા ધર્મેન્દ્રને બુધવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરીને બોબી દેઓલ ઘરે લઈ ગયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પરિવારે અભિનેતાની તબિયત સ્થિર અને પહેલા કરતા સારી હોવાની સત્તાવાર જાણ કરી છે, પરંતુ હેમા માલિનીએ સ્વીકાર્યું છે કે તેમના માટે છેલ્લા કેટલાક દિવસો ખૂબ મુશ્કેલ રહ્યા છે. તેમજ સની દેઓલ પણ મીડિયા પર ભડક્યો હતો જેનો એક વીડિયો સામે આવ્યો છે. હેમા માલિનીએ સુભાષ કે ઝાને આપેલા ઈન્ટરવ્યૂમાં ધર્મેન્દ્રના સ્વાસ્થ્ય વિશે વાત કરી. તેમણે કહ્યું કે, 'મારા માટે આ સમય સરળ નથી. ધરમજીનું સ્વાસ્થ્ય અમારા બધા માટે ખૂબ મોટી ચિંતાનો વિષય છે. સની દેઓલે ઘરમાંથી બહાર નીકળી રહ્યો હતો. આ દરમિયાન એક્ટરે જોયું કે સામે ઊભેલા ફોટોગ્રાફર્સ તેનો વીડિયો બનાવી રહ્યા હતા. આ હરકત પર સની દેઓલ ભડક્યો. અભિનેતાએ હાથ જોડીને પેપ્સને કહ્યું, 'તમને લોકોને શરમ આવવી જોઈએ. તમારા ઘરમાં પણ મા-બાપ છે, બાળકો છે અને તમે વીડિયો બનાવ્યે જ જાવ છો. શરમ નથી આવતી!' ધમેન્દ્ર વિશે ખોટી માહિતી ફરી ફેલાતાં હેમામાલિની અને ધર્મેન્દ્રની પુત્રી એશા દેઓલે તેના સત્તાવાર સોશ્યલ મિડિયા હેન્ડલ પર સ્પષ્ટતા કરી હતી કે સોશ્યલ મિડિયા પર ફરી રહેલી મારા પિતાના અવસાનની વાતો ખોટી છે અને તેમની તબિયત હાલ સ્થિર છે અને તેઓ સાજા થઈ રહ્યાં છે. તેમના અવસાનના અહેવાલો સદંતર ખોટાં છે. મિડિયા અતિઉત્સાહમાં આવી જઈ ખોટાં સમાચાર પ્રસરાવી રહ્યું છે. મહેરબાની કરી અફવા ફેલાવશો નહીં.




સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

Paresh Peshva
Marketing Director
SWADESH

## વર્ચસ્વ જમાવવાની હોડને કારણે સર્જાયેલા વિવાદનો ટૂંક સમયમાં અંત

# નેવિલની એન્ટ્રી સાથે ટાટા ગ્રુપમાં નવા યુગનો આરંભ

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

ભારતના સૌથી મોટાં ઉદ્યોગગૃહોમાંના એક ટાટા સન્સમાં બે દાયકા સુધી ચેરમેન રહેનારા રતન ટાટાનું એક વર્ષ પૂર્વે અવસાન થયા બાદ ગ્રૂપમાં ચણભણ શરૂ થઈ ચૂકી હતી. પરંતુ પહેલાં તે આંતરીક સ્તરે થઈ અને પછી ગ્રૂપની બધી જ વાતો મીડિયા સુધી પહોંચી હતી. આ વખતે તો આ લડાઈમાં સમાધાનનો મુદ્દો ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહ સુધી પહોંચ્યો હતો. ઉપરાંત દેશના નાણાં મંત્રી નિર્મલા સિતારામનને પણ ટાટા ગ્રૂપના કેટલાંક ઉચ્ચ પદાધિકારીઓ મળ્યા હતા.

વિવાદનો મુદ્દો ટાટા ટ્રસ્ટ હતો. ટાટા ટ્રસ્ટને માત્ર 'ટ્રસ્ટ' તરીકે ગણી શકાય નહીં. તે ટ્રસ્ટ હોવા છતાં તેની હિસ્સેદારી 'ટાટા સન્સ'માં 66% સુધીની છે. મતલબ કે, ટાટા ગ્રૂપની મુખ્ય કંપનીઓનો હોલ્ડિંગ પાવર ટ્રસ્ટ પાસે છે. મીડિયા રિપોર્ટ મુજબ આ વિવાદના મુખ્ય ચહેરાઓમાં એક રતન ટાટાના સાવકા ભાઈ નોએલ ટાટા અને 'ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખર હતા. મૂળે તો આ પૂરો વિવાદ ટ્રસ્ટ પર વર્ચસ્વ જમાવવાનો હતો. એક તરફ તેમાં નોએલ ટાટા અને બીજી તરફ મેહલી મિસ્ત્રી હતા. મેહલીનો સંબંધ શાપૂરજી પરિવારથી છે. આ પરિવારનો ટાટા સન્સમાં 18% હિસ્સો છે.

વર્ચસ્વ જમાવવાની લડાઈ પહેલાં તો બધું બહાર સમુસૂતરું દેખાતું હતું, પરંતુ 11 સપ્ટેમ્બરના રોજ પૂર્વ ડિફેન્સ સેક્રેટરી રહી ચૂકેલા વિજય સિંહને 'ટાટા સન્સ'માં ડિરેક્ટર બનાવવા અર્થે નોમિનેટ કરવા માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો ત્યારે ટ્રસ્ટની નીતિનો ભંગ થતો હોવાની ફરિયાદ સાથે જ ભડકો થયો.

ટ્રસ્ટની નીતિ મુજબ વ્યક્તિ 75 વર્ષની ઉમર પસાર કરી લે એટલે ડિરેક્ટર તરીકે ફરી નિમણૂંક માટે દર વર્ષે તમામ ટ્રસ્ટીઓની સહમતિ અનિવાર્ય હોવી જોઈએ. જ્યારે વિજય સિંહની હાલની ઉમર 77 વર્ષ છે. પ્રસ્તાવ મૂકવામાં આવ્યો ત્યારે નોએલ ટાટા અને એન. ચંદ્રશેખરે સહમતિ આપી, પરંતુ ટ્રસ્ટના અન્ય ચાર ટ્રસ્ટીઓ મેહલી મિસ્ત્રી, પ્રામિત ઝવેરી, જહાંગીર એચ. જહાંગીર અને ડેરિયસ ખંબાતાએ સ્પષ્ટ શબ્દોમાં વિરોધ કર્યો. ચાર ટ્રસ્ટીઓએ વિરોધ કરતા જ પ્રસ્તાવ રદ થઈ ગયો. જે બાદ એટલે વિરોધ કરનારાં ચાર ટ્રસ્ટીઓએ તેમનાંમાંથી એક મેહલી મિસ્ત્રીનું નામ ડિરેક્ટર તરીકે ઉમેદવાર તરીકે






મૂક્યું. આ પ્રસ્તાવનો વિરોધ નોએલ ટાટા અને એન. ચંદ્રશેખર દ્વારા થયો. ટ્રસ્ટમાં એક તરફ ત્રણ ટ્રસ્ટીઓ અને બીજી તરફ ચાર હતા. ટાટા ગ્રૂપમાં આ ખેંચતાણનું કારણ આ પદનો પાવર છે.

157 વર્ષ પૂર્વે આરંભાયેલી આ કંપનીના સ્થાપક જમશેદજી ટાટા હતા. 2025માં આ કંપનીની ચોખ્ખી આવક 1.13 લાખ કરોડ છે. આ કંપની આટલો નફો કમાય છે તેમાં તેની અનેક સબસિડરીઝ કંપનીઓનું યોગદાન છે. આ કંપનીઓની યાદીમાં ટાટા કેમિકલ્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, તાજ હોટલ્સ, ટાટા કેપિટલ, ટાટા ઈન્વેસ્ટમેન્ટ કોર્પ, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, ટાટા પાવર, એર ઈન્ડિયા લિમિટેડ, ટાટા ટેક્સટાઈલ્સ જેવી અનેક મસમોટી કંપનીઓ છે. ટાટા ગ્રૂપ અંતર્ગત આ તમામ કંપનીઓના કર્મચારીઓની સંખ્યા જોઈએ તો તે 12 લાખની નજીક પહોંચી ચૂકી છે. આટલાં વિશાળ કારોબારમાં એક વર્ષ પહેલાં રતન ટાટાનો પડ્યો બોલ ઝિલાતો અને તે માટે તેમાં કોઈ વિવાદ મીડિયા સુધી પહોંચ્યો નહીં. પરંતુ તેમનાં અવસાન પછી ટ્રસ્ટીઓમાં ફૂટ પડી. રતન ટાટા વિઝનરી હતા અને તેથી તેમણે પોતાના અવસાન પહેલાં કેટલાંક નિયમો ઘડ્યા હતા, જેથી કોઈ વિવાદ ન રહે. તેમ છતાં ઝઘડો તો ટાટા ગ્રૂપમાં આવ્યો. તે નિયમો મુજબ ચીફ ફાઈનાન્સ ઓફિસર અને ચીફ ઓપરેટિંગ ઓફિસરની પોસ્ટ રદ કરી દેવામાં આવી હતી. ઉપરાંત 75 વર્ષની ઉમર પસાર કર્યા બાદ ટ્રસ્ટીઓની દર વર્ષે નિયુક્તિની પ્રક્રિયા કરવાની જોગવાઈ મૂકવામાં આવી હતી. એટલું જ નહીં, ટ્રસ્ટમાં કોઈ નવા સભ્યને સામેલ કરવા અર્થે તમામ સાતેસાત સભ્યોની સહમતિની જોગવાઈ અનિવાર્ય કરાઈ હતી. આ નિયમો જ્યારે ઘડવામાં આવ્યા, ત્યારે તેમાં કોઈએ અસહમતિ ન દર્શાવી. પરંતુ હવે તે નિયમોને લઈને વિવાદ બહાર આવી રહ્યા છે.

રતન ટાટા પછી આ ગ્રૂપમાં જે વ્યક્તિઓ છે તેમાં એક છે નોઅલ ટાટા. તેઓ આ ગ્રૂપ સાથે 40 વર્ષથી સંકળાયેલા છે અને તેમના ત્રણ બાળકો ભવિષ્યમાં ટાટા ગ્રૂપની કમાન સંભાળે તેવી શક્યતા બળવતર છે. ટાટા ગ્રૂપમાં બીજા ટ્રસ્ટી વેણુ શ્રિનિવાસન છે. તેઓ 'TVS મોટર'કંપનીના ચેરમેન છે, તદ્ઉપરાંત તેઓ ટાટા ગ્રૂપમાં છે. ટ્રસ્ટીઓમાં એક નામ વિજય સિંઘનું છે. વિજય સિંઘ સનદી અધિકારી રહી ચૂક્યા છે. ઉપરાંત તેઓ ડેપ્યૂટી નેશનલ સિક્યૂરિટી એડવાઈઝર તરીકે પણ સેવા આપી છે. 2018માં તેમને ટાટા ટ્રસ્ટમાં લેવામાં આવ્યા હતા. હાલમાં જે વિવાદ થયો, તેમાં વિજય સિંઘને ડિરેક્ટર બનાવવાની વાત હતી, જેનો વિરોધ અન્ય સભ્યોએ કર્યો હતો. આ ટ્રસ્ટમાં એક સભ્ય સાવ સાદગીમાં જીવન ગુજારે છે તે જાણીને નવાઈ લાગે. તે સભ્ય એટલે રતન ટાટાના નાના ભાઈ જીમી. હાલ તેઓ 74 વર્ષના છે અને તેઓ સ્ક્વોશ પ્લેયર રહી ચૂક્યા છે. તેમની દખલગીરી ટ્રસ્ટમાં નહિવત્ માનવામાં આવે છે. ટ્રસ્ટના એક સભ્ય જહાંગીર એચ.સી. જહાંગીર છે. પુનાની જહાંગીર હોસ્પિટલ તેમના પરિવારનો વારસો છે. આજે પણ તેમનો પરિવાર તે હોદ્દા પર છે. આ ટ્રસ્ટમાં જેઓ એક જૂથની આગેવાની લઈ રહ્યા છે તેમાં મેહલી મિસ્ત્રી છે. તેઓ રતન ટાટાના વિશ્વાસુ, ટાટા ગ્રૂપની નાડ પારખનારા છે. ટાટા ગ્રૂપના સર્વેસર્વા બનનારાં અને તે પછી અકસ્માતમાં જેમનું મોત થયું હતું તે સાયરસ મિસ્ત્રીના તેઓ પિતરાઈ ભાઈ છે. સાતમાં ટ્રસ્ટી તરીકે નામ ડેરિઅસ ખંભાતાનું છે. ટાટા ટ્રસ્ટની કોઈ પણ કાયદાકીય બાબત છે તેનું સમાધાન ડેરિઅસ ખંભાતા સંભાળે છે. આ ઉપરાંત પણ ટાટા ગ્રૂપમાં અનેક નામો છે, જેમના હાથમાં મસમોટી જવાબદારી છે. આ ઉપરાંત ટાટા ગ્રૂપમાં એક નામ સૌથી અગત્યનું છે તે એન. ચંદ્રશેખરનનું છે. તેઓ હાલ ટાટા ગ્રૂપના ચેરમેન છે. તેઓ ટાટા ગ્રૂપના પ્રથમ નોન-પારસી ચેરમેન છે. એક સમયે તેમને ટાટા ગ્રૂપના ચેરમેન તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. ટાટા ગ્રૂપના તેના દોઢસો વર્ષના ઈતિહાસમાં જૂજ વખત વિવાદમાં સપડાઈ છે. જો કે, આ વખતે વિવાદ લાંબુ ચાલ્યો નથી.

આ વેળા પણ જૂથ ટુંકા સમયમાં જ રસ્તો કાઢવામાં સફળ રહ્યું છે. આખરે ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાના દિકરા નેવિલ ટાટાને સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT)ના બોર્ડમાં સમાવી લેવાયા છે. આ સાથે જ ટાટા ગ્રુપની દિગ્ગજ યુનિટમાં નવી પેઢીનું આગમન થયુ છે. જો કે, નેવિલ અગાઉથી જ JRD ટાટા ટ્રસ્ટ અને ટાટા સોશિયલ વેલફેર ટ્રસ્ટનો હિસ્સો રહ્યા છે. તેઓ બેયસ બિઝનેસ સ્કૂલના સ્નાતક છે. 32 વર્ષના નેવિલ ટાટા હાલમાં JRD Tata ટ્રસ્ટ, ટાટા સોશિયલ વેલફેર ટ્રસ્ટ અને RD ટાટા ટ્રસ્ટના બોર્ડમાં સેવા આપે છે. આ ઉપરાંત નેવિલ ટાટા અત્યારે ટાટા ગ્રુપની રિટેલ કંપની ટ્રેન્ટ હાઈપર માર્કેટમાં બિઝનેસ હેડ તરીકે કાર્યરત છે.

ગ્રુપમાં 32 વર્ષના નેવિલ ટાટાની એન્ટ્રી તેમના પિતા નોએલ ટાટાના ટાટા ટ્રસ્ટ્સના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવ્યાના એક વર્ષ બાદ થઈ છે. તેમના પિતા નોએલ ટાટાની જેમ નેવિલ ટાટાની મીડિયા હાજરી પ્રમાણમાં મર્યાદિત રહી છે. જ્યારે તેઓ ટાટા ગ્રુપના કાર્યક્રમોમાં ભાગ્યે જ દેખાય છે, તેઓ ટાટા ગ્રુપને લગતી તમામ મહત્વપૂર્ણ બેઠકોમાં સતત હાજર રહે છે. નેવિલ ટાટાની બે મોટી બહેનો છે, લીહા (40) અને માયા (37) કે જેઓ ઈન્ડિયન હોટેલ્સ અને ટાટા ડિજિટલ સાથે સંકળાયેલા છે. એક નિવેદન પ્રમાણે ટ્રસ્ટી મંડળે સર્વાનુમતે 32 વર્ષના નેવિલ ટાટાને નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે.

**વર્ચસ્વ જમાવવાની લડાઇ પહેલાં તો બધું બહાર સમુસૂતરું દેખાતું હતું, પરંતુ 11 સપ્ટેમ્બરે પૂર્વ ડિફેન્સ સેક્રેટરી વિજય સિંહને ડિરેક્ટર બનાવવા પ્રસ્તાવ મૂકાતા જ નીતિનો ભંગ થતો હોવાની ફરિયાદ સાથે જ ભડકો થયો અને મામલો મંત્રી સુધી પહોંચ્યો**

# સ્ટાઈલ સાથે લુક આપતી વિવિધ એથનિક કુરતી



વયજૂથમાં એથનિક કુરતીની ડિમાન્ડ વધી રહી છે. હાલના ફેશન ટ્રેન્ડમાં કેવા પ્રકારની એથનિક કુરતી લોકપ્રિય થઈ રહી છે એ અંગે જાણીએ ભારતીય પરંપરાગત પહેરવેશમાં કુરતીનું સ્થાન ખૂબ જ ખાસ રહ્યું છે. આજકાલ ફેશનની દુનિયામાં કુરતી માત્ર રોજિંદાં વસ્ત્ર નથી, પરંતુ એક સ્ટાઈલિશ સ્ટેટમેન્ટ બની ચૂકી છે. યુવાઓથી લઈને મહિલાઓ સુધી, દરેક વયજૂથમાં એથનિક કુરતીની ડિમાન્ડ વધી રહી છે. હાલના ફેશન ટ્રેન્ડમાં કેવા પ્રકારની એથનિક કુરતી લોકપ્રિય થઈ રહી છે એ અંગે જાણીએ.

## સ્ટ્રેટ કટ કુરતી

આ પ્રકારની કુરતી કાયમ ફેશનમાં જોવા મળે છે. સ્ટ્રેટ કટ કુરતી સીધી લાઇનમાં સ્ટિચ થાય છે અને તેને પ્લાઝો, ચૂડીદાર કે જીન્સ સાથે પહેરી શકાય છે. ઓફિસવેરથી લઈને કેઝ્યુઅલ આઉટફિટ માટે પણ આ શ્રેષ્ઠ પસંદગી છે. સ્ટ્રેટ કટ કુરતીની ખાસિયત એ છે કે એમાં તમે પાતળા લાગો છે, એટલે જેમનું બોડી વધારે હોય તેમણે આ પ્રકારની કુરતી પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ.

**ફેશનની દુનિયામાં કુરતી માત્ર રોજિંદાં વસ્ત્ર નથી, પરંતુ એક સ્ટાઈલિશ સ્ટેટમેન્ટ બની ચૂકી છે. યુવાઓથી લઈને મહિલાઓ સુધી દરેક વયજૂથમાં એથનિક કુરતીની ડિમાન્ડ વધી છે**

## એ-લાઇન કુરતી

એ-લાઈન કુરતી આજકાલ યુવતીઓમાં ખાસ લોકપ્રિય છે. આ કુરતી ઉપરથી ફિટેડ હોય છે અને નીચે એ આકારમાં ફેલાતી હોવાથી દરેક બોડી ટાઈપ પર સૂટ થાય છે. નાનાં ફંક્શન, પાર્ટી અથવા દૈનિક વપરાશ માટે આ કુરતી ખૂબ જ સુંદર લાગે છે.

## અનારકલી કુરતી

અનારકલી ડિઝાઈન હંમેશાં ગોર્જિયસ લુક આપે છે. લાંબા ઘેરવાળી આ કુરતી ખાસ કરીને લગ્ન, તહેવારો અને રિસેપ્શન માટે પહેરવામાં આવે છે. આજકાલ અનારકલી કુરતીમાં વિવિધ પ્રકારનાં ભરતકામ, જરી અને ગોટાપટ્ટીનું કામ પણ કરવામાં આવે છે.

## અસીમેટ્રિકલ કુરતી

આ કુરતીની ડિઝાઈન આગળ-પાછળ અથવા બાજુથી અસમાન લંબાઈની હોય છે. તે મોડર્ન ટચ આપતી હોવાથી કોલેજ ગર્લ્સ અને ટ્રેન્ડી વસ્ત્ર પસંદ કરનારા લોકોમાં ખૂબ પસંદગી પામેલી છે. જીન્સ અથવા લેગિંગ્સ સાથે આ ખૂબ જ સ્ટાઈલિશ લાગે છે.



## કફ્તાન સ્ટાઈલ કુરતી

કફ્તાન સ્ટાઈલ કુરતી આજકાલ ખૂબ જ ટ્રેન્ડમાં છે. ઢીલી અને આરામદાયક આ કુરતી ગરમીના દિવસોમાં કૂલ લુક આપે છે. પ્રિન્ટેડ કે કઢાઈવાળી કફ્તાન કુરતી બીચ વેરથી લઈને કેઝ્યુઅલ પાર્ટી સુધી શ્રેષ્ઠ વિકલ્પ છે. તેને પાર્ટી અને ડેટિંગમાં પણ પહેરવામાં આવે છે.

## ફ્રન્ટ-સ્લિટ કુરતી

યુવતીઓમાં ફ્રન્ટ-સ્લિટ કુરતીની ખૂબ માંગ છે. આગળથી લાંબા ચીરાવાળી ડિઝાઈન તેને ટ્રેન્ડી બનાવે છે. તેને સ્કર્ટ, જીન્સ કે પ્લાઝો સાથે પહેરી શકાય છે, જે એક ફ્યુઝન લુક આપે છે.

## શર્ટ-સ્ટાઈલ કુરતી

કોલર અને બટનવાળી શર્ટ-સ્ટાઈલ કુરતી આજના કોર્પોરેટ યુગમાં ખૂબ લોકપ્રિય છે. તેને પેન્ટ અથવા જીન્સ સાથે પહેરી શકાય છે, જેથી તે ફોર્મલ તથા કેઝ્યુઅલ બંને પ્રસંગો માટે યોગ્ય બને છે. ડિફરન્ટ લુક મેળવવા કોલેજ ગોઈંગ ગર્લ પણ શર્ટ સ્ટાઈલ કુરતી ટ્રાય કરે છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# કેનેડિયનો ઘરે રહેતાં યુ.એસ. પર્યટનને $5.7 બિલિયનનું નુકસાન

## આંતરરાષ્ટ્રીય પ્રવાસન ખર્ચમાં 3.2 ટકાનો ઘટાડો થવાની આગાહી : ઓક્ટોબરમાં હવાઈ માર્ગના 24 ટકા અને જમીન માર્ગના 30 ટકા પ્રવાસી ઘટ્યા

**ટોરોન્ટો**

ઘણા કેનેડિયનોએ યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરીનો બહિષ્કાર કર્યો છે, અને યુ.એસ. અર્થતંત્ર તેની કિંમત ચૂકવી રહ્યું છે. યુ.એસ. ટ્રાવેલ એસોસિએશનના અહેવાલમાં 2025 માટે દેશમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસન ખર્ચમાં 3.2 ટકાનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. જો આ સંભવ બનશે તો તે પાછલા વર્ષની તુલનામાં $5.7 બિલિયન યુએસનું નુકસાન છે.

એસોસિએશન મોટાભાગે કેનેડિયન મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડાને આભારી છે. એક વલણ જે જાન્યુઆરીમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યભાર સંભાળ્યા પછી ચાલુ રહ્યું છે, જેમાં કેનેડા સાથે ટ્રેડ વોર શરૂ થયું અને દેશને 51મું રાજ્ય તરીકે ઓળખવાનું શરૂ કર્યું હતુ. ઓક્ટોબરના તાજેતરના ડેટામાં યુ.એસ.માં મુસાફરી કરતા કેનેડિયનોમાં પાછા ફરવાની સંખ્યામાં ગયા વર્ષના સમાન સમયની તુલનામાં હવાઈ મુસાફરી માટે 24 ટકા અને જમીન મુસાફરી માટે 30 ટકાનો ઘટાડો થયો છે. આ સતત દસ મહિના છે. પરંપરાગત રીતે કેનેડિયનો યુ.એસ.માં આવતા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં સૌથી મોટો જૂથ છે, જે 2024માં તેના 72.4 મિલિયન મુલાકાતીઓમાંથી 28 ટકા છે. કેન્સાસમાં વિચિતા સ્ટેટ યુનિવર્સિટીમાં મેનેજમેન્ટના પ્રોફેસર ઉષા હેલી ચેતવણી આપે છે કે, પ્રવાસન ડોલરમાં ઘટાડો હજારો નોકરીઓને જોખમમાં મૂકે છે.



જોકે, ટ્રાવેલ એસોસિએશન આગાહી કરે છે કે 2026 માં આંતરરાષ્ટ્રીય મુસાફરી ફરી શરૂ થશે, જે યુએસ દ્વારા ફિફા વર્લ્ડ કપનું આયોજન અને દેશની 250મી વર્ષગાંઠની ઉજવણીને કારણે થશે. પરંતુ ટ્રમ્પ વહીવટથી નારાજ કેનેડિયનો માર્ગ બદલી નાંખશે તેની કોઈ ગેરંટી નથી.

# કેનેડાના આકાશમાં ઉત્તરીય લાઈટ્સનો ઝગમગાટ, લાલ રંગથી દર્શકો ચકિત થયા

## વધુ મજબૂત વાવાઝોડાને કારણે રંગોને સહેલાઈથી જોઈ શકાયા

**આલ્બર્ટા**

મંગળવારે રાત્રે ઘણા પ્રાંતોમાં કેનેડિયનોને ઉત્તરીય લાઈટ્સનો અદભુત પ્રદર્શન જોવા મળ્યો હતો અને ઘણા લોકો બુધવારે રાત્રે ફરીથી તેને જોઈ શક્યા હતા. આલ્બર્ટા યુનિવર્સિટીના ફેકલ્ટી સર્વિસ ઓફિસર અને ઓરોરા વોચના નિર્માતાઓમાંના એક એન્ડી કાલે જણાવ્યું હતું કે, મંગળવારે, યુ.એસ. નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન સ્પેસ વેધર પ્રિડિક્શન સેન્ટરે સૂર્યમાંથી



સંભવિત વિસ્ફોટો માટે એક વોચ જારી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, એક મંગળવારે રાત્રે પૃથ્વી પર પહોંચશે અને બીજો બુધવારે મધ્યરાત્રિએ પહોંચવાની અપેક્ષા છે. ગઈ રાત અદ્ભુત હતી. આ ખરેખર મોટી ઘટના હતી. મને લાગે છે કે સૂર્યમાંથી બે કોરોનલ માસ ઈજેક્શન થયા હતા, બંને એક જ સમયે પહોંચ્યા હતા અને ખરેખર મોટો શો આપ્યો હતો. આલ્બર્ટામાં લાલ ઓરોરા બોરેલિસે હેના અને એરડ્રી જેવા સ્થળોએ તેના લાલ રંગથી દર્શકોને ચકિત કરી દીધા હતા. પ્રાંતના અન્ય ભાગોમાં આકાશમાં ચમકતી લીલી અને લાલ લાઈટ્સ જોવા મળી હતી.

# યુરોપ પ્રવાસે જતાં કેનેડિયનો પાસે વધુ માહિતી માંગતા અધિકારીઓ

**ઓન્ટેરિયો**

યુરોપ જતા ઘણા કેનેડિયન પ્રવાસીઓને પોતાના વિશે વધુ માહિતી આપવા માટે કહેવામાં આવી રહ્યું છે. કારણ કે, અધિકારીઓ નવા સુરક્ષા પગલાં શરૂ કરી રહ્યા છે. યુરોપિયન દેશો ટૂંકા રોકાણ માટે લોકોની નોંધણી કરવા સરહદ વ્યવસ્થાપન પ્રણાલી શરૂ કરી રહ્યા છે. અને આવતા વર્ષના અંતથી ઘણા મુલાકાતીઓને અગાઉથી ઈલેક્ટ્રોનિક મુસાફરી અધિકૃતતા મેળવવાની જરૂર પડશે. પ્રથમ પહેલ, એન્ટ્રી/એક્ઝિટ સિસ્ટમ, નોન-યુરોપિયન નાગરિકોની એન્ટ્રી, એક્ઝિટ અને એન્ટ્રી ઈનકારની ઈલેક્ટ્રોનિક નોંધણી કરીને સિસ્ટમનો ઉપયોગ કરીને 29 યુરોપિયન દેશોમાં સરહદ વ્યવસ્થાપનને આધુનિક બનાવવાનો છે. આ સિસ્ટમ, જે 10 એપ્રિલ સુધીમાં સંપૂર્ણપણે અમલમાં મૂકવામાં આવી શકે છે. તે ટૂંકા રોકાણ વિઝા ધરાવતા મુલાકાતીઓ તેમજ કેનેડાના ઘણા પ્રવાસીઓ પર લાગુ પડે છે. જેમને કોઈપણ 180-દિવસના સમયગાળામાં મહત્તમ 90 દિવસ રહેવા માટે વિઝાની જરૂર નથી. આ સિસ્ટમમાં ઓળખ ચકાસવા માટે ચહેરાના ફોટા અને ફિંગરપ્રિન્ટ્સ એકત્રિત કરવા માટે ઈલેક્ટ્રોનિક કિઓસ્ક સહિત વિવિધ માધ્યમોનો ઉપયોગ કરાય છે.

# ટોરોન્ટો સિટી હોલમાં પહેલી વાર પેલેસ્ટાઇનનો ધ્વજ લહેરાવાશે

**ટોરોન્ટો**

આગામી અઠવાડિયે ટોરોન્ટો સિટી હોલમાં પહેલી વાર પેલેસ્ટાઈનનો ધ્વજ લહેરાશે. બિન-લાભકારી જૂથ ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ જસ્ટિસ ફોર પેલેસ્ટાઈન (ICJP) દ્વારા 15 નવેમ્બરના રોજ યોજાતા પેલેસ્ટાઈન રાજ્યના સ્વતંત્રતા દિવસને માન્યતા આપવાની વિનંતીને શહેરના કર્મચારીઓએ મંજૂરી આપ્યા બાદ 17 નવેમ્બરના રોજ ધ્વજ લહેરાવવામાં આવશે. ટોરોન્ટોમાં રહેતા પેલેસ્ટિનિયન કાર્યકર્તા બશર અલશવાએ કહ્યું કે, આ દિવસને આશાના ક્ષણ તરીકે ઉજવવો જોઈએ. ધ્વજ લહેરાવવો એ એક પ્રતીકાત્મક પગલું છે. આનાથી કેનેડામાં અન્ય પક્ષો અને સંસ્થાઓ, વ્યક્તિઓ, પેલેસ્ટાઈનના મુદ્દા અંગે માનવ અધિકારો, સમાનતા અને ન્યાય માટેની યાત્રામાં જોડાવા માટે પ્રોત્સાહિત થશે. ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉના પ્રેસ સેક્રેટરી, બ્રામન થિલ્લાઈનાથને, ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ધ્વજ લહેરાવવાની મંજૂરી શહેરના પ્રોટોકોલ ઓફિસ દ્વારા આપવામાં આવી હતી, સિટી કાઉન્સિલ કે મેયર દ્વારા નહીં.

# ટોરોન્ટોમાં બરફવર્ષાએ રેકોર્ડ બનાવ્યા

## પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર લગભગ બરાબર 10 સેમી બરફ પડ્યો

**ટોરોન્ટો**

ગ્લોબલ ન્યૂઝના મુખ્ય હવામાનશાસ્ત્રી એન્થોની ફાર્નેલે જણાવ્યું હતું કે, શહેરમાં શિયાળાના તોફાનોએ ઘણા રેકોર્ડ બનાવ્યા છે, જેમાં ઓછામાં ઓછા 1969 પછી વર્ષની શરૂઆતમાં જમીન ઉપર આટલો બરફ જોવા મળ્યો નથી. આ હિમવર્ષા સાથે ઘણા નોંધપાત્ર રેકોર્ડ છે, જેમાં આ તારીખે જમીન પર સૌથી વધુ બરફ અને 55 વર્ષોમાં સૌથી પહેલા પાંચ સેમીથી વધુ બરફવર્ષાનો સમાવેશ થાય છે. ટોરોન્ટો પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર લગભગ બરાબર 10



સેમી બરફ પડ્યો હતો, જે ઓક્ટોબર 1969માં નોંધાયેલા 7.1 સેમી અને 5.3 સેમી કરતા વધારે હતો. હિમવર્ષા એક નીચા દબાણવાળી સિસ્ટમને કારણે થઈ હતી જેણે દક્ષિણ ઓન્ટારિયોના મોટા ભાગને ઢાંકી દીધો હતો, સોમવાર સવાર સુધીમાં હેમિલ્ટનમાં 16 સેન્ટિમીટર અને ઓટ્ટાવામાં 11.7 સેન્ટિમીટર નોંધાયો હતો. બરફના કારણે ટોરોન્ટો અને તેની આસપાસના વિસ્તારોમાં મુસાફરી મુશ્કેલ બની હતી. ૨૪ કલાકમાં પોલીસે જણાવ્યું હતું કે, તેઓએ ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં ૩૪૦ બરફ સંબંધિત ઘટનાઓનો જવાબ આપ્યો છે. તેમાંથી આશરે ૨૨૦ અથડામણો હતી. સપ્તાહના અંતે પડેલા બરફનું સ્તર સામાન્ય રીતે નવા વર્ષ પહેલા સુધી આવતું નથી. ગયા વર્ષે, પહેલું ૧૦ સે.મી.નું તોફાન ફેબ્રુઆરી સુધી નહોતું, જે પછી બીજા બરફના તોફાનો આવ્યા અને ટોરોન્ટોમાં મોટી અવ્યવસ્થા સર્જાઈ હતી.

# ફ્લૂની મોસમ સૌથી ખરાબ રહેવાના એંધાણ રસી માટે વિકસિત સ્ટ્રેન મેળ ખાતી નથી

## દેશવ્યાપી પરીક્ષણોમાંથી લગભગ બે ટકા રિપોર્ટ ઈન્ફ્લ્યુએન્ઝા માટે સકારાત્મક આવ્યા

**ઓન્ટેરિયો**

કેનેડામાં ફ્લૂના કેસ વધી રહ્યા છે, તબીબી નિષ્ણાતો એક મુશ્કેલ ઈન્ફ્લ્યુએન્ઝા મોસમ માટે તૈયારી કરી રહ્યા છે. જે વિકસિત H3N2 સ્ટ્રેનના વૈશ્વિક ફેલાવા સાથે જોડાયેલા છે અને તે આ વર્ષની રસી માટે મેળ ખાતી નથી. શુક્રવારે બહાર પાડવામાં આવેલા નવા ફેડરલ ડેટા દર્શાવે છે કે, પાછલા અઠવાડિયામાં દેશવ્યાપી પરીક્ષણોમાંથી લગભગ બે ટકા ઈન્ફ્લ્યુએન્ઝા માટે સકારાત્મક આવ્યા હતા. કેનેડા માટે મોસમી ફ્લૂ રોગચાળો જાહેર કરવા માટે તે હજુ પણ પાંચ ટકા બારથી દૂર છે, પરંતુ તે થોડા અઠવાડિયા પહેલા કરતા નોંધપાત્ર વધારો છે. વિદેશમાં ચાલી રહેલી ફ્લૂની મોસમ દક્ષિણ ગોળાર્ધમાં રેકોર્ડ કેસોની ગણતરી દ્વારા ચિહ્નિત થયેલ છે, અને એશિયા અને યુકેના ભાગોમાં સીઝનની શરૂઆત વહેલી થઈ રહી છે. જેમ જેમ કેનેડા શિયાળામાં પ્રવેશ કરી રહ્યું છે, તે આવનારા સમયનો સંકેત હોઈ શકે છે. દક્ષિણ ગોળાર્ધમાં ઈન્ફ્લ્યુએન્ઝાના કેસ સરેરાશ કરતા વધુ હોવાનું સતત બીજું વર્ષ છે એમ મોન્ટ્રીયલ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ અને મેકગિલ યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના બાળ ચેપી રોગના નિષ્ણાત ડૉ. જેસી પેપેનબર્ગે જણાવ્યું હતું. ઓસ્ટ્રેલિયામાં, ચિકિત્સકોએ તાજેતરમાં જ દેશભરમાં 410,000થી વધુ લેબ-પુષ્ટિ થયેલા કેસ પછી ચેતવણી આપી હતી, જે સતત બીજા રેકોર્ડ ઉચ્ચ ફ્લૂ વર્ષ તરીકે ચિહ્નિત કરે છે.

# ચીનમાં 3 મહિનામાં 'હોંગકી બ્રિજ' કડડડભૂસ થયાનો વીડિયો વાઈરલ!

**સિચુઆન**

ચીનના સિચુઆન પ્રાંતમાં બનેલા નવા નવા હોંગકી બ્રિજનો એક હિસ્સો મંગળવારે તૂટી પડ્યો હતો. પૂલ તટી પડવાને કારણે ટનબંધ ઈંટો નદીમાં પડી અને હવામાં ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ વાઈરલ થઈ રહ્યો છે.

તૂટી પડેલો આ પૂલ 758 મીટર લાંબો હતો જે મધ્ય ચીનને તિબેટ સાથે જોડનારા નેશનલ હાઈવેનો એક હિસ્સો છે. સ્થાનિક પ્રશાસને આપેલી માહિતી અનુસાર પૂલમાં તિરાડ પડવાને કારણે જમીન ખસી રહી છે એવી જાણ થતાં જ એક દિવસ પહેલાં જ આ પૂલ પર અવરજવર બંધ કરવામાં આવી હતી. પૂલ પરની અવરજવર બંધ હોવાને કારણે જ કોઈ જાનહાનિ થઈ નહોતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે પર્વતીય વિસ્તારમાં આવેલી અસ્થિરતાને કારણે આ પૂલ ધસી પડ્યો હતો અને અધિકારીઓએ આ પૂલને બંધ કરી દીધો હતો. હવે તપાસમાં આ અકસ્માત કયા કારણસર થયો એના કારણો જાણવાનો પ્રયાસ કરવામાં આવશે. ડિઝાઈનમાં કે કન્સ્ટ્રક્શનમાં કોઈ ખરાબીને કારણે તો પૂલ નથી ધસી પડ્યો ને એની પણ તપાસ કરવામાં આવશે.

# ગુજરાત ATSએ ત્રણ આતંકીઓની કરી ધરપકડ

## ગુજરાત ATSએ પકડ્યું પાકિસ્તાનનું બાયોટેરર નેટવર્ક, બે ગ્લોક પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ અને 30 રાઉન્ડ દારૂગોળો જપ્ત કરાયા

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડએ અમદાવાદ અને કલોલ પાસેથી હથિયારોની ખરીદી જાણકારી મળતાં તપાસ હાથ ધરી હતી. જેમાં ATSએ કાર્યવાહી કરીને પાકિસ્તાનથી સંચાલિત એક ખતરનાક જૈવિક આતંક કાવતરાનો પર્દાફાશ કર્યો છે. સમગ્ર ઘટનાને પગલે કેન્દ્ર સરકાર અને સુરક્ષા એજન્સી પણ એલર્ટ પર છે ગુજરાત ATSએ કલોલ પાસેથી ગત રવિવારે (૯ નવેમ્બર) ડૉ. અહમદ સૈયદ, આઝાદ શેખ અને મોહમ્મદ સુહેલ સલીમ ખાન નામના ત્રણ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ



કરી હતી. જેની પૂછપરછમાં અનેક ખુલાસાઓ થયા છે. ત્રણેયની પાસે બે ગ્લોક પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ અને 30 રાઉન્ડ દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો, સાથે જ રિસિન ઝેર બનાવવા માટે વપરાતાં ચાર લિટર રસાયણો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

ગુજરાત ATSએ દાવો કર્યો કે, ત્રણેય આતંકવાદીઓની એક વર્ષથી વધુ સમયથી દેખરેખ કરાઈ રહી હતી. તેમનું લોકેશન સતત ટ્રેસ કરાઈ રહ્યું હતું અને તેની દરેક હરકતો પર નજર હતી. આ ત્રણેય ISISના ખતરનાક વિંગ ISKP(ઇસ્લામિક સ્ટેટ ખોરાસાન પ્રોવિન્સ)થી જોડાયેલા બે અલગ અલગ મોડ્યુલનો ભાગ ગણાય રહ્યા છે. ATSને જાણકારી મળી હતી કે, હથિયારો પાકિસ્તાનથી ડ્રોન મારફતે રાજસ્થાન બોર્ડર પર મોકલવામાં આવ્યા હતા.

### 5 રાજ્યોમાં તપાસ, થયા મોટા ખુલાસા

દિલ્હીમાં ભયંકર બ્લાસ્ટની ઘટના બાદ NIAની ટીમે ગુજરાત, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય અને હરિયાણા સહિત કુલ 10 જેટલાં સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં ગુજરાતના વલસાડ જિલ્લાના ઉમરગામ સહિતના વિસ્તારોમાં પણ NIAની ટીમ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આતંકવાદી સંગઠનના નેટવર્ક લિંક અંગે NIA દ્વારા તપાસ કામગીરી શરૂ છે, ત્યારે ઉમરગામમાં સર્ચ ઓપરેશન કરીને NIAને મહત્ત્વની માહિતી અને પુરાવાઓ એકઠા કર્યા હોવાનું સામે આવ્યું છે. આતંકવાદી ષડયંત્રની ગતિવિધિઓને લઈને સુરક્ષા એજન્સીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે, ત્યારે આતંકી નેટવર્ક સાથે સંકળાયેલા આરોપીને ઝડપી પાડવા માટે NIA દ્વારા ગુજરાત, હરિયાણા સહિતના વિસ્તારોમાં બાતમીના આધારે દરોડા પાડવામાં આવી રહ્યા છે.

### ભુજમાંથી મહિલા સહિત 3 શંકાસ્પદ કાશ્મીરીઓની અટકાયત

ગાંધીનગર

SOGની ટીમને મળેલી બાતમીના આધારે ભુજના 'જનતા ઘર ગેસ્ટ હાઉસ' ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, ગેસ્ટ હાઉસના એક રૂમમાંથી ત્રણ કાશ્મીરી વ્યક્તિઓ મળી આવી હતી, જેમાં એક મહિલાનો પણ સમાવેશ થતો હતો. પોલીસની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ગેસ્ટ હાઉસના રજિસ્ટરમાં માત્ર એક જ કાશ્મીરી યુવકની એન્ટ્રી કરવામાં આવી હતી. રૂમ જમ્મુ-કાશ્મીરના ઝાંગલીમાં રહેતા જમીલ અહમદખાન અબ્દુલ મજીદખાનના નામે બુક કરવામાં આવ્યો હતો. જોકે, રૂમમાં ત્રણ લોકો રોકાયેલા હોવા છતાં સંચાલકોએ માત્ર એક જ વ્યક્તિની નોંધણી કરી હતી.

### ગુજરાત ATSના હૈદરાબાદમાં ધામા MBBS ડૉક્ટરના ઘરે પાડ્યા દરોડા

#### અનેક ડિજિટલ ઉપકરણો અને મહત્વપૂર્ણ દસ્તાવેજો મળી આવ્યાં

અમદાવાદ : ગુજરાત એટીએસના આ ઓપરેશનનું મુખ્ય લક્ષ્ય રાજ્યના ખમ્મમ જિલ્લામાં રહેતા 35 વર્ષીય એમબીબીએસ ડોક્ટર અહેમદ મોહિઉદ્દીન સૈયદ હતો. ગુજરાત એટીએસએ તેમના ઘર પર દરોડો પાડ્યા અને તેના ઘરને સીલ કરી દીધું હતું. જાણકારી એવી પણ મળી છે કે, હૈદરાબાદના ડૉ. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ સાયનાઇડ કરતા વધુ ઘાતક રાઇઝીન ઝેર તૈયાર કરી રહ્યો હતો, જેના માટે તેના ઘરેથી રો મટીરિયલનો જથ્થો જપ્ત કરાયો છે. આ ત્રણેય કટ્ટરવાદી વિચારધારાથી પ્રેરિત હતા અને વારંવાર કાશ્મીરની મુલાકાત લેતા હતા.

મળતી જાણકારી પ્રમાણે ડૉ. મોહિઉદ્દીન સૈયદના ઘરે રેડ પાડવામાં આવી હતી. ગુજરાત એટીએસને મોહિઉદ્દીન સૈયદના ઘરેથી અનેક ડિજિટલ ઉપકરણો અને મહત્વપૂર્ણ દસ્તાવેજો મળી આવ્યાં છે. ગુજરાતમાંથી ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી તે બાદ એટીએસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

### ટાર્ગેટમાં દિલ્હીનું આઝાદ મેદાન પણ હતું, પૂછપરછમાં ખુલાસો

ગાંધીનગર

ગુજરાત એટીએસ દ્વારા ઝડપી લેવાયા ત્રણ આતંકીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. પૂછપરછમાં તેણે ચોંકાનવારો ખુલાસો કર્યો હતો કે તે સાઇનાઇટ કરતાં પણ વધુ ખતરનાક રાઇઝીન નામનું ઝેરી કેમિકલ તૈયાર કરતો હતો. જેનો ઉપયોગ મોટી આતંકી ઘટનાને અંજામ આપવા માટે કરવાના હતા. રાઇઝીન નામનું ઝેર ખાવામાં તેમજ હવામાં ભેળવી દેવામાં આવે તો પણ ગણતરીની મિનિટોમાં જ અનેક લોકોના જીવ લઈ શકાય તેમ હતું. ત્રણેય આતંકીઓએ આ ઉપરાંત દિલ્હીના આઝાદ મેદાન અને લખનઉમાં આવેલા આરએસએસના હેડ ક્વાર્ટર્સની રેકી કરી હોવાની વિગતો સામે આવી છે.

## તથ્ય પટેલ કેસ : ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા ટ્રાયલ કોર્ટને આદેશ

અમદાવાદ

અમદાવાદના બહુચર્ચિત ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ૯ લોકોનો ભોગ લેનાર આ ભયાનક અકસ્માતના કેસમાં જેલમાં બંધ મુખ્ય આરોપી તથ્ય પટેલની મુશ્કેલીઓ હવે વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતની ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ અને કડક આદેશ આપ્યો છે કે તાત્કાલિક ધોરણે કેસમાં ચાર્જફ્રેમ કરવામાં આવે. હવે સેશન્સ કોર્ટમાં તથ્ય પટેલ સામેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આ સંવેદનશીલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. કોર્ટે હુકમ કર્યો છે કે આગામી ત્રણ અઠવાડિયાની અંદર આરોપી તથ્ય પટેલ વિરુદ્ધ ચાર્જશીટના આધારે ચાર્જફ્રેમની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ કેસને બિનજરૂરી રીતે લાંબો ખેંચી શકાય નહીં અને સમયસર ન્યાય પ્રક્રિયા પૂરી કરવી અનિવાર્ય છે.

ઉલ્લેખનીય છે કે, આ ભયાનક અકસ્માતની ઘટનાના ત્રીજા વર્ષે આ કેસમાં ચાર્જ ફ્રેમ થવા જઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટના આ હસ્તક્ષેપ બાદ હવે તથ્ય પટેલ સામેની કાયદાકીય પ્રક્રિયા વધુ ગતિ પકડશે.

## યુવકોને મ્યાનમાર લઈ જઈ સાયબર ગુલામી કરાવતી ગેંગના બે એજન્ટની CBI દ્વારા ધરપકડ

### કોલ સેન્ટર સાથેના મકાનમાં યુવકોને ગોંધી રખાયા, 467ને મ્યાનમારથી ભારત પરત લવાયા

ગાંધીનગર

મ્યાનમારથી ભારતમાં ઓનલાઈન ઠગાઈનું સુઆયોજીત નેટવર્ક ચાલે છે. ભારત સહિત વિશ્વના જુદા જુદા દેશોમાં ઓનલાઈન ઠગાઈના કોલ કરવા માટે ગુજરાત, રાજસ્થાન, પંજાબ, કેરળ સહિતના રાજ્યોમાંથી યુવકોને નોકરી અપાવવાના બહાને મ્યાનમાર લઈ જવામાં આવે છે. મ્યાનમારમાં સાયબર ગુલામી કરાવતી ટોળકી માટે યુવકોને નોકરીના બહાને લઈ જતાં બે એજન્ટને સીબીઆઈએ પકડી પાડ્યાં છે. સીબીઆઈની ટીમે ગુજરાત અને રાજસ્થાનથી મોહીત ગીરી અને સોયલ અખ્તર નામના યુવકોને પકડી પાડ્યાં છે. આ બંને યુવકો ગુજરાત અને રાજસ્થાનથી મ્યાનમારમાં નોકરી અપાવવાના એજન્ટ તરીકે કાર્યરત હતાં. તપાસમાં એવો ઘટસ્ફોટ થયો હતો કે, ગુજરાત સહિત દેશના એક ડઝન રાજ્યોમાંથી યુવકોને મ્યાનમારમાં નોકરી અપાવવાની લાલચ આપતા એજન્ટનું નેટવર્ક કાર્યરત છે. નોકરીવાંચ્છુ હજારો યુવકોને મ્યાનમાર લઈ જવાયા પછી પાસપોર્ટ કબજે કરી લેવામાં આવતાં હતાં. યુવકોને કોઈ એક જ સ્થળે ત્યાં ચલાવાતા કોલ સેન્ટર સાથે જ રહેણાંક હોય તેવા મકાનમાં ગોંધી રાખવામાં આવતાં હતાં. ભારતથી હજારો યુવકોને ગોંધી રાખી સાયબર ગુલામી કરાવાતી હોવા સામે સીબીઆઈએ કાર્યવાહી આરંભી હતી.

## 'ભાજપી ધારાસભ્ય દારૂના ધંધામાં ભાગીદાર' બુટલેગરનો પત્ર વાઈરલ, રાજકારણ ગરમાયું

સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. ઊના તાલુકાના ઉમેજ ગામના નામચીન બુટલેગર ભગા ઉકા જાદવે બે મહિના પહેલાં જેલમાંથી લખેલો એક કથિત પત્ર સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં તેણે ઊનાના ભાજપના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પર દારૂના ધંધામાં બરાબરના ભાગીદાર હોવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો છે. દારૂના દસથી વધુ કેસમાં સંડોવાયેલો અને હાલ ગુજસીટોક ગુના હેઠળ જૂનાગઢ જેલમાં બંધ બુટલેગર ભગા ઉકા જાદવે આ કથિત પત્ર 10મી સપ્ટેમ્બરે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને સંબોધીને લખ્યો હોવાનું કહેવાય છે. 10મી નવેમ્બરે આ પત્ર વાઈરલ થતાં રાજકારણમાં ભૂકંપ આવ્યો છે. કથિત પત્રમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, 'આ દારૂના ધંધામાં તમે (ધારાસભ્ય) અમારા બરાબરના ભાગીદાર છો. સાથે મળીને 13થી વધુ વખત દમણથી દારૂ મંગાવ્યો છે અને તેના 29 લાખ રૂપિયાના હિસાબનો ઉલ્લેખ પણ પત્રમાં કરાયો છે.' પત્રમાં યોગેશ રાઠોડ અને રવિ રાઠોડ સાથે દારૂના ધંધાની ભાગીદારીનો હિસાબ બાકી હોવાનો પણ ઉલ્લેખ છે. પત્રમાં LCBના હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈના ફોનનો ઉલ્લેખ છે કે, હમણાં દારૂનું કટિંગ નહીં અને એ દરમિયાન જ SMCએ રેડ કરી હતી. ભાજપના ધારાસભ્ય સામે થયેલા આ ખુલ્લા આક્ષેપોથી ગીર સોમનાથ જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. ઊનાના ભાજપના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે આ પત્ર મામલે જેલ પ્રશાસન સામે સવાલ ઊઠાવ્યા છે કે જેલમાંથી આવા પત્રો કેવી રીતે બહાર આવે છે.

## SIR : રાજ્યમાં 2.17 કરોડથી વધુ લોકોનું મેપિંગ, 3.90 કરોડ ફોર્મનું વિતરણ કરાયું

અમદાવાદ

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરીની સમગ્ર ટીમ મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે.

મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે. ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે.

હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ 50,963 બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ 5.08 કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી 11 નવેમ્બર 2025ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે 2.17 કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે 3.90 કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે.

# 26 જાન્યુ. એ લાલ કિલ્લો ઉડાડવાનો આતંકીઓનો 'મનસૂબો'

## આતંકીઓ બે વર્ષથી વિસ્ફોટકો ભેગા કરતા હતા, વિસ્ફોટમાં સામેલ શકીલ-તેનો સાથી તુર્કી ગયા હતા, જ્યાં કોઇ હેન્ડલરને મળ્યા હોવાની શંકા

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટની તપાસમાં નવો ખુલાસો થયો છે. આ વિસ્ફોટમાં માસ્ટરમાઇન્ડ તરીકે ડો. મુઝમ્મીલ શકીલનું નામ ચર્ચામાં છે. શકીલની પોલીસે ધરપકડ કરી લીધી છે, તપાસમાં સામે આવ્યું છે કે શકીલે આ વિસ્ફોટ પહેલા જાન્યુઆરી મહિનામાં લાલ કિલ્લાની રેકી કરી હતી. ૨૬મી જાન્યુઆરીના રોજ લાલ કિલ્લા પર મોટો વિસ્ફોટ કરવાનું કાવતરુ હતું જોકે સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ વધુ હોવાને કારણે હુમલાખોરો નિષ્ફળ રહ્યા હતા.



આતંકવાદીઓ બે વર્ષથી વિસ્ફોટકો ભેગા કરી રહ્યા હતા. લાલ કિલ્લા ઉપરાંત ઇન્ડિયા ગેટ, કોન્સ્ટિટ્યૂશન ક્લબ અને ગૌરીશંકર મંદિર પણ તેમના નિશાના પર હતા. દેશના અનેક શહેરોમાં વિસ્ફોટ કરવાનું કાવતરું હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આતંકીઓ ૨૦૦થી વધારે આઈઈડી સહિતના બોમ્બ બનાવી રહ્યા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપીઓમાં સામેલ ઉમર અને શકીલ બન્ને તુર્કી ગયા હતા. આ દરમિયાન તેઓ કોઈ વિદેશી હેન્ડલરને મળ્યા હતા કે કેમ તેને લઈને તપાસ ચાલી રહી છે. બન્નેના પાસપોર્ટ પર લગાવેલા સ્ટેમ્પના આધારે જાણવા મળ્યું કે તેઓ તુર્કી પણ ગયા હતા. દિલ્હી પોલીસ લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટને લઈને તમામ માહિતી એકઠી કરી રહી છે. આ વિસ્ફોટમાં આઇ-૨૦ કારનો ઉપયોગ થયો હતો.

## 'જે પણ દોષિત છે, તેને છોડવામાં નહીં આવે' બ્લાસ્ટના પીડિતોને મળ્યા બાદ મોદીનો હુંકાર



બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીની LNJP હૉસ્પિટલમાં પહોંચ્યા હતા. તેમણે દિલ્હી કાર બ્લાસ્ટમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી આજે ભુતાનથી દિલ્હી પરત ફર્યા અને પછી ઍરપોર્ટથી સીધા હૉસ્પિટલ પહોંચ્યા હતા. પીએમ મોદીએ ઘાયલો સાથે મુલાકાત કરી અને તેમના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી. હૉસ્પિટલના અધિકારીઓ અને ડૉક્ટરોએ પણ તેમને વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી. તેમજ આ ઘટના પર પીએમ મોદીએ કહ્યું કે, 'આ ષડયંત્ર પાછળ જે લોકો છે, તેમને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. જે પણ દોષિત છે, તેને છોડવામાં નહીં આવે.'

## કોંગ્રેસના કેન્દ્રને સવાલ: 'અમે સરકારની સાથે પણ નિષ્ફળતાની જવાબદારી કોની?

### સર્વપક્ષીય બેઠક તાકીદે બોલવવા વડાપ્રધાન સમક્ષ કોંગ્રેસની માંગ

**નવી દિલ્હી**

પવન ખેડાએ સવાલ ઉઠાવ્યો કે, 'ગૃહમંત્રી અમિત શાહ, અજીત ડોભાલ અને સુરક્ષા એજન્સીઓની કડક નજર હોવા છતાં, ફરીદાબાદમાં 2900 કિલો વિસ્ફોટક સામગ્રી કેવી રીતે પહોંચી ગઈ અને લાલ કિલ્લા પાસે થયેલા ધમાકાની જવાબદારી કોણ લેશે? ખાસ કરીને જ્યારે પુલવામા હુમલામાં RDX કેવી રીતે પહોંચ્યું તેનો જવાબ પણ આજ સુધી મળ્યો નથી.' પવન ખેડાએ આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાનની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક બોલાવવાની અને સંસદનું સત્ર વહેલી તકે બોલાવવાની માંગ કરી છે, તેમજ સરકાર મજબૂત વલણ અપનાવે તો તેમને સમર્થન આપવાની વાત પણ કરી છે.

**અલ-ફલાહ યુનિવર્સિટી સામે મોટી કાર્યવાહી, સરકારે સભ્યપદ રદ કર્યું**

દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં મોટી કાર્યવાહી કરતા એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (AIU) એ અલ-ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ રદ કર્યું છે. એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (AIU) એ પત્ર લખીને યુનિવર્સિટીને આ બાબતની જાણ કરી છે.

## દિલ્હીમાં કારમાં બ્લાસ્ટ આતંકવાદી ઉમરે જ કર્યો હતો, DNA ટેસ્ટથી પુષ્ટિ થઈ

### આતંકવાદી ગભરાયો અને ઉતાવળમાં બ્લાસ્ટ કર્યો હોવાનો પોલીસને આશંકા

**નવી દિલ્હી**

દિલ્હીમાં 10 નવેમ્બરે લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટ મામલે મોટો ખુલાસો થયો છે. પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકવાદી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકવાદી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે 100 ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો જેના કારણે 12 નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે 20 ઈજાગ્રસ્ત થયા. આતંકવાદીએ 11 દિવસ અગાઉ જ આ કાર ખરીદી હતી. તે ફરીદાબાદના વ્હાઈટ કોલર ટેરર મોડ્યુલનો સદસ્ય હતો. સુરક્ષા એજન્સીઓ દ્વારા ફરીદાબાદ અને કાશ્મીરમાં થયેલી કાર્યવાહી જોઈ આતંકવાદી ગભરાઈ ગયો અને ઉતાવળમાં બ્લાસ્ટ કર્યો હોવાનો પોલીસને આશંકા છે. પોલીસને એમ પણ આશંકા છે કે આતંકવાદીના પરિવારને પહેલેથી જ જાણ હતી કે તે કટ્ટરપંથી બની ગયો છે છતાં સુરક્ષા એજન્સીઓને જાણ કરી નહીં. સરકારે પણ તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો છે. દરમિયાન, કારમાં બેઠેલા યુવાન અંગે હવે પુષ્ટિ થઈ છે કે i20 કાર ચલાવનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પણ ડૉ. ઉમર હતો.

## દિલ્હી સાથે 4 મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો પ્લાન : ખુલાસો

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં સતત મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આતંકીઓની યોજના માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય ચાર શહેરોમાં આતંક મચાવવાની હતી. લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓએ ચાર શહેરોમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનો પ્લાન હતો. અહેવાલો અનુસાર, આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. દરેક ગ્રૂપ પાસે અનેક ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED) વહન કરવાના હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાના હતા. સુરક્ષા એજન્સીઓ હવે આ શંકાસ્પદોની પ્રવૃત્તિઓ અને નેટવર્કની તપાસ કરી રહી છે.




## આતંકી ડોક્ટરોએ 'થ્રીમા' પર રચ્યું હતું ષડયંત્ર

બ્લાસ્ટ મામલે મોટો ખુલાસો થયો છે. પોલીસ અધિકારીઓના અનુસાર, ફરીદાબાદ ખાતે અલ-ફલાહ યુનિવર્સિટીથી જોડાયેલા ત્રણ ડોક્ટરોએ આ ષડયંત્રમાં ભાગ લીધો હતો અને તેઓ સ્વિસ એપ 'થ્રીમા'ના માધ્યમથી એકબીજા સાથે સંપર્કમાં હતા. ગુરુવારે પોલીસે આ વાતની માહિતી આપી. તેમણે સ્પષ્ટ કર્યું કે, આ ત્રણેય શંકાસ્પદ (ડૉ. ઉમર ઉન નબી, ડૉ. મુઝમ્મિલ ગનઈ અને ડૉ. શાહીન શાહિદ) કથિત રીતે આ ઇન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપનો ઉપયોગ આતંકી યોજનાને તૈયાર કરવા અને વાતચીત કરવા માટે કરતા હતા. તપાસ ટીમને આશંકા છે કે, આરોપી ડોક્ટરોએ સુરક્ષિત વાતચીત અને પોતાની ઓળખ છુપાવી રાખવાના ઉદ્દેશ્યથી એક ખાનગી 'થ્રીમા' સર્વર તૈયાર કર્યું હતું. આ સર્વરનો ઉપયોગ કથિત રીતે દિલ્હી બ્લાસ્ટના ષડયંત્રથી જોડાયેલા ગુપ્ત દસ્તાવેજો અને નકશાઓને શેર કરવા માટે થયો હતો.

## ભારતને અમારી મદદની જરૂર નથી, તે ખુદ સક્ષમ : અમેરિકાને આવ્યું ડહાપણ

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ દિલ્હી બ્લાસ્ટની તપાસ અંગે ભારતને મદદની ઓફરના સવાલ પર કહ્યુ કે ભારતીય એજન્સીઓ આ પ્રકારની ઘટનાઓની તપાસ કરવામાં પુરી સક્ષમ છે. તેમને અમારી મદદની જરૂર નથી. ઓપરેશન સિંદૂર બાદ અમેરિકાને આવ્યુ ડહાપણ, દિલ્હી બ્લાસ્ટની તપાસ અંગે કહ્યુ ભારતને અમારી મદદની જરૂર નથી, તે ખુદ સક્ષમ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ બુધવારે કહ્યુ કે તેના દેશમાં બોંબ બ્લાસ્ટની તપાસમાં ભારતની મદદનો ઓફર કરી હતી. જી-7 વિદેશ મંત્રીઓની બેઠક બાદ કેનેડાના પત્રકારો સાથે વાત કરતા રૂબિયોએ કહ્યુ અમે મદદની ઓફર કરી પરંતુ મને લાગે છે કે આ પ્રકારની ઘટનાઓની તપાસ કરવામાં તેઓ સંપૂર્ણ રીતે સક્ષમ છે. તેમને અમારી મદદની જરૂર નથી અને તેઓ સારુ કામ કરી રહ્યા છે.

## બ્લાસ્ટના આરોપીની બહેનની ધરપકડ, બંને ડૉક્ટર, બાંગ્લાદેશ કનેક્શનનો પણ ખુલાસો

દિલ્હીના લાલ કિલ્લા પાસે 10 નવેમ્બરના રોજ ભયાનક કાર વિસ્ફોટ થયા બાદ દેશભરમાં તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે, ત્યારે જમ્મુ-કાશ્મીર પોલીસે બ્લાસ્ટ કેસના મુખ્ય આરોપી ડૉ.મુજમ્મિલ શકીલ ગનીની બહેન ડૉ. અસમત શકીલની ધરપકડ કરી છે. 30 વર્ષિય અસમત શકીલે જાન્યુઆરી-2025માં બાંગ્લાદેશમાં MBBSનો અભ્યાસ પૂરો કર્યો હતો. તેમના પિતાનું નામ શકીલ અહ ગનઈ છે, જે પુલવામાનો રહેવાસી છે. ડૉ.મુજમ્મિલની પહેલા જ ધરપકડ કરી લેવામાં આવી છે, તે જૈશ-એ-મોહમ્મદ અને એજીયુએચ નામના આતંકવાદી સંગઠનોના મોડ્યુલ સાથે સંબંધ ધરાવતો હતો.

## દિલ્હી, મુંબઇ, ચેન્નઇ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

મુંબઈથી વારાણસી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટને વચ્ચે ઉડાન દરમિયાન બોમ્બની ધમકી મળી હતી. બાદમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. બપોરે 3.30 વાગ્યે ઇન્ડિગોને ઈમેલ દ્વારા પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે, જેના કારણે હડકંપ મચી ગયો છે. તમામ મુસાફરોને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, જ્યારે બોમ્બ નિરોધક દળે વિમાનની સંપૂર્ણ તપાસ કરી છે. હજી સુધી કોઈ શંકાસ્પદ સામાન મળ્યો નથી.

## દિલ્હી કાર બ્લાસ્ટના પીડિતો માટે વળતર જાહેર, મૃતકોના પરિજનોને રૂ.10 લાખ અપાશે

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોશિયલ મીડિયા સાઈટ 'X' પર લખ્યું કે, 'દિલ્હીમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓથી આખું શહેર સ્તબ્ધ કરી દેવાયું છે. આ મુશ્કેલ સમયમાં દિલ્હી સરકારની ઊંડી સંવેદનાઓ તે તમામ પરિવારો સાથે છે જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે અને જે આ ઘટનામાં ઘાયલ થયા છે.' મુખ્યમંત્રીએ લખ્યું કે, 'દિલ્હી સરકાર દરેક પીડિત પરિવારની સાથે મજબૂતીથી ઊભી છે મૃતકોના પરિવારજનોને રૂ.10 લાખ, સ્થાયી રીતે અક્ષમ લોકોને રૂ.5 લાખ, ગંભીર રીતે ઘાયલોને રૂ.2 લાખની રકમ આપશે. ઘાયલોની યોગ્ય અને ગુણવત્તાયુક્ત સારવારની જવાબદારી અમારી સરકાર લેશે.

## નવી દિલ્હીમાં વિસ્ફોટ થયાં બાદ સમગ્ર જમ્મુ કાશ્મીર ઘાટીમાંથી 1500થી વધુ લોકોની અટકાયત

દિલ્હીમાં થયેલા વિસ્ફોટ બાદ કાશ્મીર ઘાટીમાં સુરક્ષાદળો દ્વારા તપાસ અભિયાન વધુ આક્રમક બનાવી દેવાયું છે. અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. તપાસ દરમિયાન અનેક શંકાસ્પદ સામગ્રી મળી આવી છે. અલગતવાદીઓ અને કટ્ટરવાદીઓની ઇકો-સિસ્ટમ પર આ એક રીતે સીધો પ્રહાર માનવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં વિસ્ફોટ થયો તેની લિંક જમ્મુ કાશ્મીર સાથે જોડાયેલી છે. જેને પગલે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળો વધુ એલર્ટ થઈ ગયા છે. આતંકીઓનું પાઇનાન્શિયલ નેટવર્ક, ઓનલાઇન લિંક વગેરેને તોડવા માટે હાલ આ તપાસ અભિયાન ઘણુ જ મહત્વનું માનવામાં આવી રહ્યું છે.

# છત્તીસગઢ બીજાપુરમાં સુરક્ષાદળો-માઓવાદીઓ વચ્ચે અથડામણ, 6ને ઠાર મરાયા, વિસ્ફોટકો જપ્ત

**બીજાપુર**

બીજાપુર જિલ્લાના નેશનલ પાર્ક વિસ્તારમાં ગુરુવારે સવારથી સુરક્ષાબળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ દરમિયાન સામસામે ગોળીબારની ઘટનામાં બની છે. આ અથડામણમાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી છે અને અત્યાર સુધીમાં 6 માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. ઘટનાસ્થળેથી ઓટોમેટિક હથિયારો, ઈન્સાસ રાઈફલ, સ્ટેનગન, 303 રાઈફલ અને વિસ્ફોટક સામગ્રી સહિત માઓવાદીઓનો મોટો સામાન જપ્ત કરવામાં આવ્યો છે.



માઓવાદીઓની હાજરીની ગુપ્ત માહિતીના આધારે, ડીઆરજી બીજાપુર, ડીઆરજી દંતેવાડા અને એસટીએફની સંયુક્ત ટીમે આજે સવારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન નેશનલ પાર્ક વિસ્તારમાં માઓવાદીઓ સાથે અથડામણ થઈ, જે સવારથી ચાલુ છે. પોલીસ અધિક્ષક ડો.જિતેન્દ્ર યાદવે છ માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યાની પુષ્ટિ કરી છે. બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક (IG) સુંદરરાજે કહ્યું કે, છ કુખ્યાત માઓવાદી માર્યા ગયા છે. ફરાર થયેલા અન્ય માઓવાદીઓને ઘેરી લેવા માટે ડીઆરજી, એસટીએફ, બસ્તર ફાઈટર, સીઆરપીએફ અને સીએએફની વધારાની ટીમોને આસપાસના વિસ્તારોમાં મોકલી આપવામાં આવી છે.

# મુર્શિદાબાદમાં ભયાનક સિલિન્ડર બ્લાસ્ટ એક બાળકનું મોત, 6 લોકો થયા ઘાયલ

### રસોઈ બનાવતી વખતે ગેસ સિલિન્ડર ફાટ્યો હતો

**મુર્શિદાબાદ**

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં એક ભયાનક દુર્ઘટના બની છે. કાંદી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રામેશ્વરપુર ગામમાં એક ઘરમાં રસોઈ બનાવતી વખતે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ થતાં જ ઘટનાસ્થળે આગ લાગી ગઈ, જેના કારણે વ્યાપક ગભરાટ ફેલાયો છે.

આ દુર્ઘટનામાં એક જ પરિવારના 6 સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે, જ્યારે એક બાળકનું મોત નીપજ્યું છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, ઘટનાની તપાસ કરી અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે. ઘટના બાદ ઘટનાસ્થળે ભીડ એકઠી થઈ ગઈ છે. અહેવાલો મુજબ મુર્શિદાબાદ જિલ્લાના કાંદી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા રામેશ્વરપુર ગામમાં બુધવારે એક ભયાનક બ્લાસ્ટ થયો હતો. સવારે એક પરિવાર ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરીને ભોજન રાંધી રહ્યો હતો. અચાનક ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો અને અચાનક બ્લાસ્ટથી ઘરમાં આગ લાગતાં સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.

# સેબીનાં ચેરમેન-અધિકારીઓ સંપત્તિ જાહેર કરે : સમિતિ દ્વારા ભલામણ

**નવી દિલ્હી**

દેશમાં ઈન્સાઈડર ટ્રેડિંગનું દૂષણ અટકાવવા કંપનીઓના પ્રમોટરો, સંવેદનશીલ માહિતી ધરાવનારા અધિકારીઓ, સેબી ઈન્ટરમીડિયરીઝ સહિત માટે ડિસ્કલોઝર્સના કડક નિયમનો લાગુ છે, ત્યારે હવે ખુદ સેબીના ટોચના અધિકારીઓ માટે પણ આ નિયમનો-પારદર્શકતા લાવી ડિસ્કલોઝર્સ ફરજિયાત કરવાની સરાહનીય પહેલ કરવામાં આવી છે. મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના મેમ્બરો અને અધિકારીઓના હિતોના ટકરાવ-કોન્ફલિક્ટ ઓફ ઈન્ટરેસ્ટ, ડિસ્કલોઝર્સ અને સંબંધિત બાબતોની સમીક્ષા કરવા માટે નિયમનકાર દ્વારા રચવામાં આવેલી ઉચ્ચ-સ્તરીય સમિતિએ તેમની ભલામણો રજૂ કરી છે. સેબી બોર્ડ માટેની ડિસ્કલોઝર્સ અને હિતોના ટકરાવ સંબંધિત ભલામણોને અલગ નિયમોને સૂચિત કરીને લાગુ કરી શકે છે. જેનાથી તે કાયદેસર રીતે લાગુ થઈ શકશે. પેનલે સૂચન કર્યું છે કે, સેબી (ઈન્સાઈડર ટ્રેડિંગ પ્રતિબંધ) નિયમનો, ૨૦૧૫ના હેતુ માટે સેબીના ચેરમેન અને પૂર્ણ-સમયના મેમ્બરોને ઈન્સાઈડરની વ્યાખ્યામાં લાવવા જોઈએ.

# છત્તીસગઢ લીકર કૌભાંડમાં ઈડીએ પૂર્વ સીએમ ભૂપેશ બઘેલના પુત્રની કરોડોની સંપત્તિ જપ્ત કરી

### પ્લોટ, જમીન, બેંક બેલેન્સ જપ્ત, બ્લેક મનીને વ્હાઈટ મની કરવાનો પણ ખેલ કર્યો

**રાંચી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) છત્તીસગઢના કથિત લિકર કૌભાંડની ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ જોગવાઈઓ હેઠળ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની 61.20 કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે.

ઈડીએ આ મામલે 59.96 કરોડ રૂપિયાની કિંમતના 364 રહેણાંક પ્લોટ અને કૃષિ જમીન તેમજ 1.24 કરોડ રૂપિયા બેંક બેલેન્સ અને ફિક્સ્ડ ડિપોઝિટ જપ્ત કરી છે. ઈડીએ કહ્યું કે, આ પગલું છત્તીસગઢમાં કથિત લિકર કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસોની તપાસ દરમિયાન લેવામાં આવ્યું છે. એજન્સીનું માનવું છે કે, આ કૌભાંડ દ્વારા 2500 કરોડ રૂપિયાની અપરાધની આવક એકઠી કરવામાં આવી હતી.

ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર હોવાના કારણે ચૈતન્ય બઘેલ લિકર સિન્ડિકેટના ટોચના સ્થાને હતો. ચૈતન્યને લિકર સિન્ડિકેટના નિયંત્રક અને અંતિમ અધિકારી બનાવાયો હતો. ઈડીએ દાવો કર્યો છે કે, ચૈતન્ય સિન્ડિકેટ દ્વારા એકઠા કરાયેલા તમામ ગેરકાયદે નાણાંનો હિસાબ રાખતો હતો. ઈડીને એ પણ જાણવા મળ્યું છે કે, ચૈતન્યએ આ બ્લેક મનીને વ્હાઈટ મની બતાવવા માટે રિયલ એસ્ટેટથી થયેલી આવક દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો.

# ઉત્તરપ્રદેશના બારાબંકીમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ થતાં બેના મોત, ત્રણ ઈજાગ્રસ્ત

### દૂર સુધી સંભળાયો વિસ્ફોટનો અવાજ, ફેક્ટરીની ઈમારતો પણ ધરાશાયી થઈ ગઈ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના સરાયે બરાઈ ગામમાં એક ફટાકડા ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ થયો છે. આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે ત્રણ અન્ય લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ફેક્ટરીમાં ફટાકડા બનાવવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક મોટો વિસ્ફોટ થયો હતો. ધડાકો એટલો ભયાનક હતો કે, ફેક્ટરીની ઈમારતનો



મોટો ભાગ ધરાશાયી થઈ ગયો હતો. વિસ્ફોટનો અવાજ દૂર સુધી સંભળાતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિકોએ કહ્યું કે, વિસ્ફોટના કારણે આસપાસની દીવાલો પણ હલી ગઈ હતી.

આ વિસ્ફોટમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને તેમના શરીરના ટુકડા અનેક મીટર સુધી પડ્યા હતા. બીજી તરફ ગંભીર રીતે દાઝી ગયેલા ત્રણ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. ત્રણેય ઘાયલોની હાલત નાજુક જણાવાઈ રહી છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી.

# તિરુપતિ મંદિરના લાડુમાં નકલી ઘી વિવાદ સનાતન ધર્મ પરીક્ષણ બોર્ડ રચવા માગણી

**હૈદરાબાદ**

આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં લાડુના પ્રસાદમાં ઉપયોગમાં લેવામાં આવતું ભેળસેળયુક્ત નકલી ઘીના વિવાદ વચ્ચે રાજ્યના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે હિન્દુ ધર્મ અને સનાતન ધર્મના રક્ષણ માટે સનાતન ધર્મ પરીક્ષણ બોર્ડની સ્થાપના કરવાનું આવાહ્ન કર્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરવામાં આવેલી એક પોસ્ટમાં પવન કલ્યાણે કહ્યું કે, 'સનાતનવાદીઓની લાગણીઓ અને પ્રથાઓની મજાક ઉડાવવામાં આવી રહી છે અને તેમને નબળી પાડવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ લખ્યું, 'વૈશ્વિક હિન્દુ સમુદાય માટે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ એક તીર્થસ્થાન કરતાં ઘણું વિશેષ છે. આ એક પવિત્ર આધ્યાત્મિક પ્રવાસ છે. તિરુપતિ લાડુ માત્ર કોઈ એક મીઠાઈ નથી; આ એક સહિયારી ભાવના છે. અમે તેને મિત્રો, પરિવાર અને અજાણ્યાઓ સાથે સમાન રીતે શેર કરીએ છીએ, કારણ કે, તે આપણી સામૂહિક શ્રદ્ધા અને ઊંડા વિશ્વાસનું પ્રતીક છે.' તેઓએ આગળ લખ્યું છે કે, 'સરેરાશ, દર વર્ષે આશરે 25 મિલિયન ભક્તો તિરુમાલાની મુલાકાત લે છે, અને જ્યારે સનાતનવાદીઓની ભાવનાઓ અને પ્રથાઓની મજાક ઉડાવવામાં આવે છે,

# હવે IT ખાતું પણ AIની મદદથી બેંક ખાતા પર નજર રાખશે

**નવી દિલ્હી**

આયકર વિભાગ AI-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લઈને હવે બેન્ક ખાતાંઓ પર નજર રાખી રહી છે. બેન્કના બચત બેન્ક ખાતાંમાં અસામાન્ય રીતે ઊંચું બેલેન્સ જોવા મળશે તો પણ કરદાતાની પૂછપરછ કરે તેવી સંભાવના છે. જો તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ખર્ચ ઓછો હોવા છતાં વધારે સિલક-બેલેન્સ દેખાય તો પણ આવકવેરા વિભાગ તમારા નાણાંના સ્ત્રોત અંગે સ્પષ્ટતા માંગે તેવી શક્યતા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટ્રેકિંગથી વિભાગે ઘણા કિસ્સાઓ શોધી કાઢ્યા છે જેમાં વ્યક્તિઓએ અજાણ્યા સ્ત્રોતમાંથી મળેલા નાણાં વાપર્યા હોવાનું બહાર આવ્યું છે. જો પગારના ખાતામાંથી તમારા ખર્ચા ઓછા થતા હોય અને તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ઊંચુ બેલેન્સ છે, તો આવકવેરા વિભાગ તમારા નાણાં ક્યાંથી આવ્યા તેની પૂછપરછ કરી શકે છે.

# 6 વર્ષ માટે રૂ. ૨૫,૦૬૦ કરોડનાં ખર્ચે એક્સપોર્ટ પ્રમોશન મિશનને લીલીઝંડી

### મિશનથી નિકાસકારોને ટેરિફનો સામનો કરવામાં મદદ મળશે

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષથી શરૂ કરીને છ નાણાકીય વર્ષ માટે રૂ. ૨૫,૦૬૦ કરોડનાં ખર્ચે એક્સપોર્ટ પ્રમોશન મિશનને મંજૂરી આપી છે. જે નિકાસકારોને US દ્વારા લાદવામાં આવેલા ઉંચા ટેરિફનો સામનો કરવામાં મદદ કરશે. આ મિશન બે પેટા યોજનાઓ નિર્યાત પ્રોત્સાહન અને નિર્યાત દિશા દ્વારા અમલમાં મૂકવામાં આવશે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું હતું કે આ એક ખૂબ જ વ્યાપક મિશન છે અને તે સંપૂર્ણ નિકાસ ઈકોસિસ્ટમને ટેકો આપશે. આ મિશન હેઠળ ટેક્સટાઈલ, લેધર, હીરા અને ઝવેરાત, એન્જિનિયરિંગ વસ્તુઓ અને દરિયાઈ ઉત્પાદનો જેવા તાજેતરનાં વૈશ્વિક ટેરિફ વધારાથી અસરગ્રસ્ત ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ પગલાથી સ્થાનિક નિકાસકારોને ભારતીય વસ્તુઓ પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ઉંચા ટેરિફથી બચાવવામાં મદદ મળશે. અમેરિકાએ ૨૭ ઓગસ્ટથી ભારતીય વસ્તુઓ પર ૫૦ ટકા ઉંચો ટેરિફ નાખ્યો છે.

# કોંગ્રેસને ઝટકો, પૂર્વ કેન્દ્રીયમંત્રી શકીલ અહેમદનું રાજીનામું

**નવી દિલ્હી**

બિહાર વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. શકીલ અહમદે કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે જણાવ્યું કે તેમણે આ નિર્ણય "ભારે હૃદયે" લીધો છે. પોતાના રાજીનામા પત્રમાં ડૉ. શકીલ અહમદે એક ભાવુક વાત લખી, જેણે સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે કહ્યું, "હું આજે પણ કોંગ્રેસની વિચારધારા અને સિદ્ધાંતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું. મારા રાજીનામાનો અર્થ એ નથી કે હું કોઈ અન્ય પાર્ટીમાં જોડાઈ રહ્યો છું... મારા જીવનનો છેલ્લો વોટ પણ કોંગ્રેસને જ જશે. ડૉ. શકીલ અહમદના આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ બિહાર કોંગ્રેસ એકમમાં ચાલી રહેલા આંતરિક મતભેદો અને રાજ્યના નેતૃત્વ પ્રત્યેનો અસંતોષ માનવામાં આવે છે.

# પેરુમાં વાનને ટક્કર વાગતાં બસ 200 મીટર ઊંડી ખીણમાં ખાબકી, 37 મુસાફરોના મોત

**અરેક્વિપા**

દક્ષિણી પેરુના અરેક્વિપા વિસ્તારમાં બુધવારે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. ચાલા શહેરથી અરેક્વિપા જઈ રહેલી એક મુસાફર બસ અન્ય એક વાહન સાથે અથડાયા બાદ 200 મીટર ઊંડી ખીણમાં ઓકોના નદી કિનારે ખાબકી હતી.

અરેક્વિપાના પ્રાદેશિક આરોગ્ય પ્રમુખ વાલ્થર ઓપોર્ટોના જણાવ્યા મુજબ, બસ ઓકોના જિલ્લામાંથી પસાર થઈ રહી હતી. બસે એક વાનને ટક્કર મારી, જેના કારણે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો અને બસ રસ્તા પરથી પલટીને ઊંડી ખીણમાં ખાબકી હતી. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 37 લોકોના મૃત્યુ થયા હતા, જ્યારે 26 લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં ત્રણની હાલત ગંભીર થયા હતા.



સ્થાનિક ફાયર બ્રિગેડના વાહનો અને બચાવ દળની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રાહત કાર્ય શરૂ કર્યું હતું. ઘાયલોને હેલિકોપ્ટર અને એમ્બ્યુલન્સની મદદથી નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રારંભિક રિપોર્ટમાં બસ ચાલકે વચમાં આવેલી વાનથી બચવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવ્યો હોવાનું સામે આવ્યું છે.

# ચીનના હુનાન પ્રાંતમાં 10 વર્ષ સુધી ડાન્સ કરી માતા પુત્રીને કોમામાંથી બહાર લાવી

## ભાજપ-RSS નેતાઓ પર પણ હુમલો કરવામાં આવ્યો

**બેઇજિંગ**

માતાએ કોમામાં સરી પડેલી પુત્રી સામે ૧૦ વર્ષ સુધી ડાંસ કરીને ભાનમાં લાવી હોવાની ચોંકાવનારી ઘટના બની છે. કોમાની સારવાર કરવા માટે તબીબોએ વર્ષો પહેલા આશા છોડી દીધી હતી પરંતુ એક માતાના પ્રેમમાં શું તાકાત હોય છે તે ચીનની મહિલાએ સાબીત કર્યુ છે. આ સુખદ અને ચકચાર જગાવનારી ઘટના ચીનના હુનાન પ્રાંતમાં બની છે જેનું સૌનું ધ્યાન ખેંચ્યું છે. ૫૯ વર્ષીય માતા શિયાઓ જિએફેઈની કોમામાં રહેતી પુત્રીનું નામ યાંગ ફાંગ હતી. છેલ્લા ૧૦ વર્ષથી માતા પોતાની દિકરીને વ્હિલચેરમાં બેસાડીને પાર્કમાં ફરવા જતી હતી. ખૂદ એક સાથે થિરકતી અને, સ્કવાયક ડાંસની ધૂન પર ઝુલાવતી હતી. આ કોઇ એકસરસાઇઝ ન હતી પરંતુ પોતાના સંતાનને ભાનમાં લાવવાનો ભાવનાત્મક પ્રયાસ હતો. દરેક બીટ દરેક તાલ અને પ્રાર્થના સાથે આશા જોડાયેલી હતી.ચાઇના મોર્નિંગ પોસ્ટના અહેવાલ અનુસાર શિયાઓએ સમગ્ર ૧૦ વર્ષ ડાન્સ થેરેપી આપી તેનું આ પરિણામ હતું પરંતુ હોસ્પિટલ આને ચમત્કાર સમજે છે.

# કાશ પટેલની પાર્ટનરનો પોડકાસ્ટર પર રૂ.45 કરોડનો બદનક્ષીનો દાવો

## એલિજાહે આ બનાવટી નેરેટિવનો ઉપયોગ કર્યો હતો

**ન્યૂયોર્ક**

એફબીઆઈ ડિરેક્ટર કાશ પટેલની પાર્ટનર એલેક્સિસ વિલ્કિન્સે તેને ઇઝરાયેલી જાસૂસ કહેવા બદલ પોડકાસ્ટર પર ૫૦ લાખ ડોલર (અંદાજે ૪૫ કરોડ રૂપિયા)ના બદનક્ષી દાવો માંડયો છે. કન્ઝર્વેટિવ પોડકાસ્ટર એલિઝાહ તેના પર ઇઝરાયેલી જાસૂસ હોવાનો ખોટો આક્ષેપ કરતી હોવાનો દાવો તેણે કર્યો છે. કોર્ટમાં ફાઇલ દસ્તાવેજ મુજબ એલિજાહે ખોટા આક્ષેપ કરીને તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી છે.

ન્યૂઝવીકના જણાવ્યા મુજબ એલિજાહ શાફર અમેરિકામાં જન્મેલી એલેક્સિસ વિલ્કિન્સ પર વિદેશી એજન્ટ હોવાનો અને કાશ પટેલની પ્રેમિકા તરીકે તેના પર પ્રભાવ પાડવાનો આક્ષેપ પરોક્ષ રીતે કર્યો છે. કોર્ટના ફાઈલિંગમાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે એલિજાહે આ બનાવટી નેરેટિવનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર તેના તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યુ છે.

# ટ્રમ્પને ડહાપણની દાઢ ફૂટી : હવે અમેરિકા પ્રતિભાશાળીને આવકારવા માટે આતૂર

**ન્યૂયોર્ક**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ગજબનાક યુ-ટર્ન માર્યો છે. તેમણે આશ્ચર્યજનક રીતે એચ-૧બી વિઝા કાર્યક્રમનો બચાવ કર્યો છે. તેમનું કહેવું છે કે તેના કારણે આખા વિશ્વની પ્રતિભા અમેરિકામાં આવે છે. ટ્રમ્પના મોઢેથી આ વાત સાંભળીને આખા અમેરિકાએ જ નહીં સમગ્ર વિશ્વએ આશ્ચર્યની લાગણી અનુભવી છે. ગેરકાયદે વસાહતીઓ પાછળ પડી જનારા ટ્રમ્પ આવું બોલે તેવી કોઈને કલ્પના પણ ન હતી.

તેમા પણ ટ્રમ્પે એચ-૧બી વિઝા પ



જે રીતે બરોબરની ધડબડાટી બોલાવી છે તે જોતાં તો ત એમ જ લાગે કે ટ્રમ્પ એચ-વનબી વિઝાને જાણે કે ખતમ જ કરી નાખશે. તેમણે તેની ફી પણ એક લાખ ડોલર કરી નાખી છે, જેથી કંપનીઓ પોતે પણ તેને સ્પોન્સર કરતાં ખચકાય. આ ઉપરાંત તાજેતરમાં જ એચ-વનબી વિઝાના ૧૭૫ કેસમાં દૂરુપયોગની શંકાએ તપાસના આદેશ આપ્યા છે. હવે આ જ ટ્રમ્પ તેની તરફેણ કરે તો જાણે સૂરજ પૂર્વના બદલે પશ્ચિમમાં ઉગતો હોય તેવું લાગે છે. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ વિદેશી રોકાણકાર કે કોઈ દેસ ૧૦ અબજ ડોલરનું જંગી રોકાણ કરતો પ્લાન્ટ સ્થાપે તો આપણે કંઈ તેના માટે બેરોજગારીની લાઇનમાંથી ઊભેલા લોકોને રાતોરાત મિસાઇલ બનાવવાની ફેક્ટરીમાં શિફ્ટ ન કરી શકીએ.


# પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ કોર્ટનાં પટાંગણમાં બોમ્બ વિસ્ફોટ : 12નાં મોત, 20થી વધુ ગંભીર

## 'પિક અવર્સ'માં આત્મઘાતી વિસ્ફોટ, પાર્કિંગ-લોટમાં કેટલીક કાર સળગી ઊઠી હતી

**ઈસ્લામાબાદ**

૧૯૭૧નાં યુદ્ધમાં ભારતના હાથે પ્રચંડ પરાજય પામ્યા પછી પાકિસ્તાને, ભારતને પજવવા આતંકવાદને પાળ્યો પોષ્યો છે. હવે તે જ આતંકવાદ તેની સામે પડયો છે. કાબુ-બહાર ચાલ્યો ગયો છે. પાકિસ્તાનને હાથનાં કર્યાં હૈયે વારેવાર વાગે છે.

આજે (મંગળવારે) બપોરે ૧૨.૩૦ કલાકે કોર્ટનું કામકાજ પૂરજોશમાં ચાલી રહ્યું હતું ત્યારે એક પાર્કડ વ્હીકલમાં પ્રચંડ બોમ્બ વિસ્ફોટ થયો હતો. તેનો



ધડાકો એટલો જબરજસ્ત હતો કે, તેનો અવાજ ૬ કિમી. દૂર સુધી સંભળાયો હતો. આ વિસ્ફોટના કેટલાયે વિડીયો ઉતારવામાં આવ્યા છે. જેમાં પાર્કિંગ લોટમાંથી ધૂમાડાના ગોટા અને ભડકા દેખાય છે. આ વિસ્ફોટમાં મોટા ભાગના વકીલો માર્યા ગયા હતા. ઈજા પામેલાઓમાં પણ ઘણા વકીલો હતા. આ વિસ્ફોટ આત્મઘાતી વિસ્ફોટ હોવાની પોલીસને પૂરી શંકા છે. આ વિસ્ફોટમાંથી બચી ગયેલા એક વકીલ રૂસ્તમ મલિકે પત્રકારોને કહ્યું હતું કે 'મેં જેવી મારી કાર પાર્ક કરી, અને કોર્ટનાં મકાનમાં દાખલ થયો હતો ત્યારે મેં બહારના મેઈન ગેઈટ પાસે પ્રચંડ ધડાકો સાંભળ્યો હતો. મેં બે મૃતદેહો પણ જોયા, કેટલીયે મોટરો સળગી રહી હતી.'

# પાક.માં શિક્ષણ વિભાગના કર્મીઓનો 2.5 વર્ષથી પગાર નહી થતાં દેખાવ

## દેખાવકારોએ ન્યાયની માંગ સાથે ભૂખ હડતાળ શરૂ કરી

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી કથળી છે કે તેના શિક્ષણ વિભાગના કર્મચારીઓને 28 મહિનાથી વેતન નથી મળ્યું. આથી નારાજ કર્મચારીઓ સડક પર ઉતર્યા છે. પગાર માગે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુલ જણાવે છે કે, શિક્ષણ વિભાગના નિમ્ન કર્મચારીઓએ હૈદરાબાદ પ્રેસ કલબ સામે બેસી ધરણા શરૂ કર્યાનો આજે 14મો દિવસ છે. તેઓ છેલ્લા 28 મહિનાથી બાકી રહેલો પગાર માગે છે. હતાશ અને આર્થિક ભીંસ અનુભવતા આ દેખાવકારોએ નારા લગાવવા શરૂ કર્યા છે. પ્લે-કાર્ડઝ દર્શાવી રહ્યા છે. તેઓ ન્યાય અને સમયસર પગારની માગણી કરી રહ્યા છે. સાથે ભૂખ-હડતાળ શરૂ કરી છે.

તેઓ કહે છે, શિક્ષણ વિભાગે 2021 માં નિમ્ન પદો પર ભરતી શરૂ કરી, જે પ્રમાણે ૨૦૨૩માં તેમને નોકરી મળી. તમણે તમામ કાનૂની અને વહીવટી ઔપચારિકતા પૂરી કરી હોવા છતાં કેટલીએ સ્કૂલોના કુલ મળી 669 કર્મચારીઓને હજી સુધી પગારનો એક પૈસો પણ નથી મળ્યો. આથી તેઓ ગંભીર આર્થિક સંકટમાં પડી ગયા છે.

# ઘરમાં ઘુસી હુમલો કરીશું : પાકિસ્તાનના રક્ષામંત્રીની અફઘાનિસ્તાનને ધમકી

## USને જવાબ આપવા રશિયા પરમાણુ પરીક્ષણ કરવાની તૈયારીમાં

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં બે મોટા આત્મઘાતી હુમલા થયા હતા જેણે દેશની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પ્રથમ ઈસ્લામાબાદમાં અને બીજો ખૈબર પખ્તુનખ્વાના વાનામાં સ્થિત આર્મી કેડેટ કોલેજ પર થયો હતો. હુમલાઓ બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે ખુલ્લેઆમ ચેતવણી આપી છે કે પાકિસ્તાની સેના હવે અફઘાનિસ્તાનની અંદર ઘૂસીને આતંકવાદીઓ પર હુમલો કરી શકે છે. એક ટીવી કાર્યક્રમમાં બોલતા, પાક. મંત્રી ખ્વાજા આસિફે આ હુમલાઓ માટે સીધો આરોપ અફઘાન તાલિબાન પર લગાવ્યો. તેમણે કહ્યું, અફઘાન તાલિબાન દ્વારા આશ્રય મેળવતા લોકો અમારા પર વારંવાર હુમલા કરી રહ્યા છે. તેમણે હુમલા બાદ અફઘાન શાસન દ્વારા વ્યક્ત કરવામાં આવેલા દુઃખને ફગાવી દેતા કહ્યું કે આવા શોક સંદેશાને "પ્રામાણિકતાનો પુરાવો માની શકાય નહીં."

# તૂર્કિયેનું સૈન્ય-માલવાહક વિમાન જ્યોર્જિયામાં ક્રેશ થતાં તમામ 20 જવાનોના મોતની આશંકા

**અઝરબૈજાન**

તૂર્કિયેનું એક સૈન્ય માલવાહક વિમાન જોર્જિયામાં અઝરબૈજાનની બોર્ડર નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. તૂર્કિયે અને જ્યોર્જિયાના અધિકારીઓએ આ માહિતી આપી હતી. તૂર્કિયેના સમાચાર ચેનલો પર દેખાડવામાં આવેલા વીડિયો ફૂટેજમાં વિમાનને આકાશમાં ફરતું ફરતું નીચે પડ્યું અને સફેદ ધૂમાડા સાથે ક્રેશ થઈ ગયું હતું. તૂર્કિયેના સંરક્ષણ મંત્રાલયના અનુસાર, વિમાનમાં 20 સેનાના જવાનો સવાર હતા, જેમાં પાયલટ પણ સામેલ હતા. આ તમામના મોત થયા હોવાની આશંકા છે. જોકે, સત્તાવાર તેની માહિતી આપવામાં આવી નથી.

તૂર્કેયેના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ સી-130 સૈન્ય વિમાન અઝરબૈજાનથી ઉડાન ભરીને તૂર્કિયે પરત ફરી રહ્યું



હતું, ત્યારે આ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. વિમાનમાં કેટલા લોકો સવાર હતા, એ હજુ સુધી સ્પષ્ટ નથી થયું. જ્યોર્જિયાના ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, વિમાન જ્યોર્જિયાના સિગનાધી નગરપાલિકા વિસ્તારમાં અઝરબૈજાન બોર્ડર નજીક ખાબક્યું. આ દુર્ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. રાષ્ટ્રપ્રમુખ એર્દોગને કહ્યું કે, તેઓ આ દુર્ઘટનાથી ખૂબ જ દુઃખદ છે.

# રોનાલ્ડો આગામી વર્લ્ડ કપ પછી નિવૃત્તિ લેશે

## ‘હા, ચોક્કસપણે 2026 વર્લ્ડ કપ મારો છેલ્લો હશે’ : ફેન્સ ચોંક્યા



ફૂટબોલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ નિવૃત્તિ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે, 2026નો ફિફા વર્લ્ડ કપ મારો છેલ્લો હશે. આ ટુર્નામેન્ટ યુનાઇટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડામાં યોજાશે. તાજેતરની માહિતી પ્રમાણે પોર્ટુગલ યુરોપિયન ક્વોલિફાઈંગ રાઉન્ડના ગ્રુપ F માં ટોચ પર છે, અને જો તેઓ 13 નવેમ્બરે આયર્લેન્ડને હરાવે તો ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે.

રોનાલ્ડોએ જણાવ્યું છે કે, ‘જો હું 2026 વર્લ્ડ કપમાં રમે છે, તો તે તેનો છઠ્ઠો વર્લ્ડ કપ હશે.’ નોંધનીય છે કે રોનાલ્ડોની કારકિર્દીમાં લગભગ દરેક મુખ્ય ટાઇટલ શામેલ છે, પરંતુ વર્લ્ડ કપ ટ્રોફી અગમ્ય રહી ગઈ છે. તેમણે કહ્યું કે, ‘હું હવે 41 વર્ષનો થઈ રહ્યો છું, અને આ મેદાનમાંથી નિવૃત્તિ લેવાનો યોગ્ય સમય હશે.

રોનાલ્ડોએ સાઉદી અરેબિયામાં એક ફોરમ દરમિયાન વીડિયો લિંક દ્વારા બોલતા કહ્યું કે, ‘હા, ચોક્કસપણે 2026 વર્લ્ડ કપ મારો છેલ્લો હશે. હું 41 વર્ષનો થઈશ અને મને લાગે છે કે આ યોગ્ય સમય હશે. અને એક કે બે વર્ષમાં વ્યાવસાયિક ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈશ.

ઉલ્લેખનીય છે કે, રોનાલ્ડોએ ક્લબ અને આંતરરાષ્ટ્રીય સ્તરે 950 થી વધુ ગોલ કર્યા છે. તેમણે કહ્યું કે ‘હું ટૂંક સમયમાં નિવૃત્તિ લઈશ.’ ત્યારે તેનો અર્થ થાય છે, તે આગામી એક કે બે વર્ષમાં નિવૃતિ લઈ શકે છે.

# ICC વન-ડે રેન્કિંગ : વિરાટ કોહલીએ લગાવી છલાંગ, તિલક વર્માને નુકસાન

## રમ્યા વગર વિરાટ કોહલીને ફાયદો : બાબર આઝમ 2 સ્થાન નીચે સરકી ગયો

**દુબઈ**

ICC દ્વારા તાજેતરની ODI રેન્કિંગ્સ જાહેર કરવામાં આવી છે. એક સ્થાનનો ફાયદો થવાથી વિરાટ કોહલી હવે ટોપ-5 માં સામેલ થઈ ગયો છે. જોકે આ સપ્તાહ દરમિયાન ભારતીય ટીમની કોઈ વનડે મેચ ન હોવા છતાં, બાબર આઝમના નિષ્ફળ પ્રદર્શનના કારણે કોહલી અને શ્રીલંકાના ચરિથ અસલંકાને રેન્કિંગમાં લાભ મળ્યો છે. બાબર 2 સ્થાન નીચે સરકી ગયો છે, જ્યારે રોહિત શર્માએ પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

રોહિત શર્મા 781 રેટિંગ પોઈન્ટ્સ સાથે આઈસીસી રેન્કિંગમાં નંબર-1 ઓડીઆઈ બેટર છે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી વનડેમાં 73 અને ત્રીજી વનડેમાં 121 રનની અણનમ ઈનિંગ્સ રમ્યા બાદ તે થોડા અઠવાડિયા પહેલા જ નંબર-1 પર આવ્યો હતો અને આ અઠવાડિયે પણ તેણે આ સ્થાન જાળવી રાખ્યું છે. આ યાદીમાં ટોપ-4 બેટરમાં કોઈ ફેરફાર થયો નથી, જેમાં ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ 745 રેટિંગ પોઈન્ટ્સ સાથે ચોથા નંબર પર યથાવત છે. ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કોહલી 2 વનડેમાં ‘ડક’ (શૂન્ય) પર આઉટ થયો હતો, ત્રીજી મેચમાં તેણે 74 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. પરંતુ આ ઈનિંગ્સ રેન્કિંગમાં ફાયદાનું કારણ નથી, ખરેખર બાબર આઝમના ફ્લોપ શોએ તેને ટોપ-5 માં પહોચાડી દીધો.

# લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક શિડ્યૂલ જાહેર : 29 જુલાઈએ ક્રિકેટની ફાઈનલ રમાશે

નવીદિલ્હી : લોસ એન્જલસ 2028 ઓલિમ્પિકનું સંપૂર્ણ શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ 14 જુલાઈથી શરૂ થશે. 100 વર્ષ પછી ક્રિકેટ ઓલિમ્પિકમાં પરત ફરી રહ્યું છે. રમત માટેની બધી ઈવેન્ટ્સ 12 જુલાઈથી શરૂ થશે. ફાઈનલ 29 જુલાઈએ રમાશે. LA28ના CEO રેનોલ્ડ હૂવરે જણાવ્યું હતું કે ટિકિટ રજિસ્ટ્રેશન જાન્યુઆરી 2026માં શરૂ થશે. તમે કઈ મેચ જોવા માગો છો, કઈ રમતો તમારા શહેરમાં રમાશે અને કઈ ઐતિહાસિક ક્ષણો તમે ચૂકવા માગતા નથી તે નક્કી કરવાનો આ યોગ્ય સમય છે. લોસ એન્જલસ




2028 એ અત્યાર સુધીનો સૌથી મોટો ઓલિમ્પિક હશે. 36 વિવિધ રમતો રમાશે. ટુર્નામેન્ટ માટે 49 સ્થળો અને 18 ઝોન (લોસ એન્જલસ અને ઓક્લાહોમા સિટીમાં) નક્કી કરવામાં આવ્યા છે. ઓપનિંગ સેરેમની 14 જુલાઈએ અને ક્લોઝિંગ સેરેમની 30 જુલાઈએ યોજાશે.

# એશિયન આર્ચરી ચેમ્પિ.માં ભારતીય કમ્પાઉન્ડ ટીમે 2 ગોલ્ડ મેડલ જીત્યા

**ઢાકા**

ગુરુવારે ઢાકામાં ચાલી રહેલી એશિયન આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતે બે ગોલ્ડ સહિત ત્રણ મેડલ જીત્યા. ત્રણેય મેડલ કમ્પાઉન્ડ કેટેગરીમાં આવ્યા હતા. અગાઉ, જ્યોતિ સુરેખા, દીપશિખા અને પ્રીતિકા પ્રદીપની ભારતીય ટીમે મહિલા ફાઈનલમાં કોરિયાને 236-234 થી હરાવ્યું હતું.

આ ત્રણેય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને કોરિયાની પાર્ક યેરિન, ઓહ યુહ્યુન અને જંગ્યુન પાર્કને હરાવી હતી. અભિષેક વર્મા અને દીપશિખાની બનેલી કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમે ફાઈનલમાં યજમાન બાંગ્લાદેશને 153-151થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. આનાથી ભારતના પાંચ મેડલ સુનિશ્ચિત થયા, જ્યારે વધુ સાત મેડલ માટે દાવ બાકી રહ્યો. કમ્પાઉન્ડ મેન્સ ટીમ એક પોઈન્ટથી ગોલ્ડ મેડલ ચૂકી, સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો કમ્પાઉન્ડ મેન્સ ટીમ ફાઈનલમાં ભારત એક પોઈન્ટથી ગોલ્ડ મેડલ ચૂકી ગયું. કઝાકિસ્તાને ભારતને 230-229થી હરાવ્યું. ભારતીય ટીમમાં અભિષેક વર્મા, સાહિલ રાજેશ જાધવ અને પ્રથમેશ ફુગેનો સમાવેશ થતો હતો, જ્યારે કઝાકિસ્તાનની ટીમમાં દિલમુખમેત મુસા, બુન્યોદ મિર્ઝામેતોવ અને આન્દ્રે યુટ્યુનનો સમાવેશ થતો હતો.

# દિલ્હી બ્લાસ્ટને લઈને ગંભીર થયો ઈમોશનલ, ધવન-કુંબલે સહિતના ક્રિકેટરે દુઃખ વ્યક્ત કર્યું

**નવીદિલ્હી**

દિલ્હીમાં સોમવારે (10મી નવેમ્બર) સાંજે લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટથી ક્રિકેટ જગત સ્તબ્ધ થઈ ગયું હતું. લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં વિસ્ફોટ થયો હતો,જેમાં 10થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, અને 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. સમગ્ર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ ઘટનાને લઈને ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ



ગંભીર અને અન્ય ઘણાં ક્રિકેટરોએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર આ ઘટના પર પ્રતિક્રિયા આપનારા પહેલા ક્રિકેટરોમાંના એક હતા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર લખ્યું, ‘દિલ્હી વિસ્ફોટમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે મારી સંવેદના. ભગવાન મૃત્યુ પામેલા લોકોના પરિવારોને શક્તિ આપે અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું.’

પૂર્વ ભારતીય બેટર શિખર ધવને શોક વ્યક્ત કરતા ‘X’ પર લખ્યું, ‘દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું. મારી પ્રાર્થનાઓ પીડિતો અને તેમના પરિવારો સાથે છે. બધા સુરક્ષિત રહો અને પોતાનું ધ્યાન રાખો.’

# IPL મીની-હરાજી 16 ડિસેમ્બરે અબુધામીમાં યોજાશે

**દુબઈ**

જેમ મીની હરાજી એક દિવસ માટે યોજાય છે, તેવી જ રીતે ૨૦૨૬ની હરાજી પણ એક દિવસ માટે યોજાશે. ફ્રેન્ચાઈઝીઓએ ૧૫ નવેમ્બરના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં BCCIને તેમના ૨૦૨૫ સીઝનના સ્ક્વોડમાંથી રિટેન કરવા અથવા રિલીઝ કરવા માંગતા ખેલાડીઓની યાદી સબમિટ કરવી પડશે. ત્યારબાદ બોર્ડ તેમને ખેલાડીઓની રજિસ્ટર્ડ યાદી મોકલશે, જેમાંથી શોર્ટલિસ્ટ તૈયાર કરવામાં આવશે. IPL ૨૦૨૬ની મિની હરાજી પૂલ નક્કી કરવા માટે આ યાદીને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. અત્યાર સુધી, મુંબઈ ઈન્ડિયન્સ (MI) એ બે મોટા રોકડ સોદા કર્યા છે. તેમણે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) માંથી શાર્દુલ ઠાકુરને 2 કરોડ રૂપિયામાં અને ગુજરાત ટાઈટન્સ (GT) માંથી શેરફેન રૂથરફોર્ડને 2.60 કરોડ રૂપિયામાં ખરીદ્યા.

# શ્રીલંકા ટીમમાં ડરનો માહોલ : પાકિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ બાદ 8 ખેલાડીઓ પરત ફર્યા, મેચ રદ થવાની સંભાવના

## પરત ફરી રહેલા ખેલાડીઓને શ્રીલંકા બોર્ડે ધમકાવતા કહ્યું, પાછા આવ્યા તો એક્શન લઈશું

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન મુલાકાતે ગયેલી શ્રીલંકાની ટીમના આઠ ખેલાડી સુરક્ષા કારણોથી સ્વદેશ પરત ફરશે. આ નિર્ણયનું કારણ ઈસ્લામાબાદમાં થયેલા એક મોટા બોમ્બ બ્લાસ્ટને ગણાવાયું છે, જેમાં 12 લોકોના મોત થઈ ગયા અને કેટલાક ઘાયલ થયા. શ્રીલંકા ક્રિકેટના એક સૂત્રએ આ માહિતી આપી. જણાવી દઈએ કે, શ્રીલંકાની ટીમ હાલના દિવસોમાં પાકિસ્તાનના પ્રવાસે છે અને ત્રણ મેચોની વનડે સીરિઝ રમી રહી છે. પહેલી મેચ રમાઈ ચૂકી છે અને બીજી મેચ ગુરૂવારે રમાવાની હતી. શ્રીલંકાની ટીમ ત્રણ મેચોની વનડે સીરિઝ બાદ પાકિસ્તાન અને ઝિમ્બાબ્વેની સાથે ત્રિકોણીય સીરિઝ પણ રમવાની હતી. જોકે, હવે ટીમના આઠ ખેલાડીઓએ સ્વદેશ પરત ફરવાનો નિર્ણય લીધો છે. એસએલસીના સૂત્રોના અનુસાર, જે ખેલાડી સ્વદેશ પરત ફરી રહ્યા છે, તેમની જગ્યાએ નવા ખેલાડીઓને મોકલવામાં આવશે. શ્રીલંકા ક્રિકેટ બોર્ડે ખેલાડીઓના પરત ફરવાના નિર્ણયને નકારી કાઢ્યો છે. SLCએ તેના નિવેદનમાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે બોર્ડના આદેશનો ભંગ કરીને જો કોઈ ખેલાડી કે સ્ટાફ પાકિસ્તાન છોડશે, તો તેમની સામે ઔપચારિક સમીક્ષા કરીને શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. એટલે કે, જે ખેલાડીઓ પાકિસ્તાનમાંથી ભાગશે, તેમને શ્રીલંકા પરત ફર્યા બાદ બોર્ડના કડક પગલાંનો સામનો કરવો પડી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લાહોરમાં 2009માં શ્રીલંકાની ટીમની બસ પર આતંકવાદી હુમલો થયો હતો, જેમાં અનેક ખેલાડીઓ ઘાયલ થયા હતા અને પાકિસ્તાની સુરક્ષા કર્મીઓના મોત થયા હતા. આ હુમલા બાદ વિદેશી ટીમોએ અંદાજે એક દાયકા સુધી પાકિસ્તાનનો પ્રવાસ નહોતો કર્યો અને પાકિસ્તાને પોતાની ડોમેસ્ટિક મેચ UAEમાં રમવી પડી હતી.

















### હિન્દુ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓની જાળવણી માટે પ્રશંસનીય પ્રયાસ

# ચેપલ રિજ અને નોર્થ ટોરોન્ટો દ્વારા નવું સ્મશાનગૃહ શરૂ કરાયું

**150 લોકો સુધી બેસી શકે તેવો સુંદર પ્રાર્થના ખંડ અને અગ્નિસંસ્કાર માટે વિશેષ સુવિધા ઉપલબ્ધ : વેસ્ટ ટોરોન્ટો, મિસિસાગા, બ્રામ્પટન અને આસપાસના પરિવારોને સેવા માટે મિસિસાગામાં સેન્ટ જોન્સ ડિક્સી સ્મશાનગૃહના સંચાલનમાં પણ ચેપલ રિજનો સહયોગ**


**ટોરોન્ટો**

ગત ૮ નવેમ્બર, ૨૦૨૫ - ચેપલ રિજ ફ્યુનરલ હોમ અને તેના નવા સ્મશાનગૃહ - ગોર્મલી (હાઈવે ૪૦૪ અને સ્ટૌફવિલે રોડ) ખાતે ઉત્તર ટોરોન્ટો સ્મશાનગૃહ દ્વારા ૮ નવેમ્બર, શનિવારના રોજ દક્ષિણ એશિયન સમુદાય માટે એક ખાસ કાર્યક્રમ આયોજિત કરાયો હતો. પ્રવાસ અને સમારોહ માટે ૧૮ મંદિરો અને વરિષ્ઠ નાગરિકોના સંગઠનોનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું, જેમાં તે સંગઠનોને નાસ્તો અને દાન આપવામાં આવ્યા હતા. નવું નોર્થ ટોરોન્ટો સ્મશાનગૃહ દક્ષિણ એશિયન સમુદાયની હિન્દુ પરંપરાઓની જાળવણી માટે ડિઝાઈન સાથે બનાવવામાં આવ્યું હતું. જેમાં 150 લોકો સુધી બેસી શકે તેવો સુંદર પ્રાર્થના ખંડ અને અગ્નિસંસ્કાર માટે




સુવિધા છે. સમગ્ર GTAના મંદિરોએ નવી "એવરીથિંગ ઈન વન પ્લેસ" નોર્થ ટોરોન્ટોના સ્મશાન સુવિધાનો ઉપયોગ શરૂ કરી દીધો છે, જે તેની સુંદરતા અને હિન્દુ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓ પ્રત્યે સંવેદનશીલતાને ધ્યાનમાં લે છે. ચેપલ રિજ વેસ્ટ ટોરોન્ટો, મિસિસાગા, બ્રામ્પટન અને તેનાથી આગળના પરિવારોને સેવા આપવા માટે મિસિસાગામાં સેન્ટ જોન્સ ડિક્સી સ્મશાનગૃહ સાથે પણ ભાગીદારી કરે છે. ડિક્સી ચેપલમાં 250 લોકોનો સમાવેશ થાય છે અને તેમાં સાઈટ પર સાક્ષી સેવાઓ, સાક્ષી અને અગ્નિસંસ્કારની સેવાઓ ઉપલબ્ધ છે.

નવા સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર માટે અથવા અગાઉથી વ્યવસ્થા કરવા માટે ચેપલ રિજને 905-305-8508 ઉપર કૉલ કરવા અપીલ કરાઈ છે.

# અમદાવાદમાં ૧૮ લાખની સનસનીખેજ લૂંટ પૂર્વ-આયોજિત કાવતરું હોવાની ઉઠેલી શંકા

**અમદાવાદ**

અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વંદે માતરમ પાર્ટી પ્લોટ પાસે બુધવારે બપોરે એક સનસનાટીભરી લૂંટનો બનાવ બન્યો છે. સ્ટીલ-લોખંડના બ્રોકર પાસેથી અજાણ્યા શખ્સો રૂ.૧૮ લાખ રોકડા લૂંટીને ફરાર થઈ ગયા હતા. ધોળે-દહાડે બનેલી આ ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ઘટના પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર પાસે બની હતી. ફરિયાદી સ્ટીલ-લોખંડની દલાલીનો ધંધો કરે છે, તેઓ સીજી રોડ પરથી પોતાના ધંધાના નાણાંની ઉઘરાણી કરીને પરત ફરી રહ્યા હતા. તેમણે આ રોકડ રકમ પોતાની કારની ડિકીમાં મૂકી હતી. જ્યારે તેઓ વંદે માતરમ વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે એક બાઈકસવારે તેમની કારને આંતરી હતી અને તેમની સાથે તકરાર શરૂ કરી હતી. આ ઝઘડા દરમિયાન, બાઈકસવારે કથિત રીતે કારની ચાવી ઝૂંટવી લીધી અને તેને રસ્તા પર આગળ ફેંકી દીધી હતી.

ફરિયાદી ચાવી લેવા માટે જેવા કારમાંથી બહાર નીકળ્યા, તે જ સમયે બીજી મોટરસાયકલ પર બે વધુ સાગરીતો ત્યાં પહોંચી ગયા હતા. આ શખ્સોએ કારની ડિકીની અંદર રાખેલી રોકડ ભરેલી બેગ લઈને પળભરમાં ફરાર થઈ ગયા હતા. વેપારીએ તાત્કાલિક શાહેરકોટડા પોલીસ સ્ટેશને દોડી જઈ સમગ્ર ઘટનાની ફરિયાદ નોંધાવી હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, લૂંટારુઓ વેપારીની હિલચાલ પર નજર રાખી રહ્યા હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગે છે, આ લૂંટ પૂર્વ-આયોજિત હતી.

# ગુજરાતની નવી ઓળખ, અંબાજી વિસ્તારના માર્બલને મળ્યો GI Tag

**બનાસકાંઠા**

જિલ્લાના પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ તરીકે પ્રસિદ્ધ અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થા માટે જ નહીં, પરંતુ તેની ધરતીમાંથી નીકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ વિશ્વમાં આગવી ઓળખ મેળવી છે. અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે "ભૌગોલિક સંકેત" તરીકે માન્યતા આપી છે.

આથી અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે. આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે. અંબાજી માર્બલ માટેની આ નોંધણી Ambaji Marbles Quarry and Factory Associationના નામે કરવામાં આવી છે. જેમાં Stone Artisan Park Training Institute (SAPTI), Commissioner of Geology and Mining, અને Collector, Banaskanthaની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ સાથે જ બજારમાં માર્બલની કિંમત ઊંચી મળવાની આશા બંધાઈ છે. આગામી દિવસોમાં સ્થાનિક ઉદ્યોગને લાભ થઈ શકે છે.

# અમદાવાદમાં ઇન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલનો CMના હસ્તે આરંભ

**અમદાવાદ**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આજથી ભવ્ય ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫'ની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું હતું. રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય બુક ફેસ્ટિવલનું આયોજન પણ કરવામાં આવ્યું છે, ઝર ભૂપેન્દ્ર પટેલના હસ્તે બુકફેર ખુલ્લો મૂકાયો છે અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન હાજર રહ્યાં છે, ૨૩ નવેમ્બર સુધી બુક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ચાર દિવસ ફૂડ ફેસ્ટિવલ ચાલશે અને રૂપિયા ચૂકવીને તેમાં પ્રવેશ મેળવી શકાશે તેવી વાત સામે આવી છે, ખાવા-પીવાના અલગ-અલગ સ્ટોલ પણ મૂકવામાં આવ્યા છે જેમાં ક્યુઆર સ્કોડ મારફતે પેમેન્ટ કરીને જમી શકાશે તેમજ ઓનલાઈન વેબસાઈટ બુક માય શો ઉપર ટિકિટ બુકિંગ કરાવી શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ ફેસ્ટિવલના મેનુ અને પ્રોગ્રામની માહિતી માટે ઊઈ કોર્ડ જાહેર કર્યો છે જે સ્કેન કરવાથી ફૂડનું મેનું અને ભાવ મળી રહશે.

# ગુજરાતમાં 'મોબાઈલ ક્રાઈમ'નો ખતરો વધ્યો સુરત આખા રાજ્યમાં 'માલવેર કેપિટલ' બન્યું

## છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં 38.15 લાખ માલવેર ડિટેક્શન નોંધાયા

**અમદાવાદ**

ડેટા સિક્યોરિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને સિક્રાઈટના "ધ ઈન્ડિયા સાયબર થ્રેટ રિપોર્ટ ૨૦૨૫' મુજબ સાયબર ગુનેગારો માટે હવે સ્માર્ટફોન સૌથી હોટ ટાર્ગેટ છે.રિપોર્ટ મુજબ સુરત ભારતમાં માલવેર કેપિટલ તરીકે ઉભરી આવ્યું હતું, જે રાષ્ટ્રીય ડિટેક્શનના ૧૪.૬ ટકા અને પ્રતિ ઉપકરણ ૬૯.૩ ધમકીઓ મળી હતી. જ્યારે અમદાવાદ, પ્રતિ ઉપકરણ ૩૮.૯ ડિટેક્શન સાથે સાતમા ક્રમે હતું. સૂત્રો મુજબ, "ઈન્ફોસ્ટીલર'" માલવેર, વોટ્સએપ અથવા SMS દ્વારા ફેલાય છે, જે બેંકો અથવા સરકારી વિભાગો તરફથી આવતા હોય તેવું લાગે છે. પીડિતોને ઘણીવાર કહેવામાં આવે છે કે તેમને કોઈ ઈનામ મળવાનું છે અથવા તેમણે દંડ ચૂકવવો પડશે અને તેમને એક APK ડાઉનલોડ કરવા માટે પ્રેરવામાં આવે છે. એકવાર ઈન્સ્ટોલ થઈ ગયા પછી, આ એપ SMS મેસેજના એક્સેસની માંગ કરે છે, જેનાથી તે વન-ટાઈમ પાસવર્ડ્સ અને બેંકિંગ નોટિફિકેશનને ઈન્ટરસેપ્ટ કરી શકે છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ૩૮.૧૫ લાખ માલવેર ડિટેક્શન નોંધાયા છે - જે ભારતમાં ચોથો સૌથી વધુ આંકડો છે. સિક્રાઈટ અને ક્વિક હીલ એન્ટિવાયરસ સોફ્ટવેર દ્વારા મોનિટર કરાયેલા ૮.૪૪ મિલિયન ઉપકરણોમાંથી, દર ત્રણમાંથી એકમાં માલવેર જોવા મળ્યો હતો. જાસૂસી અને રેન્સમવેર માટે ઉપયોગમાં લેવાતું Rafel RAT વધુ આગળ વધે છે.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, thishome features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with potlights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large islandand direct access to a private balcony ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in readjust unpack and enjoy!



Thousands spent $$$. Rarely do you find a Legal basement, two-bedroom apartment with an ensuite laundry. Large deep backyard. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Property is tenanted, please be respectful and be on time, or call to rebook the showing.



Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

Chapel Ridge
Funeral Home & Cremation Centre

in partnership with

North Toronto
Crematorium Inc.




Vilo
Licensed Funeral Director
(416) 993-0826

Harjinder
Licensed Funeral Director
(647) 966-0093

Christeen
Licensed Funeral Director
(416) 258-6759

Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

Complete Funeral Package Pricing $4395.00 Includes HST
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga




2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288